# ગવહરે રેહેમત

હઝરત ઈમામ સુલતાન
મુહમ્મદશાહ (અ. સ.) ના
મુબારક ફરમાનો

પ્રકાશક :

ઇસ્માઇલીયા એસોસીએશન ફોર ઇન્ડીયા
મુંબઇ ૪૦૦ ૦૦૯.

# ગવહેરે રેહેમત

હઝરત ઈમામ સુલતાન
મુહમ્મદશાહ (અ. સ.)ના
મુબારક ફરમાનો

: પ્રકાશક :
ઈસમાઈલીયા એસોસીએશન ફોર ઈન્ડીયા
મુંબઈ ૪૦૦૦૦૯

# પ્રસ્તાવના

આપણા પરમ પ્રતાપી ૪૮ મા ઈમામ હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ૭૨ વરસના લાંબા ઈમામતકાળ દરમિયાન જગતભરના ઈસમાઈલીઓની ઉન્નતિ અને કલ્યાણ માટે સંખ્યાબંધ મુબારક ફરમાનો ફરમાવ્યા હતા. આપ નામદારે આપણી રૂહાની ઉન્નતિ માટે જેમ અનેક ફરમાનો ફરમાવી હિદાયત આપી તેમ આપણી દુન્યવી બહેતરી માટે પણ ફરમાનો ફરમાવ્યા. શિક્ષણ, આરોગ્ય, ક્ષેત્ર એવું નથી જે માટે આપ નામદારે દોરવણી ન આપી હોય. આપની દોરવણી અને હિદાયતના પ્રતાપેજ પોણી સદી દરમિયાન જગતભરના ઈસમાઈલીઓએ રૂહાની અને દુન્યવી જીવનમાં કલ્પનાતીત પ્રગતિ કરી.

હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) નો મુબારક જન્મ તા. ૨ જી નવેમ્બર ૧૮૭૭ ના કરાંચી ખાતે થયો હતો. અને જ્યારે આપની વય ૭ વરસ અને ૯ મહિનાની હતી ત્યારે એટલે તા. ૧૭ મી ઓગસ્ટ ૧૮૮૫ના આપશ્રી ઈમામતની ગાદીએ બિરાજમાન થયા. એ દિનથી તા. ૧૧ મી જુલાઈ ૧૯૫૭ સુધી એટલે જે દિને આપે જીનીવા ખાતે જેમો સિફાર્યો તે દિન પર્યંતની આપના જીવનની સઘળી ક્ષણો અને પુરો સમય આપે આપના વહાલ રૂહાની ફરજંદોની ઉન્નતિ માટે આપ્યો. આ પુસ્તિકા જ્યારે પ્રગટ થઈ રહી છે ત્યારે હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) ના મુબારક જન્મને લગભગ એકસો વરસ પુરા થયા છે.

હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ જગતના જુદા જુદા દેશોમાં પોતાના વહાલા રૂહાની ફરજંદોને જે મુબારક ફરમાનો ફરમાવ્યા તેના સંગ્રહો વખતોવખત તે વખતની રીક્રીએશન ક્લબ અને આજની ઈસમાઈલીઆ એસોસીએશન ફોર ઈન્ડિયા તરફથી પ્રગટ થતા રહ્યા. આ પછી ૧૯૫૦ માં ઈસમાઈલીઆ એસોસીએશન ફોર ઈન્ડિયાના તે વખતના પ્રેસીડેન્ટ વઝીર ગુલામ-હુસેન એસ. થાવરભાઈના પ્રયાસોથી અને તે સમયના પીઢ મિશનરી સાહેબોના સહકારથી 'કલામે ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) ના તે સમય સુધીના મળી શક્યા તેટલા સઘળા મુબારક ફરમાનો પ્રગટ કરવામાં આવ્યા. 'કલામે મુબીન'ના આધારે પાકિસ્તાનની ઈસમાઈલીઆ એસોસીએશને 'ગવહરે રહેમત'નું પ્રકાશન કર્યું જેને હિંદના ઈસમાઈલીઓ માટે ઇસમાઈલીઆ એસોસીએશન ફોર ઈન્ડિયાએ પુન પ્રકાશન કરેલ છે.

ઈમામના મુબારક ફરમાનો હિદાયતનો સદા પ્રકાશિત દિવ્ય ચિરાગ છે, અને તેનું સાચું અર્થઘટન મોમિનને સુખના સર્વોચ્ચ શિખરે પહોંચાડે છે.

મુંબઈ,
૩૧ મી જુલાઈ ૧૯૭૬

**જુસબઅલી એ. પ્રધાન**
પ્રેસીડેન્ટ,
ઈસમાઈલીઆ એસોસીએશન ફોર ઈન્ડિયા.

# અનુક્રમણિકા

## (દીની વિભાગ)


| વિષય | પાનું |
|---|---|
| ૧ ઇમામત | |
| નુરન અલ્લાહ નુર | ૭ |
| વખત પ્રમાણેની હિદાયત | ૯ |
| ઉલિલ અમ્ર મિન્કુમ | ૧૧ |
| અમી દૃષ્ટિ | ૧૩ |
| ૨ ઇમાન | ૧૮ |
| ૩ ઇશ્કે હકીકી | ૨૨ |
| ૪ ફરમાનબરદારી | ૨૭ |
| ૫ દુઆ | ૩૪ |
| ૬ જમાતખાનાની હાજરી | ૩૭ |
| ૭ ઇબાદત | ૪૧ |
| ૮ ધાર્મિક ક્રિયાઓ | |
| કાંગવો | ૪૫ |
| આબે શફા | ૫૦ |
| છાંટા | ૫૨ |

| વિષય | પાનું |
|---|---|
| હસ્તબોસી | ૫૨ |
| ૯ સતપંથ | ૫૩ |
| ૧૦ દુનિયા અને આખરત | ૫૬ |
| આખરતના મેવા | ૬૩ |
| આખરતનો સબક | ૬૬ |
| ૧૧ કયામત | ૭૦ |
| ૧૨ મોમનના લક્ષણો | ૭૪ |
| ૧૩ નેક આમાલ | ૭૮ |
| આમાલથી ઈમામની મજબુતી | ૮૦ |
| બાતુની જુસ્સો | ૮૨ |
| વાવસો તેવું લણશો | ૮૪ |
| ૧૪ દીની તાલિમ | ૮૭ |
| ૧૫ ઈસ્લામી ભાઈચારો | ૯૭ |
| ૧૬ પંજેભાઈઓ | ૧૦૦ |
| ૧૭ ખિદમત | ૧૦૩ |
| ૧૮ વાએઝીન | ૧૦૫ |
| ૧૯ ખિદમતગારો ઉપર નવાઝિશ | ૧૧૨ |
| ૨૦ પધરામણી મુબારક | ૧૧૬ |

# ફરમાન મુબારક

## વિષય : ઈમામત

### ૧. નુરૂન અલા નુર

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું,

જમાત પાસે અમે મુર્તઝાઅલીનું નુર હાઝર નાઝર બેઠા છીએ. તેથી તમારે સાચું યકીન રાખવું જોઈએ. અમે આ દુનિયામાં જામા પહેરીએ છીએ અને ઉતારીએ છીએ પણ, અમારૂં નુર અનાદી કાળથી 'એકજ નુર' ઉતરતું આવે છે, તેથી તમારે એકજ નુરને જોવું જોઈએ. આકા અલીશાહ અને અમારા દાદા તથા તેઓના વડવાઓમાં એકજ અલીનું નુર હતું અને અમારામાં પણ તેજ નુર ઉતરી આવેલું છે, અમે તેમના ગાદી વારસ છીએ. નુર હમેશાં હાઝર નાઝર છે, ફક્ત નામો જુદા જુદા હોય છે. મૌલા મુર્તઝાઅલીની ગાદી કાયમ છે અને કયામત સુધી કાયમ રહેશે.

મુંબઈ, ૮-૯-૧૮૮૫

નબી મુહમ્મદ સ. અ. વ. અગાઉ, મૌલા મુર્તઝા-અલી કુલ (સઘળા) નબીઓની સાથે બાતિનમાં હતા અને

હ. નબી મુહમ્મદ મુસ્તફાના વખતમાં જાહેરમાં સાથે હતા.

મુંબઈ, ૧૫-૧૦-૧૮૮૫

પયગમ્બરે ફરમાવ્યું છે કે, અમે ખુદાના રસુલ છીએ અને અમારા વસી તે મૌલા અલી છે. જેના અમે મૌલા છીએ, તેના અલી મૌલા છે.

મુંબઈ, ૧૪-૪-૧૮૯૩

જેમ આકા શાહ હસનઅલી અને નાકા અલીશાહ દાતાર હતા, તેમ અમે ઈમામ રૂપે તમારી પાસે છીએ. તમે હંમેશા દીનની કીતાબો પડશો તો માલુમ પડશે કે, ઈમામની ગાદી હમેશાં કાયમ અને દાયમ ચાલતી આવે છે.

સુરત, ૧૨-૧૦-૧૯૦૩

તમારો જુનો મઝહબ ભુલી નહિં જતા. તળાવના કાંઠા બદલાય છે, પણ પાણી બદલાતું નથી. નદીનું પાણી વહેતું છે. ઈમામતનો સિલસિલો બંધ પડતો નથી, ચાલુજ રહે છે.

મુંબઈ, ૯-૨-૧૯૩૬

ઈમામની જ્યોત એકજ છે, તેના સ્વરૂપો જુદા જુદા હોય છે. જેમ કે લાઈટના બલ્બ, લાલ, પીળા, લીલા રંગના હોય છે. પરંતુ લાઈટ એકજ છે. તત્વ એનું એજ છે. સ્વરૂપો જુદા જુદા છે.

કરાચી, ૭-૨-૧૯૫૧

## ૨. વખત પ્રમાણેની હિદાયત

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું,

જે ઈમામનો વારો હોય તેના ફરમાન ઉપર ચાલશો તો તમોને ફાયદો થશે....અમે અત્રે આવેલા છીએ તે તમારો સુધારો કરવા તથા તમારા જીવનો છુટકારો કરવા આવ્યા છીએ.

જંગબાર, ૩૦-૭-૧૮૯૯

તમે તમારા ઇસ્માઈલી મઝહબ ઉપર મઝબુત રહો, જો તમે દીનના ઇલમ; ગિનાનમાં હોશીયાર થયા હો, જો તમે ફિલસુફી બરાબર જાણતા હો, અને જો તમે પોતે પણ જાતે હિંમતવાળા હોશીયાર હો તો આ સતપંથ એવો ઉત્તમ છે કે તમે કોઈની પણ બાજી ખાશો નહિ....

અણસમજુ માણસો એટલો પણ ખ્યાલ કરતા નથી કે, જ્યારે હ. મૌલા મુર્તઝાઅલી આ દુનિયા જાહેર રીતે છોડી ગયા ત્યારે ઇમામતની ગાદી હઝરત ઇમામ હુસૈનને ઇનાયત કરી ગયા હતા, એ પ્રમાણે પેઢી દર પેઢી ઇમામો દીનનો રસ્તો દેખાડવા માટે પોતાની ગાદી ચલાવનારા ઇમામ નીમતા જાય છે.

જે લોકો ખુદાવંદના મોમન છે, તેમને બૈઅત કરાવવાને ઇમામ પોતાના વારસ નીમી જાય છે. મોમનોને વાજબ છે

કે તેઓએ તે ગાદ્દીવારસના ફરમાન માનવા જોઈએ.

કચ્છ મુંદ્રા, ૨૨-૧૧-૧૯૦૩

જો વગર ઈમામે આ દુનિયા ચાલે તેવું હોત તો હઝરત મૌલા મુર્તઝાઅલી પોતાના હાથે પોતાની ગાદ્દીના વારસ મુકરર કરી જતેજ નહી. ફક્ત કિતાબ કુરઆન બસ હોત તો ઈમામને બેસાડત નહિ અને જ્યારે જામો સીફારવામાં આવ્યો ત્યારે તે જામો મુર્તઝાઅલી પોતાની સાથે જ લઈ ગયા હોત પણ જેમ તમો જુઓ છો તેમ એ વાત બિલકુલ મનાતી નથી.

વખતો વખત જેમ જેમ કાળ બદલાતો જાય છે તેમ તેમ કંઈક પણ નવીન ચીજો બનતી જાય છે. નવી નવી બીનાઓ પ્રગટ થાય છે. જુદ્દી જુદ્દી મુશ્કેલીઓ પેદા થાય છે. દુનિયા પણ બદલતી રહે છે, હજાર વર્ષ ઉપર દુનિયા કેવી હતી? આજે કેવી છે? અને હજી બીજા કેટલાક વર્ષ પછી દુનિયા કેવી બદલાઈ જશે? દુનિયામાં અવાર-નવાર મોટા ફેરફાર થતા રહે છે. તેથી હરેક જમાનામાં હરેક જમાનાના ઈમામ હાઝર હોય છે તે બદલાયેલા વખતમાં તમારે શું કરવું તથા કેમ ચાલવું તે બાબતના ફરમાન કરે છે, વખત પ્રમાણે તમોને શું કરવું લાજમ છે, તે તમને ફરમાવે છે.

આ વખતે અમારા ફરમાન કંઇ છે અને બીજા કેટલાક વર્ષ પછી અમારા ફરમાન કાંઈ જુદ્દાજ હશે આખી દુનિયા

બદલાઈ જશે.

હરેક જમાનામાં જે ઈમામ હાઝર હોય. તે જે ફરમાન કરે તે પાળવા તમને લાઝમ છે. વખત બદલાય છે તેમ ફરમાન પણ બદલાય છે. આ સર્વે બાબતોનો તમે વિચાર કરશો તો તમે કદી પણ કોઈના ફરેબમાં આવશો નહિં.

કચ્છ મુંદરા, ૨૨-૧૧-૧૯૦૩

◈

દુનિયા એવી છે કે જ્યાં હાઝર ઈમામની હસ્તી જરૂર હોવી જોઈએ, ખાનાવાદાન.

દારેસ્સલામ, ૪-૨-૧૯૩૭

◈

## ઉલુલ અમ્ર મિન્કુમ

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું,

જગતભરના ઈસ્માઈલીઓની નવી પેઢી ઈમામી ઈસ્માઈલીઝમની બુનિયાદને સમજે એ પહેલાં કરતાં આજે ઘણું વધારે જરૂરી છે. જેઓ હઝરત અલી (અ. સ.)ને પયગમ્બર (સ. અ. વ.)ના સાચા વારસદાર ઉલુલ અમ્ર મિન્કુમ તરીકે માને છે તેઓએ જે કારણસર તેઓ હઝરત અલી (અ. સ.)ની બાબતમાં સ્વિકારે છે તેજ કારણસર તેના હકદાર વંશપરંપરાગત ઈમામતના સિલસિલાના સિદ્ધાંતને સ્વિકારવો જોઈએ.

ઈમામી ઈસ્માઈલીઓની એ માન્યતા છે કે ઉલુલ

અસ્ર સિનકુમની હસ્તી ક્યારેય પણ ખતમ થતી નથી અને આ સિલસિલો જગત ઉપર કયામતના દિવસ સુધી ચાલુ રહેનાર છે. આ કારણસર જેવી રીતે ઈસ્માઈલીઓ દરેક સમયમાં ઈમામતની દરેક રૂહાની તખ્તનશીનીની ઉજવણી કરે છે, તેવીજ રીતે તેઓ અસાધારણ લાંબી ઈમામતની પણ ઉજવણી કરે છે.

હાલની ઈમામતના સમયમાં, હઝરત અલી (અ. સ.)એ પયગમ્બર (સ. અ. સ.)ની વફાત સમયે અને તે પછીનાં ત્રીસ વરસો દરમ્યાન કરેલું હતું, તેજ પ્રમાણે અમોએ શીયા અને સુન્ની સિદ્ધાંતો વચ્ચેના છેવટના સમાધાનને ખુલ્લી રીતે જાહેર કરેલ છે. પહેલા ત્રણ ખલિફાઓની રાજદ્વારી અને દુન્યવી ખિલાફતનો સ્વિકાર હઝરત અલી (અ. સ.)એ જગતભરના મુસ્લિમોના હિતોના રક્ષણ માટે સ્વેચ્છાએ અને શુભેચ્છા સહિત કર્યો હતો.

આવીજ ભાવના સાથે અમો ઈસ્માઈલીઓ પહેલા ત્રણ ખલિફાઓની ખિલાફતને અને જેમણે ઈસ્લામના ઉદ્દેશને મદદ કરી છે તેવા છેલ્લા તેરસો વરસ દરમ્યાન થઈ ગયેલા બીજા ખલિફાઓની ખિલાફતનો રાજદ્વારી સામાજીક અને દુન્યવી દ્રષ્ટિબિંદુથી સ્વીકાર કરીએ છીએ. બીજી બાજુ રૂહાની ઈમામત હઝરત અલી (અ. સ.) સાથે રહી હતી અને કયામતના દિવસ સુધી તેમના સીધા વંશજો સાથે હંમેશા જીવંત રહેનાર છે. કુરઆને શરીફ પ્રમાણે, દરેક વખતે ઈમામતની રૂહાની ગાદી ઉપર આવનાર ઈમામજ

ઉલીલ અમ્ર મિન્કુમનો રૂત્બો મેળવે છે અને નૈતિક રીતે ખિલાફત ઉપર પણ તેમનો જ હક્ક હોવા છતાં દુન્યવી સંજોગોને લક્ષમાં રાખીને હઝરત અલીની માફક ઈમામ હંમેશા પોતાની દ્રષ્ટિએ જે દુન્યવી સત્તાઓ ઈસ્લામના હિતમાં મદદરૂપ હોય છે તેઓનો સ્વિકાર કરી તેમને સહાયતા આપી શકે છે. આવી રીતે તમામ ઇસ્માઈલીઓની મઝહબી માન્યતા તરીકે સુન્ની કે શીયા કોઈના પણ સિદ્ધાંતને ઉલ્ટાવ્યા વગર અમારા તરફથી આવી રીતના છેવટના સમાધાનની જાહેરાત કરવામાં આવી છે.

મુબારક સંદેશો–"ઇસમાઈલી"

## અમિ દ્રષ્ટિ

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું,

તમે અમને એક કતરો ચાહો છો તો અમે તમને સો કતરા ચાહીએ છીએ. અમે તમો જમાતને ઘણું ઘણું ચાહીએ છીએ. દુનિયા તથા આખરતમાં તમારુ ભલું થાય એવી અમારા દિલની ઘણી ચાહના છે.

જંગબાર, ૧૧-૯-૧૮૯૯

અમે રાત દિવસ તમારા જ વિચારમાં છીએ.

અમે સઘળે ઠેકાણે જઈએ છીએ તે તમારા ફાયદા

વાસ્તે જ જઈએ છીએ.

જંગબાર, ૧૩-૯-૧૮૯૯

લોહીના સંબંધે કરી આ દુનિયામાં જેવી રીતે ઔલાદ પ્યારી છે, તેવીજ રીતે રૂહના સંબંધ તરીકે તમે અમારી રૂહાની ઔલાદ અમને પ્યારા છો. ઇન્સાનના બદનમાં લોહી નજીક છે, રૂહ તેથી પણ વધારે નજીક છે. એ પ્રમાણે લોહીના સંબંધવાળા કરતાં જે કોઈ અમારી રૂહાની ઔલાદ છે, તે અમને વધારે નજીક છે.

કરાંચી, ૬-૫-૧૯૨૦

તમે અમારા રૂહાની ફરઝંદો છો, તમે અમારા નુરે ચશ્મ છો.

સુરત, ૧૨-૧-૧૯૧૩

પિતા પોતાના ફરઝંદનો ફાયદો ઇચ્છે છે, તે કરતાં પણ વધારે અમે તમારો ફાયદો ઇચ્છીએ છીએ.

જંગબાર, ૧૬-૯-૧૮૯૯

તમારા માલમાં, તમારી ઔલાદમાં તથા તમારા બધા નેક કામોમાં બરકત હોજો! ખુદાવંદ તમોને ઘણીજ બરકત આપો. ઇન્શાઅલ્લાહ હાલ જેમ તમે અમને વિંટળાઈને ઊભા છો, તેમ પેલી દુનિયામાં પણ તમે અમારી નજીક હો એવી અમો તમો જમાતને દુઆ આશિષ ફરમાવીએ

છીએ. તમારા દિલમાં મહોબ્બત વધારતા રહો અને તમારું ઇમાન મજબુત રાખો.

મંજેવડી, ૨-૧૧-૧૯૦૩

◆

અલહમ્દુલિલ્લાહ આજે શંભાના દિવસે, આસમાન, ઝાડ અને વરસાદની નીચે અમે તમારી મુલાકાત લીધી છે, તમે જીવો ત્યાં સુધી એવીજ રીતે રહેજો. ખુદા ન કરે અને તમારા સો વર્ષ પુરા થયા ત્યારે એવીજ રહેમતનો વરસાદ, એવોજ બાગ, એવાજ સ્થળે રહેશો.

જંગબાર, ૨૦-૨-૧૯૨૫

◆

રાતદિન અમારા વિચારો તમારી સાથે છે અને જો કે, આ દુનિયામાં દુઃખ અને ગમ ક્યારેય અંત પામતા નથી અને દરેક જણને દુઃખ અને ગમનો પ્રમાણિક હિસ્સો ભોગવવોજ પડશે, છતાંય અમારી એ દુઆ છે કે તમને ઓછો બોજો પડે અને તમારા રૂહાની પિતા પ્રત્યેની મોહબ્બત અને ઇમામ પ્રત્યેની વફાદારીને કારણે તમો સઘળા સુખ મેળવો. વળી અમો દુઆ કરીએ છીએ અને અમારા દુઆ આશિષ ફરમાવીએ છીએ કે પેલી દુનિયામાં ખુદાવંદી શાંતિ સદાય તમારી સાથી હો. પેલી દુનિયામાં તમો હંમેશા, રાતદિવસ, પ્રત્યેક ઘડીએ ઇમામના હકીકી દિદાર સાથે હો. અમર શાંતિ અને સુખ મેળવો કે જે માત્ર પેલી દુનિયાજ આપી શકે છે. અહિં માટે આપણને હંમેશાં યાદ રાખવું

જોઈએ કે સઘળા ઉત્તમ દુઆ–આશિષો છતાં આ દુનિયા પરથી દુઃખ અને ગમ કદી નાબુદ થઈ શકયાં નથી. ફરી એક વાર, બન્ને જહાન માટે અમે અમારા દુઆ–આશિષો અને પ્યારભરેલા વિચારો મોકલીએ છીએ અને તમારી સુખ શાંતિ મટે દરેક દુઆઓ મોકલીએ છીએ.

આફ્રિકા જમાત ઉપર સંદેશો, ૧૯૪૯

યાદ રાખો કે અમો તમારા રૂહાની પિતા અને માતા તમો સઘળાઓને જેટલા ચાહીએ છીએ તે કરતાં વધારે કોઈ પણ દુન્યવી પિતા અને માતા ચાહી નજ શકે, તેથી બન્ને જહાનમાં એટલે કે આ અને બીજી દુનિયામાં તમારી ઉન્નતિ થાય એ જોવાને અમોને નિરંતર વિચારો રહ્યા કરે છે અને અમારે તમને હમેશા બદફેલીઓ અને આફતો સામે ચેતવણી આપવીજ જોઈએ.

પુના, ૧૫–૧૨–૧૯૪૫

અમારા દિલમાં મુળ એ વાત છે કે, જે કામમાં તમારો ફાયદો હોય તે અમે કરીએ. તમારું ભલું થાય એનો વિચાર કરીને અમે ફરમાન કરીએ છીએ.

જંગબાર, ૧૬–૯–૧૮૯૯

તમે અમને એક વસો ચાહો છો તો અમે તમને સો વસા ચાહીએ છીએ. જો તમે સાચા યકીનથી ચાલશો

તો તમો કયામતના દિવસે અમારા છત્ર નીચે હુશો.

જંગબાર, ૨-૯-૧૮૯૯

ઈન્શાઅલ્લાહ પેલી દુનિયામાં પણ તમે અમારી સાથે હુશો. અમો જ્યારે તમને જોઈએ છીએ ત્યારે ફૂલ જોઈએ છીએ. બાગમાં એક નહિ પણ અનેક ફૂલ થાય છે તેમ અમે તમને ઘણી જાતના ફૂલ જોઈએ છીએ. તમે દિલમાં ચોક્કસી કરો કે કાંટા વગરના ફૂલ થાઓ. તમે એવા થાઓ કે તમારામાં કંઈ એબ ન હોય. તમે કાંટાવાળા ફૂલ ન થતા કે કોઈ પણ હાથ લગાડે તો કાંટા ખુચી જાય. વગર કાંટાવાળા ફૂલ હિંમતથી થવાય છે.

મંજેવડી, ૩-૧૧-૧૯૦૩

અમે તમારી ઉપર ઘણી મહોબ્બત રાખીએ છીએ. તમે અમારા ફરજંદો છો, એમ સમજીને તમારી સાથે વાતોચીતો કરીએ છીએ. અમે જે ફરમાન કરીએ છીએ તેમાં તમને ફાયદો થાય એમ ધારીને ફરમાન કરીએ છીએ. જો આ દુનિયામાં અમારા ફરમાન પર બરાબર ધ્યાન રાખશો તો આ દુનિયા તથા પેલી દુનિયામાં તમે સારી સારી રીતે રહેશો અને અમે તમારી પાસે રહીશું અને તમારો રૂહ પાક તથા સાફ રહેશે.

મંજેવડી, ૫-૧૧-૧૯૦૩

## ઇમાન

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ: સ:)એ ફરમાવ્યું કે:

દીની બહેતરી માટે અમે તમને એક વાત કરીએ છીએ. તેમાં બધું સમાઈ જાય છે. બધાથી મહત્ત્વની વાત એ છે કે, મા, બાપ, માલ અને જાન કરતાં પણ મુહમ્મદ અને અલીના ગાદીવારસ ઉપર તમારું ઈમાન મજબુત રાખજો. મુહમ્મદ અને અલીના વંશ જેઓ બીરાજે છે તેના ઉપર પ્યાર રાખશો તો તમને દુનિયામાં કોઈ ડર રહેશે નહિ. આ એક ફરમાનમાં ઇબાદત બંદગી અને મઝહબની બધી ખુબીઓ આવી જાય છે.

દારેસ્સલામ, ૩–૨–૧૯૩૭

જેમ માણસો પોતાની દોલત સંભાળે છે, તે પ્રમાણે મોમન પોતાના ઇમાનની સંભાળ રાખે છે. મિસાલ, જેમકે, સવાર ઘોડા ઉપર બેસીને લગામને કબ્જામાંથી છોડી આપે તો તે નીચે પડી જાય છે, તેમ ઇમાન વિષે પણ તેજ પ્રમાણે છે.

જંગબાર, ૪–૭–૧૮૯૯

આ સતપંથ દીનની મિસાલ એવી છે કે, તે એક કિલ્લેબંધ શહેર છે. તેમાં મજબુત કિલ્લા બાંધેલા છે.

તમારો દીન કિલ્લા માફક મજબુત છે. તમે હકીકતી મોમન સારા છો. આ દીન સત્ય છે. તમે એકદિલ થઈ, ધ્યાન રાખીને તમારા દીનને સંભાળજો. જેમ તમે પૈસાને સંભાળો છો તેમ આ દીન તથા ઈમાન જે અમુલ્ય ચીજો છે તેને પણ બરાબર સાચવજો. રખેને કોઈ ચોર આવીને લુંટી જાય!

જંગબાર, ૪-૭-૧૮૯૯

◈

તમે તમારા દિલ સાથે ચોકસી કરો. તમારૂં ઈમાન પહાડ જેવું વજનદાર હોવું જોઈએ. વજનદાર ડુંગરને ગમે તેટલી હવા લાગે છે તો પણ તે પોતાની જગ્યાએથી ખસતો નથી. તમે પણ તેવાજ મજબુત થાઓ. હંમેશાં ઈન્સાનનો એકજ રંગ હોવો જોઈએ. ઘડીમાં એક રંગ અને ઘડીમાં બીજો રંગ, એ પ્રમાણે રંગ બદલવા ઈન્સાનને લાજમ નથી.

કચ્છ, મુંદરા, ૨૧-૧૧-૧૯૦૩

◈

દીનના કામમાં તમારી ઈજ્જત જાય, માલ જાય, ઓલાદ જાય તે સર્વે જવા દેજો પણ તમારો દીન સંભાળજો અને દીનમાં બરાબર રહેજો.

જંગબાર, ૨૬-૮-૧૯૦૫

◈

શાહ હસનઅલીના વખતમાં શાહ ખલીલુલ્લાહ ઉપર કેટલા જુલમ થયા છે? ચાલીસ, પચાસ વર્ષ અગાઉ

કેટલાક મુરીદોને મારી નાખવામાં આવ્યા. તો પણ તેઓએ પોતાનો દીન મુકયો નહિ. કેટલા જુલમો થયા છે? સિત્તેર હજાર મુરીદો મરાઈ ગયા તો પણ તેઓએ પોતાના દીનને છોડયો નહિ. તમે પણ દીનના એવાજ આશક થાઓ.

જંગબાર, ૧૬–૯–૧૮૯૯

અલહમ્દુલિલ્લાહ, હાલના જમાનામાં આરામ છે, તમે પણ એવા થાઓ કે, દીનને નહિ મુકો. જાન જાય તો ભલે, પણ દીનનો ત્યાગ નહિ કરો. માથું કુરબાન થઈ જાય તો પણ દીન નહિ છોડો.

જંગબાર, ૧૬–૯–૧૮૯૯

તમે ઘણા સારા છો કે, અમને અરજ કરો છો જે ઈમાનની સલામતી રાખો. અમો તમે સર્વેને દુઆ કરીએ છીએ કે તમારૂં ઇમાન સલામત રહે, એ સઘળું તમારા હાથમાં છે.

દારેસ્સલામ, ૨૭–૯–૧૮૯૯

દિલ સાબિત હશે તો ઈમાન સાબિત રહેશે. તમે બધા રાત ને દિવસ વિચાર કરો કે 'ઇમાની ટોળું પાક છે' અને 'ઇમાન નુર છે.' મેલ હશે તો ઇમાન પેદા નહિ થાય. શક હશે તો દિલમાં પાપ પેદા થશે અને મેલા દિલમાં શક પેદા થશે. તકબ્બુરી છોડી આપો તો ઈમાન

સલામત રહેશે ઇમાન એક અનુપમ દાગીનો છે.

બદકામ કરવા એ શેતાની છે. તેને શક પકડી લેશે. પછી તેના દિલમાં એમ થશે કે, આ દીન ખરો છે કે ખોટો છે? તેને આવા વસવસા થયા કરશે.

જામનગર, ૧૫–૪–૧૯૦૦

ઈમાન એક ઝવેરાત છે. જો તમે તેને દિલની તીજોરીમાં નહિ સંભાળતા સડક પર ફેંકી દેશો તો તે ઝવેરાત તમારા દિલમાંથી નીકળી જશે. હકીકતી ઝવેરાત દિલમાંથી નીકળી ન જાય તે વિષે દિલમાં ઘણી ચોકસી સાથે સંભાળજો. જો તમે જૂઠું નહિ બોલો, એક શબ્દ પણ જૂઠો નહિ વાપરશો તો ઈન્શાઅલ્લાહ ઈમાન રૂપી ઝવેરાત તમારા હાથમાંથી કોઈ પણ છીનવી શકવાનું નથી.

પુના, ૧૮–૨–૧૯૦૬

જે મોમન દુઆ ગિનાન પડે છે તેનાથી શેતાન ભાગી જાય છે. જેના દિલમાં દુઆ ગિનાન છે તેનું દિલ સારૂં છે.

અમદાવાદ, ૧૪–૨–૧૮૯૬

તમે હિંમત કરો. જમાતખાનામાં હમેશાં આવો. ગિનાનનો મુશાહેદો કરો અને દિન પ્રતિદિન આપણા ઈસ્માઈલી મઝહબ ઉપરના ઈમાનનો પાયો પાકો કરો.

ભાગામોયા, ૨૧–૯–૧૮૯૯

અમારી વાતો સાંભળીને અમલ કરશો તો ઈમાન સલામત રહેશે. દુનિયામાં રોશની થશે.

જામનગર, ૬-૪-૧૯૦૦

◆

અમારા ફરમાન ઉપર ચાલે છે તેજ અમારા ખરા મોમન છે, ખાનાવાદાન.

રાજકોટ, ૨૩-૧૦-૧૯૦૩

◆

તમે જ્યારે સવારના નિદ્રામાંથી ઉઠો ત્યારે દુઆ માંગો કે અમારૂં ઈમાન સલામત રહે.

જંગબાર, ૧૭-૯-૧૯૦૫

◆

## ઇશ્કે હકીકી

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

જેમ તમે દુનિયાના માબાપોને ચાહો છો તે કરતાં તમારા રૂહાની પિતાને વધારે ચાહો. ઈમામ ઉપર માબાપથી પણ વધારે પ્યાર રાખજો.

◆

ઇશ્ક કેવો હોવો જોઈએ? જેમ એક બીયાબાન જંગલમાં કોઈ તરસ્યો પાણી માટે તલબ કરે છે, તેવી જ રીતે રૂહને પણ ઈમામનો ઇશ્ક હોવો જોઈએ. ઈમામના બદન ઉપર નહિ પણ ઈમામના રૂહ ઉપર ઇશ્ક હોવો

જોઈએ.

પુના, ૨૮-૧-૧૯૦૮

જુઓ પતંગીયું છે તે બત્તીની રોશની જોઇ ઇશ્ક તથા મહોબ્બત સાથે પોતાની જાન બાળી નાખે છે. તેઓને એટલી મહોબ્બત ને ઈશ્ક છે કે કેટલાય પતંગીયા જીવ આપી દે છે. તમારે પણ ખુદાવંદતઆલા પ્રત્યે એવી જ મહોબ્બત રાખવી જોઈએ. તમે એવા આશક થાઓ.

જંગબાર, ૭-૯-૧૮૯૯

અમારા આશકોમાંથી એક જણ એવો થઈ ગયો છે કે તે મુખી કામડીયા જેવો હતો અને બધી જમાતોમાં ફરતો હતો આ આશકની શામના મુલ્કમાં ચામડી ઉતારી સળગતી મીણબત્તીઓ તેના બદનમાં લગાવવામાં આવી. તે કહેતો હતો. ખુદાયા ! મને આવો નાઝ જોઈતો હતો કે સળગતી મીણબત્તીઓ મારા બદનમાં નાખીને મને શામના મુલ્કમાં ફેરવવામાં આવે.

મુંબઈ, ૨૩-૬-૧૮૯૬

તમારા પાસેથી અમે ન તો જાન માંગીએ છીએ, ન તો માલ માંગીએ છીએ, ફક્ત તમારૂં દિલ માંગીએ છીએ. તમારૂં દિલ દીન ઉપર હોય એવી રીતે ચાલો, તે

માંગીએ છીએ.

મુંબઈ, ૨૩-૬-૧૮૯૬

હાજર ઈમામ માટેની નિય્યત અને હુબ વગર કોઈ પણ ચીજ કબુલ થતી નથી, એ કુરઆન અને હદીસોથી પણ સાબીત છે. નબી અને નબીની આલ, જે ગાદીવારસ છે તેની મહોબ્બત અને હુબ વગર કોઈ ઈબાદત-બંદગી કબુલ થતી નથી.

મુંબઈ, ૮-૯-૧૮૮૫

ઈમાનનો પાયો ઇશ્ક ઉપર છે. જેમ ઈબાદતનો પાયો અમલ ઉપર છે ને અમલનો પાયો ઇશ્ક ઉપર છે તેમ ઈમાનનો પાયો ઇશ્ક ઉપર છે.

પુના, ૨૮-૬-૧૯૦૮

કદાચ ઇશ્ક અને મહોબ્બત હશે અને ઈબાદત ઓછી હશે તો પણ ફિકર નહિ. પણ ઇશ્ક અને મહોબ્બત રાખવી, તેમાં ઈબાદત કરતાં વધારે ફાયદો છે.

જંગબાર, ૪-૮-૧૯૧૪

ધર્મના કામમાં મુરીદે પીર ઉપર મહોબ્બત રાખવી એ જરૂરનું છે. તેમ પીરના દીદાર કરવા એ પણ જરૂરનું છે. બાતુની ઇશ્ક છે એજ પીર અને મુરીદ વચ્ચેની ઓળખાણની નિશાની છે તમારી તથા અમારી વચ્ચે જે મહોબ્બતની દોરી છે તે દોરીની ગાંઠ વધારે ને વધારે

મજબુત કરવાની કોશિશ કરતા રહેજો.

કચ્છ કેરા, ૨-૧૨-૧૯૦૩

ખુદાવંદ કરીમનું નૂર તમારા દિલમાં વસી રહ્યું છે તે નૂરને મહોબ્બત વડે દિનપ્રતિદિન વધારો.

ભાગામોયા, ૨૧-૯-૧૮૯૯

જો તમને આખરત જોઈતી હોય તો પોતાના રૂહને ખુદાના ઇશ્ક અને મહોબ્બતમાં રાખજો. હંમેશા ખુદાના ખ્યાલમાં રહેજો ખુદાનો ખ્યાલ ઘડી એક પણ નહિ વિસારતા.

ભાગામોયા, ૨૧-૯-૧૮૯૯

મોમન જેમ જેમ ખુદાવંદતઆલાની સાથે વધારેને વધારે મહોબ્બત રાખે છે તેમ તેમ ખુદાને વધારેને વધારે નજદીક થતો જાય છે ત્યારે તે ખુદાને પ્રત્યક્ષ જુએ છે.

જંગબાર, ૭-૯-૧૮૯૯

તમે એવા થાઓ કે જેમ અમારો રૂહ તમારી નજદીક તમારા દિલમાં છે તેમ તમારો રૂહ પણ અમારી સાથે જ ચાલે એવી જાતની મહોબ્બત તમે અમારા માટે તમારા દિલમાં રાખો. તમારૂં શરીર જ તમારી સાથે હોય પણ

તમારો રૂહ અમારી સાથે હોય.

નૈરોબી ૩૧-૧૦-૧૯૦૫

◆

જાહેરમાં અમે છેટા હોઈએ તો પણ તમારા વાળ કરતાં પણ નજદીક છીએ એમ સમજી તમે અમારા ઉપર મહોબ્બત રાખો.

માજુંગા, ૨-૩-૧૯૨૫

◆

અગર જેઓ દૂર હોય અને તેમના દિલમાં અમારા પ્રત્યે મહોબ્બત હોય તો તેઓને અમે નજદીક સમજીએ છીએ.

નૈરોબી, ૨૨-૩-૧૯૨૬

◆

તમે તમારા હાઝર ઈમામ પ્રત્યે ઇશ્ક રાખો. તેથી ઉત્તમ બીજુ કંઈ નથી. તમે મૌલાના ઈશ્કમાં મદહોશ રહો.

દારેસ્સલામ, ૧૫-૨-૧૯૩૭

◆

જે શખ્સ અમારાથી મહોબ્બત રાખે છે તેના દિલમાં અમે હાજર બેઠા છીએ. જે અમારી હુઝુરમાં હોય છે અને તેની મહોબ્બત અમારી સાથે ન હોય તો તેને શું ફાયદો થાય ?....

જંગબાર, ૯-૯-૧૮૯૯

◆

જાહેર દિદાર જે માણસ યકીન વગર કરે છે તેઓને

કંઈ પણ ફાયદો નથી, પણ જો ઈમાન હશે અને મહોબ્બત તેમ જ ઈશ્ક હશે તો જાહેર દિદાર તેમ જ બાતુન દિદાર તેઓને રાત અને દિવસ છે.

જંગબાર, ૪–૮–૧૯૧૪

જ્યાં સુધી હયાતી છે ત્યાં સુધી હાઝર ઈમામ ઉપર દિલમાં ઈશ્ક રાખો. એવો ઈશ્ક રાખો કે તેવા જ ઈશ્કમાં જીંદગી ખલાસ થાય. એવી રીતે વર્તશો તો પેલી દુનિયામાં પણ અમારી સાથે હશો.

મોશી, ૨૮–૨–૧૮૯૩

## ફરમાનબરદારી

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

તમે જમાત અમારાં બચ્ચાં છો, તમે જમાત બાઈ ભાઈ વિચાર કરજો કે "અમે હાઝર ઈમામના ફરઝંદ છીએ." પીર મુરશીદની રીત એ છે કે જેમ માવિત્ર છોકરાઓનો હાથ પકડીને ચલાવે છે, તેમ અમે પણ તમારો હાથ પકડીને ચલાવીએ છીએ.

મંજેવડી, ૩૦–૧૨–૧૮૯૩

તમને સવાલ પુછીએ છીએ કે તમને રસ્તાની ખબર ન હોય તો, તે ભોમીયો કહે તેજ પ્રમાણે ચાલવું જોઇએ કે નહિ? જેમ ભોમીયો ચલાવે તે પ્રમાણે ચાલે તો મંઝીલે પહોંચે. તમે પણ તે પ્રમાણે ચાલશો તો જ ઠેકાણે

પહોંચશો, નહીં ચાલો તો નહીં પહોંચો.

મંજેવડી, ૨૯-૧૨-૧૮૯૩

◈

અમારા ફરમાન ઉપર બરાબર ચાલજો. જેવી રીતે કે એક ડુંગર છે, જેની એક બાજુએ ખાડો છે અને બીજી બાજુએ પથ્થર છે, એક તરફ ચાલશો તો ખાડામાં પડી જશો અને બીજી બાજુએ ચાલશો તો પથ્થરમાં પડશો, માટે સીધો રસ્તો લઈને ચાલશો તો પાર ઉતરશો.

જંગબાર, ૨૦-૮-૧૮૯૯

◈

અમારા દિલમાં મુળ વાત એ છે કે જે કામમાં તમારો ફાયદો હોય તે અમે કરીએ. તમારૂં ભલું થાય એનો વિચાર કરીને અમે ફરમાન કરીએ છીએ.

જંગબાર, ૧૬-૯-૧૮૯૯

◈

અમે તમારા માટે જમવાનું તૈયાર રાખીએ છીએ. તમે ખાઓ અથવા ન ખાઓ તે તમારા હાથમાં છે. એમ તો ન બની શકે કે અમે તમને ખવડાવીએ અને તમારા મોઢામાં કોળીઓ મુકીએ.

અમારૂં કામ એ છે કે તમને રસ્તો બતાવીએ. રસ્તામાં પથ્થર કે ઝાડ હોય તેને ખસેડી રસ્તો સાફ કરી આપીએ. તે રસ્તા ઉપર તમે ચાલશો તો તમને ફાયદો

છે, નહીં ચાલશો તો અમને કાંઈ નુકશાન નથી.

જંગબાર, ૧૮-૯-૧૮૯૯

હાઝર જોમાના ફરમાન દિલમાંથી વિસારી નહીં મુકતા.

બાગામોયા, ૨૧-૯-૧૮૯૯

અમારા ફરમાન સાંભળશો અને તે પ્રમાણે અમલ કરશો તો દિલ સાફ થશે અને તેમાં રોશની પેદા થશે.

દારેસ્સલામ, ૨૬-૯-૧૮૯૯

જેમ જમીનમાં બી વાવવામાં આવે છે, તેમ અમારા ફરમાન દિલમાં રોપજો તો તેમાં સારા ફળ ઉત્પન્ન થશે, ઇન્શાઅલ્લાહ તમે અમારી સાથે હશો.

જંગબાર, ૧૪-૯-૧૮૯૯

અમે જે ફરમાન તમને ફરમાવીએ છીએ તે જવાહીર છે. જેઓ ઇન્શાન છે તેઓ જવાહીર બરાબર ઉંચકી લેશે, જેઓ હેવાન છે તેઓની નજર ઘાસ ઉપર રહેશે અને જવાહીરને છોડી આપશે.

વઢવાણ, ૧૯-૧૦-૧૯૦૩

જ્યારે અમે ફરમાન માટે મોઢું ઉઘાડીએ છીએ ત્યારે મોતીના ઢગલા આપીએ છીએ, પણ પરીક્ષા કરનાર

મોમન હોય તેજ મોતીની કિંમત સમજી શકે છે.

રાજકોટ, ૨૧-૧૦-૧૯૦૩

◈

અમારા ફરમાન જેઓ સમજી શકશે તેમને મીઠાસ લાગશે. અમારા ફરમાન પ્રમાણે નહીં ચાલો તો તમે પરેશાન થશો, ત્યાં લોખંડ તથા આતશના ગુરજ (હથોડા-ઘણ) તમારા માથામાં મારવામાં આવશે, ત્યારે ત્યાં પોકાર કરશો, અને કહેશો, કે, "તોબાહ તોબાહ" રાત દિવસ ગુરજ માથામાં લાગશે. બેખબરીનો ગુરજ ઘણો ઇજા પહોંચાડનાર છે.

દારેસ્સલામ, ૨૯-૯-૧૮૯૯

◈

તમે એવા ખ્યાલ નહીં કરો કે, અમોએ ફરમાન વ્યર્થ કર્યાં છે. અમારા ફરમાન વાંચો, સાંભળો અને વિચાર કરો.

દારેસ્સલામ, ૨૯-૯-૧૮૯૯

◈

અમે હકીકતીઓના હકીમ છીએ. તમારો રૂહ બિમાર હોય તેના અમે હકીમ છીએ જેને દરદ થાય તે ડોકટર પાસે જાય તો તેણે ડોકટરની વાત માનવી જોઈએ. તેમ તમારે અમારા ફરમાન માનવા જોઈએ.

જામનગર, ૪-૪-૧૯૦૦

◈

તમે અક્કલવાળો હો અને માનો તો સારૂ તમે બધા લશ્કર છો અને તેના સરદાર અમે પોતે છીએ. તમે જમાત પણ અમારા અસહાબો છો. પયગમ્બરના સર્વે અસહાબોએ ઘરબાર છોડી આપ્યા હતા, પયગમ્બરની સાથે જવા માટે મક્કાથી ઘરબારનો ત્યાગ કરી, પોતાના બાલબચ્ચાઓને છોડી આપ્યા, અને તમામ ચીજો મુકી દઈને મદીના હ. અલી પાસે આવ્યા અને પયગમ્બર પાસે હાજર થયા. તમે પણ એવી જ રીતે ફરમાન ઉપર ચાલો.

જે વખતે જે ફરમાન થાય તે મહોબ્બતથી માનવું જોઈએ અને ફરમાન કરે તે પ્રમાણે ચાલવું જોઈએ. કેટલીક વાતો તમારી અક્કલમાં ન ઉતરે તો પણ પીર મુરશીદ ફરમાવે તે પ્રમાણે તમારે કરવું જોઈએ, કારણ કે તેમને સઘળું રોશન છે.

મંજેવડી, ૨૯-૧૨-૧૮૯૩

નાફરમાની કરે તો, તેવી પીરી મુરીદીથી કાંઈ ફાયદો નથી હાલ તમોને ફરમાવીએ કે, આ રસ્તે ચાલો તો તે જ રસ્તે ચાલવું જોઈએ. જે વખતે જે ફરમાન થાય, તે પ્રમાણે ચાલો તો જ ફરમાન પાળ્યું ગણાય.

મંજેવડી, ૨૯-૧૨-૧૮૯૩

જમાના પ્રમાણે ફરમાનો થાય છે તેને સમજવા એ

મઝહબનો પાયો છે.

કરાંચી, ૭-૧૨-૧૯૫૧

અમારાં રોજનાં ફરમાન છે, જે છેલ્લું ફરમાન થાય તે પ્રમાણે ચાલજો. જ્યારે તમારૂં માથું દુઃખતું હોય અને ડોકટરની દવા લેવા જાઓ તો તમને તે માથાની દવા આપે છે. તેથી માથાને આરામ થઈ જાય છે. બાદ છ માસ પછી તમારા પગ દુઃખે તે વખતે માથાની દવા પગ ઉપર લગાડો તો શું ફાયદો થાય ? આવે સમયે ડોકટર પાસે જાઓ અને પગની દવા લ્યો તો પગને આરામ થાય.

હૈદ્રાબાદ સીંધ, ૨૬-૨-૧૯૦૦

તમારા મઝહબનો એ પાયો છે કે, જેમ વખત બદલાય છે તેમ ફરમાનો બદલતાં રહે છે. ઈસ્માઈલી મઝહબ એક જ પુષ્પ ભિન્ન ભિન્ન રંગમાં છે. જમાના અનુસાર જુદા જુદા જમાનાને અનુકૂળ ફરમાનો થાય છે. જેમ જેમ જરૂર પડે છે તેમ તેમ ફરમાનો બદલાતા રહે છે.

કરાંચી, ૭-૨-૧૯૫૧

કોઈ વખતે અમારા તરફથી એવો હુકમ આવે કે, છ અથવા આઠ માસ લગી દુઆ નહિ પડવી, તો તેટલો વખત તેમજ કરવું એવી રીતે જેઓ અમારા ફરમાન ઉપર

અમલ કરે છે, તેઓજ હકીકતી મોમન છે.

પુના, ૧૫-૯-૧૯૦૫

ફક્ત અમને જોઈને તમે ખુશી થાઓ તેમાં શું ફાયદો થાય ? તમે અમારા ફરમાન સાંભળી દિલમાં રાખજો. તમે અમને જોશો અને દીનના ફરમાન મુજબ નહિં ચાલો તો શું ફાયદો થશે ?

ભાગામોયા, ૨૦-૯-૧૮૯૯

અમે દુઆ કરીએ છીએ અને રસ્તો પણ બતાવીયે છીએ. અમે જે રસ્તો બતાવ્યો હોય, તે રસ્તા પર ચાલવાથી દુઆ કામ આવે છે. ખાલી દુઆ કામ આવતી નથી.

મુંબઈ, ૧૩-૧-૧૯૩૯

મુરશીદ જે ફરમાન કરે તે વગર આનાકાનીએ તમારે મંજુર રાખવાં જોઈએ. આવી રીતનું ફરમાન કેમ થયું, તે તમારે બોલવાનું નથી. અમે રાત કહીએ તો રાત અને દિવસ કહીએ તો દિવસ, પણ ઈમામની અક્કલ મુજબ તમારે ચાલવું જોઈએ. ઈન્સાનની અક્કલનું મુળ પણ ઈમામનીજ અક્કલ છે. ઈમામના હુકમ વચ્ચે તમારી અક્કલ દોડાવવાનું કંઈ પણ કામ નથી.

મુંબઈ, ૪-૪-૧૯૦૮

અમે તમને અમારી આંખો માફક જોઈએ છીએ.

તમે ખરૂં સમજજો કે અમે તમને અમારા ફરઝંદો સમજીએ છીએ. તમે ચોકસી કરો અને પિતાના હુકમ પ્રમાણે ચાલો. તમે ફરમાન બરદારી કરો અને જે હુકમ થાય તે સિર ઉપર ચડાવજો. ખાનાવાદાન.

મંજેવડી, ૩૧–૧૦–૧૯૦૩

દુઆ :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

દીનનો શરૂઆતનો પાયો એ છે કે, હંમેશા દુઆ વખતે જમાતખાનામાં હાઝર રહેવું અને ત્યાંજ દુઆ પડવી, જો જમાતખાનું દૂર હોય અને તમને ખાત્રી હોય કે વખતસર ત્યાં પહોંચી નહિં શકાય તે વખતે તમે રસ્તામાં હો તો રસ્તામાં, દુકાને હો તો દુકાને, રેલગાડીમાં હો તો ત્યાં, જ્યાં તમે હો ત્યાં દુઆનો વખત ગુઝારી લેવો. આવી ચોકસીથી તમે દુઆનો વખત સાચવશો તોજ દીનનો પાયો મજબુત કીધેલો કહેવાશે.

કચ્છ નાગલપુર, ૨૫–૧૧–૧૯૦૩

સાંજના દુઆ વખતે તમે ગમે ત્યાં હો, સીમમાં કે રસ્તામાં જ્યાં હો ત્યાં દુઆ ગુઝારી લેવા ચુકવું નહિં. અગર તમારો ધંધો ખેડૂતનો હોય તો પણ તે ખેડૂતનો ધંધો તમને ધર્મ પાળતા અટકાવતો નથી.

જ્યારે હ. મુરતઝા અલી પ્રથમ મક્કામાં હતા અને લોકોને બોધ આપતા હતા ત્યારે બધા મુરીદો ખેડુત હતા, દાદા આદમના વખતમાં પણ મુરીદો ખેડૂતજ હતા. તે લોકોનું બદન ખેડૂતનું હતું પણ બાતુનમાં તેઓ ફિરસ્તા હતા. તમારે પણ તેમના જેવું થવું જોઈએ.

કચ્છ ભદ્રેસર, ૨૩-૧૧-૧૯૦૩

જ્યારે તમે જમાતમાં દુઆ પડો છો તેમાં શાહ દીદારનો પંજો આપો છો. જો તમારા એક બીજાના દિલમાં જુદાઈ હોય અને પંજો આપો તો શું ફાયદો? બાજુમાં દુશ્મન બેઠો હોય તો તેને પણ તે વખતે પંજો આપવો જોઈએ.

જંગબાર, ૧૭-૯-૧૯૦૫

તમે પંજો આપો છો તેની મતલબ એ છે કે હવેથી અમે કિન્નો રાખશું નહિ. આપણે એક દિલ થયા છીએ આપણું દિલ સાફ થયું છે. અને આપણે પંજેભાઈ થયા છીએ જેથી આપણે કિન્નો નહિ રાખીએ.

મુંબઈ, ૪-૪-૧૮૯૩

દુઆ પડો તેમાં દિલ લગાડો તો સારૂં, પણ દુઆ પડવા બેસો અને દિલમાં કુડા ખ્યાલ રાખો તો શું ફાયદો થાય?

જંગબાર, ૧૩-૯-૧૮૯૯

તમે દુઆ પડો છો તે ખુબીથી પડવી જોઈએ. એક

એક શબ્દની મતલબ બરાબરસ મજશો તો તેની ખુબીની સમજણ પડશે. આ દુઆમાં એવું નથી કે મોટે અવાજે પડવાથી ખુદા મળી જાય. ખુદા મળવાનો રસ્તો શબ્દ ઉપર છે. તે શબ્દનો અર્થ સમજીને અમલ કરવો જોઇએ. તેમાં મુખ્ય બાબત ઈમાન છે.

પુના, ૨૮-૬-૧૯૦૮

તમે દુઆ પડો છો ત્યારે અમારૂં નામ લ્યો છો, તે વખતે અમે તમારી પાસે હાજર છીએ અમને જરાએ દૂર કરીને નહિં લેખજો. તમારી મહોબ્બત અમારી સાથે છે તો અમે તમારી પાસેજ છીએ. તમે અમારી મહોબ્બત સાથે દુઆ પડો છો ત્યારે અમો તમારી પાસેજ છીએ. અમને દૂર નહિં સમજતા. જેટલી વખત અમારૂં નામ લેવામાં આવે છે ત્યારે અમે તમારા દિલમાં છીએ. તમારાથી અમે જરાએ છેટા નથી.

જંગબાર, ૯-૯-૧૮૯૯

અમે વિલાયત, મુંબઈ અથવા કોઈ જંગલમાં હોઇએ ત્યાં અમારી એ આદત છે કે દુઆના વખતે અમો બધી જમાતોને દરરોજ યાદ કરીએ છીએ. અને તમારા હકમાં દુઆ કરીએ છીએ કે, તમારૂં ઈમાન સલામત રહે. તમારી બંદગી કબુલ થાય અને તમારા માલ તથા ઔલાદમાં બરકત થાય. અમે સડક પર થઈને આવીએ છીએ ત્યારે પણ

તમને યાદ કરીએ છીએ ફક્ત તમારી એકજ જમાતને નહિ પણ દુનિયાની બધી જમાતોને યાદ કરીને દુઆ આશિષો ફરમાવીએ છીએ.

નૈરોબી, ૪-૧૦-૧૯૦૫

◆

ટેલીગ્રાફ એક ગામથી બીજે ગામ પહોંચે છે. તમારૂં દિલ પણ ટેલીગ્રાફ છે. તમે એવી રીતે બંદગી કરો કે જેનો ફાયદો ટેલીગ્રાફ મિસાલ તમને પહોંચે.

પુના, ૧૮-૨-૧૯૦૬

◆

## જમાતખાનાની હાજરી :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું કે :

તમારી પાસે અમારી એક માગણી છે, તે એ છે કે જેમ અમે તમને વિસરતા નથી, તેમ તમે પણ અમને નહિં વિસારતા.

અમે તમારા હકમાં દુઆ ફરમાવીએ છીએ. દુઆ કરવામાં રાત દિવસ અમે તમને ભુલી જતા નથી. નુરને વખતે અમારા બધા મુરીદોને અમે દુઆ ફરમાવીએ છીએ. અમારા સઘળા મુરીદોને માટે બે કલાક નુરાની વેળાએ દુઆ ફરમાવીએ છીએ. નાના, મોટા, પરણેલા, કુંવારા, બાઈએ, છોકરીઓ, પરણેલીઓ, કુંવારીઓ, ગરીબ તથા

શાહુકાર સઘળાને માટે દુઆ કરીએ છીએ કે ખુદાવંત-આલા તમારૂં ઇમાન બરાબર રાખે. તમારા કામ બરાબર હોય.

જંગબાર, ૧૬-૯-૧૮૯૯

મોમનની આદત એવી હોવી જોઈએ જે રાતના જલ્દી સુઈ જાય, જેથી નુરના વખતે હાજર થઈ શકાય. ફઝિલતનો વખત નુરનો છે તે સચવાય અને દિવસના ધંધાનું કામ પણ સચવાય તેમજ મિજાજ અને તબીયત સારી રહે, ખાનાવાદાન.

દીનનો શરૂઆતનો પાયો એ છે કે, હંમેશા દુઆ વખતે જમાતખાનામાં હાજર રહેવું અને ત્યાંજ દુઆ પડવી.

કચ્છ નાગલપુર, ૨૫-૧૧-૧૯૦૩

દુઆ જમાત સાથે પડો.

જામનગર, ૪-૪-૧૯૦૦

અરસપરસ મહોબ્બત સાથે જમાતખાનામાં જઈ સાથે મળીને બંદગી કરવામાં ઘણો સવાબ છે.

વઢવાણ કેમ્પ, ૧૯-૧૦-૧૯૦૩

તમે હંમેશા જમાતખાને આવી દુઆ પડો અને ઈબાદત બંદગી કરો. હંમેશા જમાતખાને આવો. એવું

ન થાય કે થોડા દુઆ પડવા આવે અને થોડા ન આવે. આખો દિવસ દુનિયાના વેપાર ધંધાનો વખત છે, પણ મગરબ ટાણે એક કલાક બંદગી કરવા ન આવવું એ જુલ્મ છે, એ તો પોતા ઉપર જુલ્મ કરવાનું છે. જેઓ મગરબ ટાણે દુઆ પડવા નથી આવતા, તેઓ પોતા ઉપર જુલ્મ કરે છે.

દારેસ્સલામ, ૨૭-૯-૧૮૯૯

જુવાનીયાઓએ સાંજના વખતે જમાતખાનામાં હાજરી આપવી એ બહુજ જરૂરનું છે.

મુંબઈ, ૧-૧-૧૯૩૪

તમે હંમેશા જમાતખાને જાઓ. જમાતખાનાના વખતે રમવું નહિં. જમાતખાનાના ટાઈમે જમાતખાને જવું, ખાનાવાદાન.

કરાંચી, ૨૬-૧-૧૯૩૮

જમાતખાનામાં હાજર ન થવાથી તમારા દિલનું મકાન નાનું થઈ જશે. જમાતખાનામાં દુઆ પડવા નહી આવો, ઈબાદત નહી કરો તો તમારૂં દિલ આ સતપંથ દીન ઉપર ટકશે નહી.

કચ્છ મુંદરા, ૧૭-૧૧-૧૯૦૩

ખુદાની બંદગી કરતી વખતે કપડા સાદા, સાફ અને પાક પહેરવા જોઇએ.

મુંબઈ, ૪-૪-૧૮૯૩

◆

પાક નજરથી રહેવું. બદ નજર કરવી નહી, વગેરે પાકીઝગીના કપડા પહેરવા યાને દરેક બાબતમાં પાક રહેવું. સારાં કપડાં અને સારો શણુગાર તમારા માટે છે.

જંગબાર, ૪-૮-૧૯૧૪

◆

કિંમતી કપડાં પહેરવાથી તમારૂં મન તેમાં ગુંથાએલું રહેશે અને ઈબાદતમાં એક મન નહિ થઈ શકે.

કરાચી, ૧-૫-૧૯૨૦

◆

જમાતખાને પગે ચાલીને આવવાથી ઘણો જ ફાયદો છે. જે કોઈ અમારી સામે એક કદમ ચાલીને આવશે તેને એક એકને બદલે સો સો દરજજે ફાયદો હાંસલ થશે.

◆

જમાતખાને જવાથી એક બીજાને જોશો તો તમને પ્રેમ થશે; એક બીજાના રૂહને જોઈ ઘણા રાજી થશો, ખાનાવાદાન.

હમણા તમે ધરમના ઠેકાણે આવ્યા એટલે પૈસાવાળા ને ગરીબ સહુ સરખા છે. નોકર અને શેઠ જે જમાતખાને આવી ખુદાની ખિદમત કરે છે તે સહુ સરખા છે, જ્યારે

તમે જમાતખાને આવ્યા તો સર્વે બરાબર છે.

અમદાવાદ, ૧૬-૨-૧૮૯૬

જો કે આપણો પવિત્ર મઝહબ સઘળી તંદુરસ્ત અને નિર્દોષ દુન્યવી મોજમજાહ માટે છુટ આપે છે, છતાં અમે આશા રાખીએ છીએ કે બચ્ચાઓ હંમેશા અમારે ઘેર એટલે જમાતખાને જઈને અમારો વિચાર કરવાનું કદી પણ ભુલશો નહિ.

જેવી રીતે હમણાં અમને જુઓ છો તેવી રીતે હંમેશાં અમને જમાતખાનામાં જોજો. જ્યાં સુધી અમે અત્રે છીએ ત્યાં સુધી તો તમે અમને ઈશ્ક દેખાડશો પણ પાછળથી પણ ઈશ્ક દેખાડજો અને અમને જમાતખાનાથી જુદા નહિ ગણતા, જેનો બદલો આ દુનિયામાં બરકત અને પેલી દુનિયામાં દિદાર.

## ઈબાદત :

ઈબાદત, તે વડે આપણે રૂહાની કુવ્વત મેળવી શકીએ છીએ. ઈબાદત એક એવું માધ્યમ છે કે જે થકી આપણો રૂહ ઉપર જઈ શકે છે. ઈબાદત આપણને ભવિષ્યમાં આવનાર કમનસીબીઓ, દુઃખો અને બિમારી સહન કરવા હિંમત આપશે. આવી મુસીબતોથી અજાણ હોવા છતાં પણ ઈબાદત વડે આ સર્વે (મુસીબતો) તમારાથી પહેલા થઈ ગયા છે તેઓ કરતાં વધારે ખુશીની સાથે અને કોઈપણ જાતની

ફરિયાદ કર્યા વગર સહન કરી શકશો. તે ઉપરાંત ઇબાદત હંમેશા અટળ શ્રદ્ધા અને ફત્તેહમંદી આપશે.

ખુદાવંદતઆલા તમારા તરફથી એ ઇચ્છે છે કે તમે બંદગી ઇબાદત કરો. ઉઠતાં, બેસતાં, ચાલતાં ખુદાને યાદ કરો.

ભાગામોયા, ૨૧-૯-૧૮૯૯

એક તરફ આખી દુનિયાનો માલ અને બીજી તરફ ઇબાદત એવું ઇબાદતનું જબરૂં વજન છે.

જામનગર, ૬-૪-૧૯૦૦

ઈન્સાન ખુદાની બંદગી સારી રીતે કરે તો ખુદા તેને દુનિયામાં સારો બદલો આપે અને તેની જબાન અને કરામત સારી રીતે ચાલે.

મંજેવઠી, ૨૮-૧૨-૧૮૯૩

તમે એક ગામથી બીજે ગામ જવાનું ઈચ્છતા હશો તો ઉઠીને ચાલશો તો પહોંચશો. હંમેશા ખુદાવંદતઆલાની ઇબાદત કરશો તો તે મકાને પહોંચશો.

જામનગર, ૪-૪-૧૯૦૦

જમીનને ખેડવામાં આવે તો અનાજ પાકે અને ત્યારે જ ફાયદો થાય, ન ખેડે તો શું ફાયદો થાય ? ઇબાદત ન

કરે તો શું ફાયદો થાય? એવા માણુસો હોય તોયે શું અને ન હોય તોયે શું?

જામનગર, ૬-૪-૧૯૦૦

◈

આકા અલીશાહ, દાતારે ફરમાન કર્યું હતું કે મધરાતે "યા અલી"ની બંદગી કરો તેમાં જે સવાબ થશે તે તમારો છે અને પાપ યાને ગુનહા થાય તે અમારા ઉપર છે.

મંજેવડી, ૩૧-૧૨-૧૮૯૩

◈

જે શખ્સ ઇબાદત નથી કરતો તે હકની રોજી નથી ખાતો અને તેના દિલ ઉપર શેતાન કાબુ કરી તેનું ઇમાન લૂંટી લ્યે છે.

અમદાવાદ, ૧૪-૨-૧૮૯૬

◈

ચાવી તમારા હાથમાં છે હવે ખોલો અગર ન ખોલો તે તમારી મરજી. અમે તો મહેનત કરી તમને દેખાડીએ છીએ.

તમે ઊંઘમાં પડેલા છો તેથી તોપના અવાજ સંભળાતા નથી. સુતેલા માણુસને જેમ ઉઠાડવામાં આવે છે તેમ અમે તમને જગાડીએ છીએ કે ઊઠો! ઇબાદતમાં મશગુલ થાઓ.

જામનગર, ૬-૪-૧૯૦૦

◈

રાત ખુદાવંદે શા માટે પેદા કરી છે? રાતનો બધો

વખત સૂઈ રહેવા માટે નથી, ઇબાદત માટે પણ છે અને ઇબાદતમાં ખુશી સમાએલી છે.

વઢવાણ કેમ્પ, ૧૮–૧૦–૧૯૦૩

સલમાન ફારસ એહલેબૈત, તમારા જેવો હતો. પયગમ્બર ફરમાવતા હતા કે સલમાન એહલેબૈતના જેવો સારો હતો; તે પોતાના અસલ મકાને પહોંચ્યો. સલમાન ફારસ પણ તમારા જેવો માણુસ હતો. તમે પણ ઇબાદત કરી સલમાન જેવા થાઓ. તમે ઇબાદત કરો તો પીર સદરદીન જેવા થાઓ. જાનવર જેવા થાઓ તો તમને શું ફાયદો થાય ?

જામનગર, ૬–૪–૧૯૦૦

જે કોઈ પોતાના પાક અને સાફ દિલથી ઈબાદત કરશે તે હ. ઈસા તથા મુસા પયગમ્બર જેવો થશે.

રાજકોટ, ૨૧–૧૦–૧૯૦૩

ઈબાદત બંદગીમાં મશગુલ રહેશો તો ખુદાનું નુર તમારામાં રોશન થશે. જો તમારામાં ઈબાદતની આદત નહિ હશે તો તમારી દુનિયા તથા દીન સર્વે બરબાદ જશે.

અમદાવાદ, ૧૩–૧૦–૧૯૦૩

જો ઈબાદતની આદત નહિ પાડશો અને સુસ્તી કરશો

તો અમારા ઉપર ગમે તેટલું ઈમાન મજબુત હશે તો પણ તમારું ઈમાન આસ્તે આસ્તે ખસી જશે એટલે તમારૂં ઈમાન જતું રહેશે.

◈

જુઓ ચાર ફરિશ્તા છે તેઓનું પેટ ઈબાદતથી ભરેલું રહે છે. તમે પણ એમ જ કરો. ફરિશ્તા પોતાનું મોઢું બંધ રાખતા નથી. બંદગી એજ એમનો ખોરાક છે, તમે પણ તેવીજ બંદગી કરો તો ફરિશ્તા જેવા થાઓ.

જંગબાર, ૧૮–૮–૧૯૦૫

◈

ઈબાદત, બંદગી કરવી તે ખુદાવંદતઆલા પ્રત્યે મહોબ્બત તથા ઈશ્ક સાથે કરવી....મોમન બંદગી કરે છે તે નહિ દોઝખની બીકથી કે નહિ જન્નતની ઉમેદથી; પણ ખુદાની મહોબ્બત અને ઈશ્કથી કરે છે.

◈

# ધાર્મિક ક્રિયાઓ :

## ૧ કાંગવો :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

મા બાપોને ખાસ કરીને વાજબ છે કે બચ્ચાંઓને પ્રથમ કાંગવા ભરાવીને મુરીદ કરવા અને ત્યાર બાદ તેમનાં નામ પડાવવાં. જે લોકોએ અમારા કાંગવા ભર્યા નથી, તે લોકોએ અમારો દીન કબુલ કરવાની સહી કરી નથી. જેમ તમે વેપારમાં અથવા બીજા કામમાં સહી કરી કબુલ થાઓ છો, તેમ કાંગવો ભરાવીને અમે તમારા રૂહની સબી લઇએ છીએ. અમારા કાંગવા ભરવા તે અને અમારી દસ્તબોસી કરવી એ બન્ને સરખા કામ નથી. દસ્તબોસી તો કોઈપણ માણસ કરી શકે છે.

અરબો, અમારા નોકર ચાકરો, અથવા બીજા માણસો કે જેઓ અમારા મુરીદ નથી, તેઓ પણ અમારા હાથ ચુમે છે. તેમાં જરા પણ ફાયદો નથી. અમારો કાંગવો ભરી, મુરીદ થઈ કોલ આપી, દસ્ત ચુમે તેનો ફાયદો મોટો છે. અમારા મુરીદો સિવાય કાંગવા ભરવાનું કામ બીજું કોઈ કરી શકતું નથી. કાંગવા ભરવાનું કામ તો મુરીદોજ જાણે છે. જે લોકોએ અમારા કાંગવા ભર્યા છે અને અમારા મુરીદ થવાનો કોલ આપ્યો છે, તેઓએ પોતાના દિલ સાથે ચોકસી કરવી કે તેઓએ અમને આપેલ કોલ કદી પણ તોડવો નહીં.

એવા પણ કેટલાક માણસો છે જેઓ અમારા ઉપર બરાબર ઇમાન રાખે છે, પંજેભાઈઓ થયા છે તથા મજલિસ જાગરણમાં હંમેશા જમાતખાનામાં આવે છે, છતાં તેઓએ હજુ અમારા કાંગવા ભર્યા નથી. વળી તેઓનાં દસ બાર

વરસનાં નાનાં બચ્ચાંઓના પણ કાંગવા અમારી પાસે ભરાવ્યા નથી. તેથી તે લોકો હજી પણ અમારા મુરીદ થયા નથી કારણ કે તે લોકોએ મુરીદ થવાનો કોલ અમને આપ્યો નથી તેમજ તેઓનાં બચ્ચાંઓ પાસે મુરીદ થવાનો કોલ અપાવ્યો નથી. પંજેભાઈ ઓ થયા પણ અમને મુરીદ થવાનો કોલ આપ્યો નથી, ત્યાં સુધી પંજેભાઈ થયા તે કાંઈ કામ આવશે નહિ નવા જમાનો એક વખત કાંગવો ભરવો જોઈએ એ બાબતથી ઘણા માણસો બેખબર છે.

કચ્છ નાગલપુર, ૨૭-૧૧-૧૯૦૩

કાંગવો ભરવાની મતલબ એ છે કે તમે અમને કોલ આપો છો કે "સાહેબ અમે તમારો દીન અખત્યાર કીધો છે અને કોઈ પણ વખત તમારા ફરમાનથી બહાર જઈશું નહીં." જે લોકોએ અમને એવો કોલ આપ્યો છે તેના માટે કંઈ પણ ધાસ્તી નથી.

કચ્છ, મુંદરા, ૨૨-૧૧-૧૯૦૩

તમે કાંગવો ભરો છો પણ પહેલાં કાંગવાની મતલબ સમજવી જોઈએ અમે ત્યાર પછી કાંગવો ભરવો જોઈએ. તમે કાંગવો ભરો છો એટલે તમે અમારી બૈયત કરો છો એટલે કે તમે કોલ આપીને તમારો હાથ અમારા હાથમાં આપો છો. કોલ એ છે કે તમારી હૈયાતી સુધી અમારૂં ફરમાન તમારી ગરદન ઉપર હોય અને તમે અમારી

ફરમાબરદારી કરો. જેમ ગરદનમાં રસ્સી હોય તેમ અમારૂં ફરમાન અક્કલથી ગરદન ઉપર રાખવું આટલું જ ફક્ત સમજીને રાજી થવાનું નથી, પણ આ કામ તથા ફરમાનની મતલબ પણ સમજવી જોઈએ. તમે આ કામ કીધું તેનો તથા ફરમાનનો સબબ તમે ભૂલી જાઓ તો આ કામ કરવાથી શું ફાયદો હાંસલ થાય ? તમે જ્યારે આ કામ કરો ત્યારે, સમજો કે તમે મુરશિદને કોલ આપ્યો કે, જ્યાં સુધી તમે જીવતા છો ત્યાં સુધી અમારા ફરમાનથી બહાર નહીં જાઓ. આવી નિયત કરીને જે માણસો કાંગવો ભરે છે, તેને અમે આવતી દુનિયામાં છોડી આપવાના નથી. અમે પણ તે શખ્સને કોલ આપીએ છીએ. અમે અમારો આપેલો કોલ કદી પણ તોડતા નથી....રોઝે કયામતના આઝાબનો ઘણો ડર છે અને ઘણી તકલીફ છે, તેનાથી અમે તે શખ્સને દૂર રાખશું.

મંજેવડી, ૩૧-૧૦-૧૯૦૩

◈

તમે આજે કાંગવો ભરો છો અને કાલે શેતાની ઉપર ચાલશો તો કાંગવાનો શું ફાયદો ?

હઝરત અમીરૂલ મુ'મિનીનના ઝમાનામાં પણ બૈયત કરેલા માણસો હતા તેમાંના કેટલાક બૈયત કરી ફરી ગયા; તેઓ ઘણા ખરાબ હતા.

જામનગર, ૯-૪-૧૯૦૦

◈

હઝરત અમીરૂલ મુ'મિનીન મૌલા મુર્તઝા અલીએ ફરમાવ્યું છે કે પયગમ્બર દુનિયાના કાફરો પાસે ગયા ત્યારે સિત્તેર જણાએ કબુલ કર્યું અને કોલ આપ્યો. તેમાંથી સલમાન વગેરે ચાર જણા બહેશ્તમાં જશે અને બાકીના દોઝખમાં જશે; કારણ કે પયગમ્બર અને મુર્તઝા અલીને આપેલો કોલ તેઓએ તોડયો.

પયગમ્બરે ખેરથી ફરમાવ્યું છે કે, જેને બહેશ્ત જોઈએ તે મારો પંજો લ્યે અને દીનના રસ્તે જંગ કરે. ત્યારે સિત્તેર જણા આવ્યા, કોલ આપ્યો અને જંગ કર્યો; પણ તેમાંથી ચાર જણા બહેશ્તમાં ગયા. જ્યારે બાકીના દોઝખમાં ગયા.

મંજેવડી, ૨૮-૧૨-૧૮૯૩

તમે પણ ગિરભાવાસમાં કોલ દઈને આવ્યા છો. પેલા છાસઠ જણાએ જ્યારે કોલ આપ્યો ત્યારે તેઓના આગલા ગુનાહ માફ થયા, પણ પાછળથી કોલ તોડી ગુનાહ કર્યા તેથી દોઝખમાં ગયા. જે લોકોએ અમને કોલ આપ્યો છે તે લોકોએ પોતાનો કોલ બિલકુલ તોડવો નહિ.

કાંગવા ભરવાનો મતલબ એ છે કે તમે મુરીદો અમને કોલ આપો છો કે તમે અમારા ઘરની ખિદમત અને તાબેદારી કરશો; એ પ્રમાણે તમે અમારી બૈયત કરો છો. આનો અવેજ ખુદાવિંદ તમોને આ દુનિયામાં અને પેલી

દુનિયામાં આપશે.

સુરત, ૧૨-૧૦-૧૯૦૩

જેઓએ અમારા કાંગવા ભર્યા છે તેઓએ અમારી બૈયત-તાબેદારીનો કોલ આપ્યો છે અને અમે પણ જામીન-ગીરી આપી છે કે જેઓ આ મોટું કામ કરે છે તેઓને અમારો હસ્ત બક્ષીએ છીએ.

રાજકોટ, ૨૪-૧૦-૧૯૦૩

### ૩. આબે શફા :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું,

તમે નિયાઝ—આબેશફા પીઓ છો, તેમાં માટી અને પાણીથી કંઈ દિલ સાફ થતું નથી. દિલ કેવી રીતે સાફ થાય, તેનો તમને વિચાર નથી. જે ઇતેકાદ, ઈમાન અને સચ્ચાઈથી તમે આબેશફા પીઓ છો તેનાથી દિલ સાફ થાય છે જો દિલમાં સચ્ચાઈ ન હોય, તો ખાલી માટી અને પાણીનું નિયાઝ પીવાથી કાંઈ ફાયદો નથી.

પહેલાં ઈમાન તથા દિલ સાફ થાય, તોજ ફાયદો પહોંચે.

જે અમારા સ્વરૂપને ઓળખતા નથી તેને માટી અને પાણી પીવાથી કંઈ પણ ફાયદો નથી.

જંગબાર, ૯-૭-૧૮૯૯

તમે આબેશફા હમેશાં પીઓ છો. સો વર્ષ સુધી પીધું, હજાર વર્ષ સુધી પીધું, પણ તેની માયના સમજ્યા નહિં હશો. તેની સેંકડો માયના છે. પહેલી એ છે કે, એક કુંભમાંથી દસ જણા સાથે આબેશફા પીએ તો મોટો ફાયદો એ છે કે, તમો સાફ દિલથી રહેશો અને તમને ઘણોજ ફાયદો થશે. વળી, આબેશફા પીતી વેળા અને દુઆ વખતે તમે પોતાના હકમાં ભલું ઇચ્છો તો ઘણો ફાયદો થાય. પોતાના કરતાં જે પોતાના દીન ભાઈઓના હકમાં દુઆ માંગે તો તેને વધારે ફાયદો થાય છે. હકીકતી મોમિનની સાથે દુઆ પઢે અને મોમનના હકમાં જે દુઆ માંગે તો ખુદા તેની નજીક થાય છે....દુઆ તથા આબેશફા પીતી વખતે, તમારા પોતાના હકમાં સારૂં માગો તેમાં ફાયદો છે, પરંતુ પોતાના દીનભાઈના હકમાં પણ દુઆ માંગો તો તેમાં તે કરતાં પણ વધારે ફાયદો છે.

જંગબાર, ૭–૯–૧૮૯૯

◈

તમે આબેશફા પીઓ છો, ત્યાર પછી ખાલી પ્યાલી આંખે લગાડો છો, તમે ખાલી પ્યાલી શા માટે આંખે લગાડો છો ? અમે તમારી પાસે હાજર છીએ, અમને ગમે તેટલું દુઃખ તથા તસ્દી પડે તો પણ અમે રાજી છીએ, પણ તમને એક સોય પણ ન વાગે એમ અમે ઇચ્છીએ છીએ.

જંગબાર, ૧૫–૯–૧૯૦૫

◈

આ આબેશફા સઘળી જમાતે શાંતિથી લેવાનું છે. આ આબેશફા પીવાથી તમારી દુન્યવી અને આખરતની બધી સફાઈ માટે બહુજ સારૂં છે. સઘળા ભાઈઓને ઘણા ઘણા દુઆ આશિષ ફરમાવીએ છીએ, ખાનાવાદાન.

નૈરોબી, ૧૩–૪–૧૯૪૫

## ૩. છાંટો :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

ભુલમાં માલે વાજબાત ખવાઈ ગયો હોય, તે છાંટા નાખવાથી માફ થાય, પરંતુ મોમનના ગુનાહ કરશો તે માફ નહિ થાય.

જંગબાર, ૩૧-૮-૧૮૯૯

## ૪. દસ્તબોસી :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

જ્યારે તમારી દસ્તબોસી અમે ફરમાનથી કબુલ ફરમાવીએ છીએ ત્યારે દસ્તબોસી કબુલ થઇ ચુકી. જાહેરના દસ્ત (હાથ) તો ખાક થવાના છે, અમારાં ફરમાન તમારા રૂહને પહોંચાડો, એ મોટી ચીજ છે.

મુંબઈ, ૯–૧–૧૯૦૮

જ્યારે અમે તમારી દસ્તબોસી, કાંગવો અને છાંટાનું કામ કબુલ ફરમાવીએ છીએ ત્યારે તમારા દિલમાં કાંઈ પણ શક લાવવો નહિ. હકીકતી મોમનોએ અમારાં ફરમાન ઉપર મુસ્તકીમ રહેવું જોઈએ.

પુના, ૧૫-૯-૧૯૦૫

## સતપંથ :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

ઈસ્લામ દીન સારો છે, તેમાં ઈસ્માઈલી મઝહબ તારીફને લાયક છે. ઈસ્માઈલી મઝહબની રસી બરાબર છે. હ. નબી સાહેબથી સીધેસીધી ચાલી આવે છે. આ ખુબી જુવાનીઆઓના મગજમાં બેસાડો.

નૈરોબી, ૨૨-૨-૧૯૩૭

તમારો દીન ઝવેરાત કરતાં પણ વધારે ઉત્તમ છે. હજારો હીરા ઝવેરાત હોય અને તે અમૂલ્ય કિંમતના હોય તો પણ તમારા દીનના એક વાળ બરાબર થઈ શકે નહીં. તમારો દીન આવો અમૂલ્ય છે.

દારેસ્સલામ, ૨૭-૯-૧૮૯૯

તમારો દીન ઘણો ઊંચો યાને ઉત્તમ અને સાચો છે, તે આજથી નહીં પણ અનાદિકાળથી ઉત્તમ છે. આ

દીન તમને પીર સદરદીને ગોતીને, હાથ કરીને આપ્યો છે. તેને સંભાળવો એ તમારા માટે વાજબ છે.

તમને હીરા, માણેક, ઝવેરાત આપેલ છે. તેને તમે ઓળખતા નથી અને ફેંકી દીયો છો. તેમાં તમને ઘણું નુકશાન છે, માટે બરાબર સંભાળો. અમે તમારા પાસે ઝવેરાતની કોથળી છોડી તમને બતાવી છે, તેને તમે બરાબર સંભાળો. તમારો મઝહબ ઘણોજ ઊંચો છે, ખાનાવાદાન.

સિંધ હૈદ્રાબાદ, ૧૩–૨–૧૯૦૦

તમે એવા કામ કરો કે, ખુદા તમારાથી રાજી થાય. સિજદા કરવા, રૂકુમાં જવું એ તો આસાન છે, પણ હકીકતની પેરવી ઉપર ચાલવું મુશ્કેલ છે.

જંગબાર, ૧૩–૯–૧૮૯૯

તમે બદામનાં છીલટાં ખાઓ છો પરંતુ બદામના મગજની લિજ્જત તમે ચાખી નથી. તમે મગજ ખાઓ તો દીનની વધારે ખબર પડે અને તમને વધારે ઈતબાર અને ખુશી પ્રાપ્ત થાય.

જંગબાર, ૧૩–૭–૧૮૯૯

તમારો દીન પુલસરાત છે. જો માણસ આ બાજુ કે પેલી બાજુ ખસે તો પડી જાય છે. રસ્તો સીધો લઈને બરાબર ચાલ્યો જશે તો પાર ઉતરશે. જો તમે તમારો

દીન સંભાળશો તો શેતાન તમને છેતરી શકશે નહીં.

જંગબાર, ૨૦-૮-૧૮૯૯

તમે તમારા દીનની વાતો બરાબર સમજો. જે જાણે છે તેઓ હજુ પણ વધારે શીખે. જેઓ શીખ્યા નથી તેઓ શીખે. વાંચશો, સાંભળશો તો તમને ખબર પડશે. જો નહિં વાંચો, નહિં સાંભળો તો શું ખબર પડશે. કે ઈસ્માઈલી મઝહબ શું છે?

કિતાબ મૌલાના રૂમ અને કિતાબ શમ્સ તબ્રેઝની પડશો તો તમને ખબર પડશે કે કયો રસ્તો સારો છે.

જંગબાર, ૧૩-૯-૧૮૯૯

અમારો દીન છે તે વિષે અક્કલથી વિચાર કરશો તો વધારે રોશની હાંસલ થશે. અમારો દીન અક્કલ ઉપર રચાએલો છે. અક્કલ વગર દીનની તપાસ કરશો તો વધારે સમજણ નહીં પડે અને કાંઈપણ હાંસલ થશે નહિં. પણ અક્કલથી વિચાર કરશો તો વધારે સમજણ પડશે. જે દીનનો પાયો અક્કલ ઉપર નથી તે ઘસાઈ જશે અને બિલકુલ રહેશે નહિં.

જંગબાર, ૧૩-૭-૧૮૯૯

તમારો દીન સુલેમાન પયગમ્બરની વીંટી છે. તે વીંટી હાથમાંથી ગુમાવશો નહિં. એમ ન થાય કે સુલેમાન

પયગમ્બરની વીંટી તમારા હાથમાંથી નીકળી જાય.

ભાગામોયા, ૨૧-૯-૧૮૯૯

◈

તમને જ્યારે આવો દીન હાથમાં આવ્યો છે ત્યારે દીનને બરાબર શ્રેવવો જોઈએ.

◈

તમે ઈન્સાનના રૂપમાં છો. ખુદાવંદતઆલાએ તમારા ઉપર ઘણીજ મહેરબાની કરી છે કે, તમને મોહબ્બતથી સતપંથ દીનમાં જન્મ આપ્યો છે પણ હેફ છે કે ઢોરની મિસાલ જન્મ ચાલ્યો જાય છે અને ઈન્સાન પાછો ખાકમાં દાખલ થઈ જાય છે.

વઢવાણ કેમ્પ, ૧૮-૧૦-૧૯૦૩

◈

રોજે કયામતમાં બીજી જાતોને એક બહાનું પણ છે કે, તેઓને સતપંથ દીનની ખબર નહિં હતી; તમે અરબ, બદખશાની ખોજા, મુમના તથા બીજા કેટલાક ઈસ્માઈલી સતપંથી છો, તેઓ રોજે કયામતના દિવસે કાંઈપણ બહાનું કાઢી શકશો નહિં, ખાનાવાદાન.

વઢવાણ કેમ્પ, ૧૮-૧૦-૧૯૦૩

◈

## દુનિયા અને આખિરત :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

તમામ જમાતને વાજબ છે કે, દીન ઉપર ખ્યાલ કરીને ચાલે. ખ્યાલ કરો કે, ખુદાવંદતઆલાએ તમને શા માટે પેદા કર્યા છે? મરી જશો ત્યારે આખરતમાં શું જવાબ આપશો? પછી ભાગીને ક્યાં જશો? ત્યાં કંઈ જંગલ નથી કે તેમાંથી બચીને નીકળી જશો.

આજ ક્યાં છો? પછી ક્યાં હશો? અગાઉ ક્યાં હતા?

રાત દિવસ દુનિયાના કામ કરો છો અને દીનના કામ નથી કરતા. તમને વેપાર કરવાની અમે મના કરતા નથી. દિવસના ચોવીસ કલાકમાં બે, ત્રણ, ચાર કલાક બેસીને દીનનું કામ કરવું તમારા ઉપર વાજબ છે. બે કલાક બેસીને દીનના ખ્યાલ કરવા તે પણ વાજબ છે. તમારા માટે તમારે શું કરવું તેનો વિચાર કરો, વિચાર કરી તેનો અર્થ કરો.

જામનગર, ૪-૪-૧૯૦૦

જો તમો દીનનું કામ નહિં કરો અને મરી જશો ત્યારે ઘણા પસ્તાશો, બધા ઉપર મોત છે.

તમે એવાં કામ નહિં કરો કે આખરતમાં પસ્તાવું પડે. ઘણા માણસો દીનના કામમાં બેખબર છે. વિચાર નથી કરતા, જમાતખાને નથી જતા.

જામનગર, ૪-૪-૧૯૦૦

તમોને દુનિયાનો ધંધો કરવા મના કરતા નથી,

દુનિયાનો ધંધો નહિં કરો તો મોટો ગુનાહ છે. જે દરવેશ કહેવાય છે અને દુનિયામાં મોટા કહેવાય છે, પણ તેઓ દુનિયાના ધંધા નથી કરતા, તે મોટા ગુનાહ કરે છે.

દુનિયાનું કામ ખલાસ કરી પછી; સાંજસવાર જમાતખાને જાઓ અને દિવસે દુનિયાનો ધંધો કરો.

હકનો રોટલો એ છે કે, પોતાનો રોટલો ખાય અને આખરતને યાદ કરે અને ભુલી જાય નહીં.

મંજેવડી, ૨૭-૧૨-૧૮૯૩

ખુદાવંદતઆલાએ કામ ધંધો કરવાનો વખત નિમેલો છે. દિવસ ઈન્સાનને કમાઈ ધંધા માટે છે. રાત ખુદાવંદે શા માટે પેદા કીધી છે? રાતનો બધો વખત સુઈ રહેવા માટે નથી, ઈબાદત માટે પણ છે અને ઈબાદતમાં ખુશી સમાએલી છે. ઈન્સાનને છ કલાક નિંદ્રા માટે ઘણાં છે, બાકીનો રાતનો વખત ઈબાદતમાં ગુજારો.

વઢવાણ કેમ્પ, ૧૮-૧૦-૧૯૦૩

દુનિયામાં બધા માણસો વણજ વેપાર કરે છે, પણ આ સ્થળ (દુનિયા) પરદેશ છે; જ્યારે આકબત તરફ જશે ત્યારે જે કમાયો હશે તે તેની આગળ આવશે અને જે નુકસાન લઈ જશે તે ત્યાં શરમીંદો થશે. આ ફરમાન દિલમાં યાદ કરો અને હંમેશા ભલાઈ કરતા રહો.

મુંબઈ. ૮-૯-૧૮૮૫

ઈન્સાન દુનિયામાં મુસાફર છે. તમારૂં અસલનું ઘર આખરતમાં છે.

જામનગર, ૬-૪-૧૯૦૦

જેમ તમે દુનિયાનો ફાયદો મેળવવા માટે આગળ વધવાની કોશિષ કરો છો. તેવી જ રીતે દીનને માટે પણ આગળ વધવાની કોશીષ કરો. દુનિયાના કામ કરતાં આખરતના કામ તમને આગળ જતાં કામ આવશે.

નૈરોબી ૩૧-૧૦-૧૯૦૫

મોજશોખ અને રમતગમતમાં આખો વખત ધ્યાન નહિં આપો, કારણ કે તેથી ખર્ચ, વખત, દુનિયા, આખિરત સર્વે જશે અને બહુ ખરાબ થઈ જશો. રમતમાં ધ્યાન રાખવાથી જરૂર શયતાન તેને પકડશે. આ વાત એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નહિં નાખજો.

ડોડોમા, ૧૫-૭-૧૯૨૫

તમે સઘળા અમારી પાસે દુનિયાની વાતો લઈ આવો છો, દીનની વાતો પુછતા નથી તે કેવી દિલગીરીની વાત છે.

જંગબાર, ૯-૭-૧૮૯૯

દુનિયાની આબાદીની જરૂર છે, પણ આકબતની આબાદીની તેથી પણ વધારે જરૂર છે. દુનિયાના કામકાજની

જરૂર છે, પણ આકબતના કામકાજો તેથી પણ વધુ જરૂરના છે, તે ભુલવું જોઈએ નહિં.

નૈરોબી, ૩૦-૩-૧૯૪૫

જો તમોને આખરત જોઈતી હોય તો પોતાના રૂહને ખુદાના ઈશ્ક તથા મહોબતમાં રાખજો. હમેશા ખુદાના ખ્યાલમાં રહેજો. ખુદાનો ખ્યાલ એક ઘડી પણ નહિં વિસારતા. અમે એમ નથી કહેતા કે, દુનિયાનો ધંધો છોડી આપો, પણ ધંધો સફાઈ તથા સચ્ચાઈથી કરજો.

બાગામોયા, ૨૧-૯-૧૮૯૯

દુનિયામાં ચાર તરીકાના માણસો છે.

પહેલા તરીકાના માણસો છે તે અમને ચાહે છે અને દુનિયાને નથી ચાહતા. તેઓનું દિલ અમારા તરફ છે, ત્યારે અમે પણ તેઓને હંમેશા યાદ કરીએ છીએ. તેઓ અહિં પણ અમારી સાથે છે અને ત્યાં પણ અમારી સાથે હશે.

બીજા તરીકાના માણસો છે તે અમને ચાહે છે અને દુનિયાને પણ ચાહે છે. તેઓને અમે દુઆ કરીએ છીએ કે તેઓની મહોબ્બત દુનિયા ઉપરથી ઓછી થાય અમારાથી મહોબ્બત વધે.

ત્રીજા તરીકાના માણસો છે તે અમને નથી ચાહતા અને દુનિયાનેજ ચાહે છે, તેઓ અમને દુઃખ આપતા નથી. જ્યારે તેઓને અમારી ચિંતા નથી, ત્યારે અમને પણ

તેઓની ચિંતા નથી. તેઓ પોતે જાણે!

ચોથા તરીકાના માણસો છે તે દુનિયાને ચાહે છે અને અમને નથી ચાહતા અને અમને દુઃખ આપે છે. ત્યારે અમે પણ તેઓના હકમાં એવી દુઆ કરીએ છીએ કે ખુદા અમને તેઓથી દૂર રાખે.

આ પ્રમાણે ચાર તરીકાના માણસો છે. હવે જે જેવું ઈમાન રાખશે તેને તેવો ફાયદો થશે.

ગુવાદર, ૧૦-૧૨-૧૮૯૪

અમારી પાસે આવી તમે કહો છો કે, અમને આખરતની મોટાઇ મળે, પણ તમે દુનિયા ન છોડો ત્યારે કેમ મળે? પોતાનું દિલ દુનિયામાં બાંધવું નહિં ઇબાદતમાં બાંધવું.

ઈન્શાઅલ્લાહ, તમે પહેલાં આખરતનું કામ કરો, દુનિયા તો ઘણી મળશે.

મંજેવડી, ૨૭-૧૨-૧૮૯૩

દુનિયા તો ફાની છે તેમાં કાંઈ ફાયદો નથી. મરી જશો ત્યારે બે વાર જમીન મળશે વધારે નહિ મળે.

જામનગર, ૬-૪-૧૯૦૦

દુનિયા એક નઠારી સ્ત્રી જેવી છે, તેને જલ્દી કાઢી મુકવી જોઈએ, ઇન્સાન એવી સ્ત્રીમાં મન લગાડે તેમાં શું

ફાયદો થાય ?

જામનગર, ૬-૪-૧૯૦૦.

તમે જાણો છો કે અમારા પાસે દુનિયાનો માલ ઘણો છે, પણ અમે દુનિયાના માલ ઉપર મહોબ્બત તથા તમા રાખતા નથી અને દરવેશીમાં જિંદગી પસાર કરીએ છીએ. તમને પણ એ પ્રમાણે ઘટારત છે કે દરવેશ માફક રહો.

જંગબાર, ૯-૯-૧૮૯૯.

દુનિયામાં ઈન્સાન માત્રને દુઃખ છે. દુઃખ સિવાય કોઇ પણ ઇન્સાન દુનિયામાં સુખી નથી. ઈન્સાનનું દિલ દુનિયામાં વધારે દોડે છે, તે દગલબાજી કરે છે. ઈન્સાન ઉંઘતો હોય છે ત્યારે પણ સ્વપ્નામાં પૈસા, હવેલીઓ, બાયડી, છોકરા, વગેરે જુએ છે, પણ જાગે છે ત્યારે કાંઇ હોતું નથી; તે પ્રમાણે દુનિયામાં રહેવું તે પણ સ્વપ્ના જેવું જ છે.

જંગબાર, ૧૮-૮-૧૯૦૫.

દુનિયા જહન્નમ મિસાલ છે. જો હજાર, બે હજાર કે કરોડ રૂપીયાની દોલત હોય, ઉમર પણ સો બસોની હોય, તો પણ સઘળું ઝેર બરાબર છે.

રાજકોટ, ૨૦-૨-૧૯૧૦.

જેની પાસે દુનિયામાં પૈસો છે તે અહીં ખુશી નથી. પૈસો થોડો છે તે ધરમ ઉપર છે, તે અહીં ખુશી છે. આ દુનિયા ફાની છે, તે આજ છે કાલ નથી, અને સો વરસથી વધુ જીવશો નહિ માટે ફરમાવ્યા પ્રમાણે ચાલો, ખાનાવાદાન.

અમદાવાદ, ૧૨-૨-૧૮૯૬

જેમ ભૌતિક હાલતો બદલાય છે, તેમ આત્મિક હાલતો ફક્ત આ જીવન પુરતી જ મર્યાદિત નથી અને (તમારે) આત્મિક પ્રગતિમાં વધારે આગળ વધવાની જરૂર છે. અંતે તમને જણાશે તે આખરત માટેનું જ તમારૂં કાર્ય તમોને આ દુનિયાના કામોમાં મદદરૂપ થાય છે.

## આખિરતના મેવા :

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું,

તમે એવી હિંમત કરો કે જ્યારે તમે આ દુનિયા છોડી જાઓ ત્યારે ફિરશ્તા થાઓ.

જે મોમન આ દુનિયા છોડી જાય છે, તેને માટે આ દુનિયા તંગ જગ્યા છે. મોમન આ તંગ જગ્યા છોડીને મોટી કુશાદા જગ્યામાં જવા ઇચ્છે છે. આ બદ જગ્યામાંથી નીકળીને સારી જગ્યામાં જવાનું છે.

મંજેવડી, ૩-૧૧-૧૯૦૩

હકીકતી મોમનને દુનિયામાં ફાયદો નથી. દુનિયામાં ખુશી નથી.

જંગબાર, ૩૧-.-૧૮૯૯

મોમન લોકો જેઓ આ દુનિયા છોડી જાય છે તેની જગ્યા અમારા કિલ્લામાં હોય છે. બીજે ક્યાંય હોતી નથી.

મુંબઈ, ૧-૧-૧૯૩૮

તમે દુનિયાનો રસ છોડી આપો તો બહેશ્તમાં જાઓ. દુનિયાનો સ્વાદ છોડી દેશો ત્યારે જ મુશ્કેલીથી બહેશ્તમાં પહોંચશો. જ્યાં દિદાર છે ત્યાં બહેશ્ત છે.

મંજેવડી, ૨૫-૧૨-૧૮૯૩

ઈન્સાનના ગુઝરી જવા માટે મોમનને અફસોસ ન હોય.

મુંબઈ, ૨૧-૧૨-૧૯૩૩

મોમન રાત દિવસ અમારી હુઝુરમાં છે. મોમન હંમેશા બગીચામાં છે.

મોમન છે તે ગુજરી જવા બાદ હાઝર ઈમામના કદમમાં જ રહે છે.

નઈરોબી, ૧૪-૩-૧૯૨૬

એક મહુંમ માટે ફરમાવ્યું :

તેઓ અમારા નુરમાં પહોંચ્યા છે, અગર તેઓ દુનિયામાં હયાત રહે તે અને અમારી હુઝુરમાં કામ કરતે તો પણ ફરી તેઓથી ગુનાહ પણ થાત. તે વળી માફી માગત, એમ ગુનાહ થયા કરત, પણ એ તો નિર્દોષ સીધા અમારી હુઝુરમાં જ પહોંચ્યા છે. તેઓને ઘણી દુઆઆશિષ ફરમાવીએ છીએ, ખાનાવાદાન.

તમે એવા ખ્યાલ કરો અને એવી ઉમેદ રાખો કે ઘણા સારા અને પાક થઈને ફિરસ્તાથી પણ ઊંચી જગ્યાએ જઇએ.

દુનિયા બે દિવસની છે, તેમાં ઈબાદત કરીને પાક બનવાનો ખ્યાલ રાખો.

પરમાર્થ કરીને બીજાને છોડાવવો, એ હજાર વર્ષની બંદગી કરો તે કરતાં વધુ છે. હજાર વર્ષ બંદગી કરો તે કરતાં પણ એ કામ મોટું છે. વેપાર કરો અને પૈસા કમાવી પરમાર્થના કામ કરો....સો વર્ષ બંદગી કરો તે કરતાં બીજા જીવને છોડાવવા એ વધારે છે.

તમોને આખી રોટલી મળે તો અર્ધી રોટલી તમારા ગરીબ દીનભાઈ હોય તેને આપજો.

જામનગર, ૭-૪-૧૯૦૦

પોતાના ઈસ્માઈલી દીનભાઈઓને કાળજીથી સંભાળવા.

જામનગર, ૭-૪-૧૯૦૦

બન્ને દુનિયામાં શહીદ જેવા થઈને રહો. આપણો ધર્મ ખુશહાલીનો છે. શહીદ લોકો માથું આપે છે અને તમે જે કામ (ખિદમત) કરો છો તે શહાદતના કામ છે. આવા સારા કામો કરવામાં આનંદ ભરેલી ખુશહાલી અને મિજાઝ ઠંડો અને ખુશ રહે છે.

પોતાની હયાતીમાં જે હાથે કરશે તે તેની સાથે આવશે. જો તમે દીનનું કામ નહિં કરો અને મરી જશો ત્યારે ઘણા પસ્તાશો. બધા ઉપર મોત છે.

ખુદાવંદ આલમીનને ઇન્સાનનો જીવ ઘણો પ્યારો છે, માટે તે જીવના છુટકારા માટે તૌબા કરવી જોઇએ. કારણ કે જે જીવ ખુદાવંદતઆલાને આટલો બધો પ્યારો છે, તેને દોઝખમાં નહિ પડવા દેવો જોઈએ.

મંજેવડી, ૨-૧-૧૮૯૪

## આખિરતનો સબક :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું,

ઈન્સાન જ્યાં સુધી આ દુનિયામાં છે, ત્યાં સુધી તે

સ્કૂલમાં શીખનાર વિદ્યાર્થી માફક છે. સ્કૂલમાં શીખતા છોકરા હંમેશાં પોતાનો અભ્યાસ ચાલુ રાખે છે અને સ્કૂલમાં જે શીખવવામાં આવે છે તેનું શિક્ષણ લીએ છે તેમજ ઈન્સાન આ દુનિયામાં જીવે ત્યાં સુધી શીખતાં શીખતાં હોશિયાર, અક્કલવાન, જ્ઞાની તથા હિંમતવાન થાય છે.

જે છોકરો નાનપણથી સુસ્તી કરીને પોતાનો પાઠ બરોબર યાદ કરતો નથી, તે પરીક્ષામાં પાસ થતો નથી અને ગધેડા મિસાલ રહી જાય છે.

ઈન્સાન હંમેશાં શિક્ષણ લેતો રહે તો, ગુજરી ગયા બાદ આખિરતની પરીક્ષામાં પાસ થાય.

દુનિયામાં કયા કયા પાઠ શીખવા જોઈએ? પહેલો પાઠ તો પાકાઈનો પાઠ છે, એટલે સર્વે બાબતોમાં પાક અને સાફ થવું. જો આ પાકાઈનો પાઠ દુનિયામાં બરાબર શીખ્યા હશો, તો ઈન્શાઅલ્લાહ મરણ બાદ જ્યારે તમારી પરીક્ષા લેવામાં આવશે ત્યારે પાસ થશો.

મરી ગયા બાદ આખરતની પરીક્ષા પાસ કરવા માટે ચાર પાઠ કરવાની જરૂર છે. આ ચાર પાઠ આ પ્રમાણે છે:

(૧) તમારૂં ઇમાન પાક જોઈએ. (૨) તમારા આમાલ પાક જોઈએ. (૩) તમારી આંખ પાક જોઈએ. (૪) તમારા હાથ પાક જોઈએ.

(૧) હવે ઇમાન એવી રીતે પાક હોવું જોઈએ કે, તમારો રૂહ અક્કલ અને ઇશ્ક વડે પાક હોય, ત્યારે તમારૂં

ઈમાન પાક થયું કહેવાય. જો ઈમાન પાક થાય તો પહેલા પાઠમાં તમે પાસ થયા એમ કહેવાય. ઈમાનનો પાયો ઇશ્ક ઉપર રહેલો છે. જો ઇશ્ક બરાબર હોય તો ઈમાન રૂહ સાથે એક થઈ જાય છે.

(૨) આમાલ પાક તે શું ? અને તે કેવી રીતે પાક રહે ? આમાલ પાક રહેવા માટે હંમેશાં યાદગીરી રાખવી જોઈએ. આ યાદગીરી રાખવાનું કામ ઘણું કઠણ છે. કારણ કે શેતાન ઇન્સાનને હંમેશાં ફરેબ આપે છે. શેતાન રાત–દિવસ તમારી પાસે તૈયારજ બેઠો છે. ફક્ત હકીકતી મોમનજ તેના ફરેબથી બચે છે. જેમ એક માણસ જ્યારે મુસાફરી કરતો હોય છે અને તેની પાસે માલ હોય છે, ત્યારે તે માલ લુંટાઈ ન જાય માટે, તે મુસાફરને ઊંઘ પણ આવતી નથી, કારણ કે તે સમજે છે કે જો હું ઊંઘી જઈશ તો ચોર આવીને મારો માલ લૂંટી લેશે. એટલું જ નહીં પણ કદાચ મને મારી પણ નાખશે. આવી રીતે હકીકતી મોમન રાત અને દિવસ એવો ખ્યાલ રાખે છે કે મારા આમાલ પાક રહે તો સારૂં અને મને શેતાન બાજી ન આપે તો સારૂં. આવી રીતે હકીકતી મોમન શેતાનથી ડરતો રહે છે. શેતાનને પોતાનો દુશ્મન સમજે છે.

(૩–૪) તમારી આંખો, હાથ અને જબાન પણ હમેશાં પાક રહેવા જોઈએ. જે ઇન્સાનની આંખ પાક નહિં હોય તેને ગુનાહ છે. આંખો પાક રાખવાનું કામ બહુજ મુશ્કેલ છે. પરાઈ ઓરત અથવા પરાયા માલ ઉપર બદ

નજર કરશો તો તેમાં તમોને ગુનાહ છે. પરાયા માલ અથવા પરાઈ ઔરત માટે તમારા દિલમાં જો જરા પણ બદ ખ્યાલ આવશે તો પણ તમારા હકમાં ઘણું નુકશાન છે. એ કામમાં ઈન્સાનનું માંસ ખાવા જેટલો ગુનાહ થાય છે. જેઓની આંખો પાક છે તેઓને માટે આસાન છે. તેઓથી કંઈ પણ ગુનાહ નહિં થઈ શકે.

જે માણસની ઝબાન, હાથ તથા પગ પાક નથી, તેને માટે ઘણું મુશ્કેલ છે. ઝબાન પાક રાખવાનો મતલબ એ છે કે, કોઈ પણ વખત કોઈ મોમન કે બીજાની ગીબત અથવા બદગોઈ કરવી નહિ. આવી રીતે તમારી ઝબાન પાક રાખો. કદાચ કોઈ મોમનમાં કોઈ જાતનો એબ માલમ પડે તો, તેનો ઈન્સાફ કરીને તમારી ઝબાનથી તેનો એબ બોલવો નહિં. કોઈ પણ માણસ અથવા મોમનનો ઈન્સાફ કરવો તમારૂં કામ નથી.

....ખુદાવંદતઆલા પણ માણસોના એબ ઉપર પડદો ઢાંકે છે, ત્યારે તમારે પણ પોતાની ઝબાનથી કોઈનો એબ ખુલ્લો કરવો નહિ જોઈએ. આવી રીતે તમારી ઝબાન પાક રાખો. તમારા હાથને ખરાબ કામ કરવાથી અટકાવો. આવી રીતે તમારે હરેક કામમાં પાક થવું જોઈએ.

અમો તમોને દુઆ કરીએ છીએ. તમે તમારા રૂહને એવી કસરત આપો કે તે મોજીજા કરી શકે અને તમે પોતાની અસલ જાતને ઓળખી શકો. તમારા રૂહને સારા કામ કરવાની આદત પાડો. તમે રૂહને જેવી આદત આપશો,

તેવી આદત તે પકડી લેશે. તમારા રૂહને પાક કામ કરવાની આદત આપશો તો આસ્તે આસ્તે તમારા બદનમાંથી હેવાનિયત યાને જાનવરપણું નીકળી જશે અને આખરે મરણ અગાઉ તમારો રૂહ ફિરશ્તા જેવો થઈ જશે.

નૈરોબી, ૬-૧૦-૧૯૦૫

## કયામત :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું,

કયામતનો દિવસ આવશે ત્યારે તમને પુછવામાં આવશે કે, આમાલ કેવા કીધા હતા ? જો સારા કરેલા હશે તો જન્નતમાં લઈ જવામાં આવશે. સારું નરસું તમારા હાથમાં છે.

જંગબાર, ૩૧-૮-૧૮૯૯

જેઓ સારા છે અને ગુનાહ કરે છે, પણ ગુનાહની તૌબા નથી કરતા તેથી આખરતમાં તેઓના ગુનાહ વધી પડે છે. કયામતના દિવસે નબી રસુલ (સ. અ. વ.) ઉમ્મતનો હાથ ઝાલશે; જે નહિ ઓળખે તેનો હાથ નહિ ઝાલે. તમે એમ નહિ સમજજો કે બધી ઉમ્મત, ઉમ્મત છે; જેણે ઓળખેલ હશે તેજ ઉમ્મત છે.

મંજેવડી, ૨૮-૧૨-૧૮૯૩

દુનિયામાં માણસ ઘણું ઘણું તો સો વર્ષ જીવશે. જુવાન અથવા બુઢા સર્વેને મરવાનું છે. ત્યારબાદ કયામત છે. કયામતમાં એક કલાક હજાર વર્ષ જેવડી લાગશે. ત્યાં તમે શું કરશો ? અને શું જવાબ આપશો ? દુનિયામાં એવી રીતે ચાલો અને એવા કામ કરો કે, કયામતમાં કાળું મોઢું લઈને નહિં જાઓ.

જંગબાર, ૩૧-૮-૧૮૯૯

જ્યારે ખુદાવંદતઆલા તમને જહન્નમમાં જવાનો હુકમ કરશે ત્યારે, કેવી રીતે છુટશો ? જહન્નમમાં બહાર નીકળી જવાનો દરવાજો નથી કે જ્યાંથી તમે ભાગી છુટો ! હંમેશા જહન્નમનો અઝાબ ખમવો જોઈશે. પયગમ્બરની મના હોય તે કામ નહિ કરો, જેથી જહન્નમમાં જતાં બચો.

જંગબાર, ૩૧-૮-૧૮૯૯

કોઈ માણસ ઝઈફ, બુઢી બાઈના દાગીના, પૈસા અનામત હોય તે પચાવી પાડે તેનો ગુનાહ કેમ માફ થાય ? આવા માલના પસામાંથી એક રોટલી વેચાતી લઈ ખાશો તો તે રોટલી કયામતના દિવસે તમારી ગરદન પકડશે અને હિસાબ લેશે.

જંગબાર, ૩૧-૮-૧૮૯૯

ખુદાના દરબારમાં જે કોઈ ઈબાદત બંદગી નહિં કરે, તેની આગળ કેવી હાલત થશે તે તમોને સંભળાવીએ

છીએ. કયામતનો દિવસ થશે ત્યારે આ છ ટોળાવાળા ગુનાહગારોને એવી આકરી અને કારમી સજા થશે કે તેઓ ત્રાહી ત્રાહી પોકારશે.

પહેલું ટોળું એ કે, જેણે ખુદાની ઈબાદત બંદગી નથી કરી, અગર જીંદગીમાં એક વખત પણ ખુદાની ઈબાદતનો વખત ભુલી ગયો હોય.

બીજું ટોળું એ કે, જેણે હક અને જકાત આપી નથી, અગર એક ચોખાનો દાણો જકાત વગરનો રહી ગયો હોય.

ત્રીજું ટોળું એ કે, જેણે શરાબ પીધો હોય. અગર એક ટીપું પણ શરાબ પીધું હોય અને તૌબા કરી ન હોય અને ગુજરી ગયો હોય.

ચોથું ટોળું એ કે, જેણે સુદ યાને ભારે વ્યાજ પોતાના દીનભાઈઓ પાસેથી ખાધું હોય;

પાંચમું ટોળું એ કે, જેણે પોતાના મા-બાપના બેહાલ કર્યા હોય અને તેની બરદાસ ન કરી હોય. અગર એક વખત પણ મા-બાપને રંજાડયા હોય.

છઠું ટોળું એ કે, ખુદાને યાદ કરવાની જે જગ્યા હોય, યા ઈબાદત બંદગીની જગ્યા હોય, ત્યાં કોઈપણ વાત દુનિયાની કરી હોય, અગર દીનભાઈની નિંદા કરી હોય અથવા આખી જીંદગીમાં એક શબ્દ જેટલી પણ દુનિયાની વાત કરી હોય.

મુંબઈ, ૨૭-૪-૧૮૯૧

મહાદનકા રોયા કુછ કામ નહિ આવે.

મંજેવડી, ૨૮–૧૨–૧૮૯૩

◈

તમે દુનિયામાં બેઠા છો ત્યાં સુધી ઘણું ઠીક છે. હરો છો, ફરો છો, ખાવો છો, પીઓ છો, અહિં તમને ઘણો આરામ છે. પણ બીમાર થશો અને મરણ નજીક આવશે ત્યારે ખુદાને શું જવાબ આપશો ? અગર જુવાન માણસ ખ્યાલ કરે કે, મારા ઉપર મોત નથી. પરંતુ જ્યારે તાવ, બીમારી, મરકી, પકડશે ત્યારે મરી જશો. બાઈડી વિગેરે કાંઇ કામ આવશે નહિ.

જગબાર, તા. ૩૧–૮–૧૮૯૯

◈

હંમેશા જુઓ તો મોટાઈ ખુદાની છે. મોમનના માથે નુર હશે તે જોઈ કેટલાક તે દિવસે અફસોસ કરશે કે, શા માટે અમે એવા સારા કામ ન કર્યા ?

મંજેવડી, ૨૮–૧૨–૧૮૯૩

◈

ખુદાની બીક રાખો અને છેલ્લા દમ સુધી બીજો હરફ ન નીકળે તેની બીક રાખો. ઈન્શાઅલ્લાહ ! હમેશા મુર્તઝાઅલીને યાદ કરશો અને છેલ્લા દમ સુધી ઝીકર કરશો તો તે હાથ ઝાલશે અને મદદ કરશે.

મંજેવડી, ૨૮–૧૨–૧૮૯૩

◈

તમે અમારા મુરીદ છો. ઉમેદ છે કે તમારી સુરત આખિરતમાં હમેશ સફેદ હશે.

તમે અમને એક વસો ચાહો છો, તો અમે તમને સો વસા વધારે ચાહીએ છીએ. જો તમે સાચા યકીનથી ચાલશો, તો તમે કયામતના દિવસે અમારા છત્ર નીચે હશો.

જંગબાર, ૨–૯–૧૮૯૯

◈

## મોમનના લક્ષણ :

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું,

મોમનની નિશાની એ છે કે તે સમજે કે ખુદાવંદ-તઆલાની નજદીક થાઉં અને ખુદાવિંદને નજઝીક બનાવું.

જંગબાર, ૩૧–૮–૧૮૯૯

◈

મોમન છે તે કોઇપણ બીમારી અથવા બીજી બાબતથી ડરતો નથી. મોમનને ખુશી અથવા નાખુશી શા માટે જોઈએ ? મોમન જયારે ગુજરી જાય છે ત્યારે ખુદાવંદત-આલાની હજૂરમાં પહોંચે છે.

તમે કોઈપણ વખત દિલગીર નહિ થશો કારણ કે મોમન હંમેશાજ ખુશ હોય અને એવા મોમનને હંમેશા રાત અને દિવસ દિદારજ હોય છે.

◈

જે મોમન હશે તે મસ્તાના સિંહ જેવો હશો, તેને

કંઈપણ ધારતી નથી. હકીકતી મોમનને દુનિયામાં ફાયદો નથી. દુનિયામાં ખુશી નથી. અમે પોતે દુનિયામાં છીએ તે કેદખાનામાં છીએ એમ સમજીએ છીએ. મોમન સમજુ અને અક્કલવાળો હોય તેના માટે દુનિયા જહુન્નમ છે.

જંગબાર, ૩૧–૮–૧૮૯૯

◈

જે ઇન્સાન મોમન છે તેના સર્વે કામ સારા હોવા જોઈએ. મોમનના ખ્યાલ, વિચાર અને બાતિન સર્વે સાફ જોઇએ.

જંગબાર, ૧૩–૯–૧૮૯૯

◈

મોમન રાતની વેળા સુએ છે ત્યારે વિચાર કરે છે કે હું વહેલો ઊઠીને સારા કામ-કરીશ. મોમન આવા સારા ખ્યાલ કરીને સુએ છે ત્યારે તેનું સુવું પણ ઈબાદતમાં લેખાય છે.

જંગબાર, ૧૩–૯–૧૮૯૯

◈

કોઈ પરાયાનો માલ ખાઈ જવો મોમન માટે વાજબ નથી.

◈

મોમનને જરૂર છે કે ગુસ્સો ન રાખે, હંમેશા ખુશ રહે તેથી અમે રાજી છીએ.

મોમન છે તેમાં કંકાશ નહિં જોઇએ.

જંગબાર, ૧૪–૧–૧૯૨૫

◈

એક માણસનું ઈમાન ગમે તેટલું મજબુત હશે તો પણ જો તે કોઈ મોમનને દુઃખ દેશે તો તેણે અમને દુઃખ દીધા બરાબર છે. મોમનને આપેલું દુઃખ અમારા કલેજામાં બાણની માફક અમને લાગે છે. અમારા પાક મોમનને અમે અમારી આંખોની અંદર રાખીએ છીએ. એવા મોમનને કોઈ દુઃખ દેવે તો તેણે અમારી આંખને દુઃખ આપ્યું.

નૈરોબી ૬–૧૦–૧૯૦૫

ભુલમાં માલેવાજબાત ખવાઈ ગયો હોય તો છાંટો નખાવવાથી માફ થાય પરંતુ મોમનના ગુનાહ કરશો તો માફ નહિ થાય.

જંગબાર, ૩૧–૮–૧૮૯૯

મોમનની નિશાની એ છે કે તે કદી પણ મતલબ વગરની અથવા ગેરવાજબી વાત કરતો નથી. દીન તથા દુનિયા બન્નેમાંથી કોઈપણ ફાયદો હોય તોજ તે વાત કરે છે, પણ અર્થ વગરની નકામી બકબક કરતો નથી.

વધારે બોલવામાં કંઈ ફાયદો નથી. ઓછું બોલનાર માણસ સારો છે. જો જરૂર પડે તો જ મોઢામાંથી શબ્દો બોલવા નકામુ બોલવાથી નુકશાન થાય છે. મોમનની નિશાની એ છે કે થોડું બોલે.

જેમ માણસો બીમારીથી દૂર નાસે છે તેમ મોમન

ગુનાહથી નાસી જશે.

જંગબાર, ૯-૯-૧૮૯૯

◈

તમે મોમન હો પણ થોડી કસર હોય તે કામ ન આવે.

◈

મોમન માણસ સવારમાં ઊઠીને કહે કે મારું ઈમાન સારૂં છે. મારૂં દિલ સાફ છે. અમારી દુઆ એકને માટે નહિ, આખી દુનિયા માટે છે. અમારી દુઆથી જ જો સારૂં થવાનું હોય તો સારૂં થાય. ખાનાવાદાન.

જંગબાર, ૧૪-૨-૧૯૨૫

◈

મોમન વાસ્તે પહેલું કામ એ છે કે હયવાનની આદત છોડી આપે...તમે કહો છો કે અમે મોમન છીએ ત્યારે અમે પૂછીએ છીએ કે જનાવરથી કયો હુન્નર તમારામાં વધારે છે?

◈

મોમનની નિગાહ હંમેશા ઊંચે જવાની હોય છે.

રાજકોટ, ૨૧-૧૦-૧૯૦૩

◈

મોમન જેમ જેમ ખુદાવંદતઆલા સાથે વધારે અને વધારે મહોબ્બત રાખે છે, તેમ તેમ ખુદાને વધારે અને વધારે નજદીક થતો જાય છે. તે ખુદાને પ્રત્યક્ષ જુએ છે.

જંગબાર, ૭-૯-૧૮૯૯

◈

એક કલાક ખ્યાલ કરજો કે રૂહ શું છે? આવી રીતની આદત હોય ત્યારે મોમન થાય. આવા વિચારો કરશો ત્યારે મોમનના લક્ષણ તથા દીનની તમને ખબર પડશે.

દારેસ્સલામ, ૨૭-૯-૧૮૯૯

## નેક આમાલ :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું,

પીર સદરદીન બુદ્ધિવાન, દાના, સાચા અને બાતુનમાં પણ સાફ હતા. કોઈ પણ ખોજો હશે તે કહેશે કે પીર સદરદીને ખોજા બનાવેલ છે. તે પીર સદરદીન પણ તમો ખોજાઓના દીનબંધુ હતા. તમે પણ મહેનત કરો અને પીર સદરદીન જેવા થાઓ.

તમે એમ કરો કે, જેમ પીર સદરદીન મહેનત કરી, તેના જેવી મહેનત કરો તો તમે પણ પીર સદરદીન જેવા થઈ જશો. મહેનત એ ન ગણાય કે તમો જમાતખાનામાં દુઆ પઢવા આવો, એ કામ તો ઘણું જ આસાન છે.

જંગબાર, ૧૩-૯-૧૮૯૯

હકીકતી જો ખુદામાં વાસલ થવાની મકસદ સમજે તો તુરત મારફતને પામે છે. પીર સદરદીન ખુદાની નજીક હતા, તે ખુદાને નજીક સમજતા હતા, તેને યકીન હતું કે, હું ખુદાથી નજીક છું. તેણે કદી પણ બુરૂં કામ કર્યું નથી.

પીર સદરદ્દીન એકલા જતા હતા ત્યારે પણ સમજતા હતા કે, ખુદા મારી પાસે છે. જે કોઈ ખુદાને હાજર સમજે છે તેના માટે પણ એમ જ છે.

તમે તમારા માતા–પિતાના દેખતાં ખરાબ કામ કરી શકશો નહિ, તેમજ ખરાબ શબ્દો પણ બોલી શકશો નહિ. જે ઈન્સાન ખુદાને પાસે, હાજર સમજે છે તે ખરાબ કામ કરી શકતો નથી. તેમ બધાં કામમાં એ પ્રમાણે સમજવું જોઇએ.

જે ઈન્સાન મોમન છે તેના સર્વે કામો સાફ હોવા જોઇએ. મોમનના ખ્યાલ, વિચાર અને બાતુન સર્વે સાફ જોઈએ. મોમન માટે આ વાજબ છે.

તમારો દીન કેટલા મુદ્દા ઉપર ઊભો રહ્યો છે? કેટલા મુદ્દા ઉપર આધાર રાખે છે? તમારા દીનનો પાયો નેક આમાલ ઉપર રહેલો છે. જેમ કેઃ–

(૧) આંખની નજર સાફ રાખવી. (૨) સત્ય બોલવું. (૩) સચ્ચાઈથી ચાલવું. (૪) નેક આમાલ કરવા.

આ પાયા ઉપર ચાલશો તો જમીન ઉપર પડી નહિ જશો.

માણસો કહે છે કે, મરવા બાદ પુલસિરાત છે, એ વાત ખોટી છે. તમારી જીંદગી પુલસિરાત છે. દુનિયામાં, દુનિયાનાં કામ પુલસિરાત છે. ખુદા કાંઈ મદારી નથી કે દોરી નાંખીને તમને ખેંચે. તમારી હયાતીમાંજ પુલસિરાત પાર કરવી જોઈએ.

હયાતીમાં સારા ચાલ્યા, સારા થયા અને નેક આમાલ કર્યાં તો જાણે પુલસિરાત પાર ઊતર્યા. જો ખરાબ રીતે

ચાલશો તો પુલસિરાતને પસાર નહિં કરી શકશો. દુનિયા પુલસિરાત મિસાલ છે.

તમે તમારા દીનની વાતો બરાબર સમજો. જેઓ જાણે છે તેઓ હજી પણ વધારે શીખે. જેઓ શીખ્યા નથી તેઓ શીખે. વાંચશો સાંભળશો તો તમને ખબર પડશે. જો નહિ વાંચો, નહિ સાંભળો તો શું ખબર પડશે કે ઇસ્માઈલી મઝહબ શું છે?

જંગબાર, ૧૩-૯-૧૮૯૯

## ૨. આમાલથી ઇમાનની મજબુતી?

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

તમે ઈસમાઈલી મઝહબ ઉપર મજબુત રહેજો, ક્યારે પણ શેતાનની બાજી ખાશો નહિ. મોમનનું દિલ પહાડ માફક મજબુત હોવું જોઈએ. જેમ ડુંગર પોતાને ઠેકાણેથી બિલકુલ હલતો નથી, તેમ તમે પણ ઇસ્માઈલી મઝહબ ઉપર મજબુત રહો. તમારૂં દિલ ઝાડ માફક નહિ રાખતા, તેને જે બાજુનો પવન લાગે છે, તે બાજુ ઢળે છે. તે પ્રમાણે તમારૂં ઈમાન કાચું રાખશો નહિ. તમો એકલા ખુદાથી ડરજો બીજા કોઈથી ડરતા નહિ. મરદ તે છે કે જે સદા સાચે રસ્તે હોય અને જેનું દિલ તથા જબાન પણ સદા સાચા હોય.

જંગબાર, ૧૫-૯-૧૯૦૫

મોમન છે તે ફિરસ્તાથી પણ ઊંચી જગ્યાએ જઈ શકે છે, તમે પણ તેજ રસ્તા ઉપર છો, એખલાસના બારામાં કચાસ છે, તમારામાં એકદિલી નથી. તમે પોતપોતામાં દુશ્મની રાખશો અને દિલમાં જરા પણ ખરાબી હશે તો જે રસ્તે તમે ચડચા છો તે રસ્તામાં આગળ નહિ વધી શકો.

તમે જ્યારે સવારના નિંદ્રામાંથી ઊઠો ત્યારે દુઆ માગો કે અમારૂં ઇમાન સલામત રહે અને નાફરમાનીના કામથી દૂર રહીયે અને અમારાથી. ફરમાનબરદારીના ભલાં કામ થાય. એવી રીતની દુઆ ગુજારીને તમારા દિલ સાથે પંજો લ્યો. તમારા દિલમાં એખલાસનો વિચાર રહે.

જંગબાર, ૧૭–૯–૧૯૦૫

દીનના ભાઈ છે તે એક બીજાના સગા ભાઈ છે, તેથી તમે મોમીનો એક બીજાના ભાઈઓ છો તો અંદર એક-બીજામાં કોઈના માટે દિલમાં હસદ રાખવી નહિ. પણ જ્યારે દિલમાં તમે હસદ રાખો છો, ત્યારે તમારા રૂહને કોઢની બીમારી લાગુ પડે છે અને તે સબબથી આસ્તે આસ્તે તમારૂં ઇમાન જતું રહેશે.

નૈરોબી, ૪–૧૦–૧૯૦૫

અમે અમારા અંતઃકરણથી દુઆ ફરમાવીએ છીએ કે તમે સચ્ચાઈને રસ્તે ચાલો.

જંગબાર, ૧૪–૯–૧૯૦૫

## ૩ બાતુની જુસ્સો :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું,

તમો ઇસ્માઈલી મઝહબ ઉપર મજબુત રહેજો, ઇસ્માઇલી મઝહબ છે તે બાતુની મઝહબ છે. તમે તમારો બાતુની જુસ્સો પાક કરો અને તમારા આમાલ સારા કરો. પોતાના દીન મઝહબ ઉપર શક નહિ લાવવો, શક લાવવાથી ઇમાન જતું રહે છે. **શક બદ આમાલ કરવાથી પેદા થાય છે** શક આવે ત્યારે ઇમાન ક્યાંથી સાબિત રહે?

◈ જંગબાર, ૧૮-૮-૧૯૦૫

ઈન્સાનને ઘટારત છે કે, આમાલ સારા કરે, ઇન્સાન નમાઝ પડે અને રોઝા રાખે તેથી કાંઈ ગુનાહથી સાફ થતો નથી રોઝે કયામતમાં આમાલનું પુછાણું થશે. આમાલ સારા હશે તો ગુનાહ માફ થશે.

જંગબાર, ૩૧-૮-૧૮૯૯

◈

પહેલાં તમારૂં દિલ પાક કરો અને તમારી આંખો પાક કરો. દીન બહેનોને પોતાની સગી બહેનો કરીને સમજો. પરાયો માલ ખાઈ જવો નહી. દિલમાં બીજા માણસોનો રાખવો નહિ. ત્યાર પછી ઇબાદત કરો તો તમે ઇબાદતનો ફાયદો જોઈ શકશો.

મંજેવડી, ૩૧-૧૦-૧૯૦૩

◈

જે માણસની જબાન, હાથ તથા પગ પાક નથી તેને માટે ઘણું મુશ્કીલ છે. જબાન પાક રાખવાની મતલબ એ છે કે કોઈપણ વખતે કોઈ મેમાન કે બીજાની ગીબત અથવા બદગોઈ કરવી નહિ. આવી રીતે તમારી જબાન પાક રાખો.

નૈરોબી, ૬-૧૦-૧૯૦૫

◈

તમે જે વેપાર કરો છો તેમાં પણ જુઠું બોલવું નહી અને કોઈની સાથે દગાબાજી કરવી નહી.... જુઠું બોલવાની આદત છોડી આપશો તો તમારાથી એકપણ ગુનાહનું કામ નહિ થાય.

◈

પરાયો માલ ખાવો હરામ છે અને જો તે ખાઈએ તો આપણું માસ હરામ થાય છે અને પેદાશ પણ હરામ થાય છે. કોઈની પારકી આશા ન કરવી.

◈

તમારી આંખો, જબાન, હાથ સર્વે પાક હોય. બધું સત્ય, સત્ય અને સત્યજ હોય. આવા લક્ષણવાળો ઈન્સાન ગોયા ફિરસ્તો છે.

જંગબાર, ૧૬-૯-૧૮૯૯

◈

તમારા માબાપ ઉત્તમ છે હાજર ઈમામને ઉત્તમ સમજજો. આમાલ પણ તેવા રાખજો.

દારેસલામ, ૮-૨-૧૯૩૭

◈

ખરાબ કામ કરીને તમારા નામને કલંક લગાડતા નહી.

તમે એવી રીતે ચાલો કે હિંદુ, મુસલમાન યહુદી, નસારા, સુન્ની વગેરે સર્વે કોમો અમને કહે કે તમારા મુરીદો ઘણા નેક થઈને ચાલે છે, અને તેઓ ફિરસ્તા જેવા છે. આ બધું તમારા હાથમાં છે.

જંગબાર, ૧૬-૯-૧૮૯૯

તમે નેક કામ કરો. નેક કામ તે શુભ અને ખુબી ભરેલા છે. નરસા કામ ખરાબ છે...આપણો ઈસ્માઈલી મઝહબ ઘણો જૂનો છે, અને તેની આકબતની દવા, બાતુની પાકાઈ અને સફાઈની જરૂરત છે.

જેઓ સારા કામ કરે છે, તેમના કામમાં ખુદાવંદ કરીમ બરકત આપશે. સર્વે બરકત એક દિવસમાં નહિ પણ આસ્તે આસ્તે દિન પ્રતિદીન બરકત વધતી જશે. તેમના માલ તથા ઔલાદમાં ખુદાવંદ બરકત નાખશે, એક દિવસ તેઓ ઊચી ગતીએ પહોંચી જશે, ખાનાવાદાન.

જંગબાર, ૫-૯-૧૯૦૫

## ૪. વાવશો તેવું લણશો

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

ઇન્સાન જ્યારે મરી જશે ત્યારે તેને આખરતમાં પુછવામાં આવશે કે તેં દુનિયામાં કેવા કામ કીધા હતા ? દુનિયામાં માણસ સાથે બે મલાયેક રહે છે. તેઓ તેમના દરેક આમાલ લખે છે. જ્યારે ઇન્સાન ત્યાં એકઠા થશે ત્યારે તેમના આમાલ વાંચવામાં આવશે. કેવા આમાલ કીધા હતા તેની પુછા કરવામાં આવશે. દુનિયામાં એવી રીતે ચાલો અને એવા કામ કરો કે, કયામતમાં કાળું મોઢું લઈને નહિ જાઓ.

◈

અત્રે દુનિયામાં આંબા વાવશો તો તેમાં આંબા પેદા થશે. જો લીંબડો વાવશો તો લીંબડો પેદા થશે. જેવું વાવશો તેવું લણશો, તેમાં કાંઈ પણ શંકા નહિ લાવશો.

મુંબઈ, ૮-૯-૧૮૮૫

◈

ખરાબ આમાલ કરશો તો બુરા કહેવાશો, સારા આમાલ કરશો તો સારા કહેવાશો.

તમે શેતાની કામ કરશો તો સહુ કોઈ કહેશે કે તેઓનો દીન પણ શેતાની હશે. જો તમારા કામ સારા હશે તો તમારો દીન પણ સારો કહેવાશે.

જંગબાર, ૧૩-૯-૧૮૯૯

◈

જે ઇન્સાન બદકાર છે તે દુનિયામાં નહિ પણ જહન્નમમાં છે; કારણ કે બદકાર માણસ પોતાના દિલમાં ખુશી

હોતો નથી. હંમેશાં તેને તેનું દિલ સાક્ષી આપતું રહે છે કે, હું ફલાણાના પૈસા ખાઈ ગયો છું અને ફલાણા બુરા કામ મેં કીધા છે, તેનું દિલ રાત અને દિવસ તેને મુંઝવણમાં રાખે છે, ચેન આપતું નથી. બદકાર ક્યારે પણ આસુદા નહિ થશે.

તમે એવા કામ નહિ કરો કે, કોઈ અમને તાનું મારે કે તમારા ફલાણા મુરીદે હલકું કામ કીધું, હરામખોરી કરી, પરાયો માલ ખાધો : જ્યારે અમે એવું સાંભળશું ત્યારે અમે ઘણાજ દિલગીર થશું અને અમારું દિલ ઘણુંજ રંજીદા થશે.

ભાગામોયા, ૨૧-૯-૧૮૯૯

◈

તમે હરામખોરી તથા દુશ્મની કરો, નાફરમાનીના કામ કરો ત્યાર પછી ઈબાદત કરો એતો શેતાનની ઇબાદત કહેવાય.

◈

જે ઇન્સાન મોમન છે તેના સર્વે કામ સાફ હોવા જોઈએ. મોમનના ખ્યાલ, વિચાર અને બાતુન સર્વે સાફ જોઈએ.

◈

જે સારો તે અમારો પોતાનો છે.

જંગબાર, ૧૩-૯-૧૮૯૯

◈

જેમ માણસો દુશ્મન અને પ્લેગથી નાસી જાય છે,

તેમ મોમન ગુનાહથી દૂર નાસી જશે. મોમનને ગુનાહથી દૂર ભાગવું જોઈએ. જેમ માણસો બીમારીથી દૂર ભાગે છે તેમ મોમન ગુનાહથી દૂર નાસી જશે.

જંગબાર, ૯-૯-૧૮૯૯

જેઓ ખોટાઈની સુરતવાળા છે એટલે કે દિલમાં ખોટા ખ્યાલવાળા છે તેઓ જમાતખાનામાં ન આવે તો બહેતર છે. જમાતખાનું છે તે ફિરસ્તાની જગ્યા છે. ફિરસ્તાની જગ્યામાં શેતાન જોઈએ નહિ.

અમારા દીનમાં એવા મેવા છે કે તે મેવા ખાનાર કદી પણ ઘાસ ખાતો નથી, પણ એવા મેવા ખાવાને તમારે પાક દિલના થવું જોઈએ. ખાનાવાદાન.

કચ્છ નાગલપુર, ૨૫-૧૧-૧૯૦૩

## દીની તાલીમ :

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું,

તમે પોતાના બચ્ચાંને દુનિયાનો ધંધો શીખવો છો તેજ પ્રમાણે તેઓને દીનનો ધંધો પણ શીખવવો જોઈએ.

જંગબાર, ૧૪-૯-૧૮૯૯

માબાપની ફરજ છે કે પોતાના બાળકને ઇસ્માઈલી

મઝહબની તાલીમ લેવા જમાતખાનાની સ્કૂલમાં મોકલે. ઈસ્માઈલી દીનભાઈ સિવાય બીજા કોઈ પાસેથી દીની તાલીમ નહિ લેવી જોઈએ. જેમકે યહુદી, નસારા, સુન્ની, શીઆ, હિંદુ વગેરે પોતાના ધર્મની તાલીમ પોતાનાજ માણસો પાસેથી લીયે છે.

જંગબાર, ૧૧-૯-૧૮૯૯

ઈસ્માઈલી મઝહબના ગિનાન શીખવવા માટે સ્કૂલો સ્થાપવી, તેમાં ઘણો ફાયદો છે. દીન તથા દુનિયામાં તેનો ફાયદો મળશે. બચ્ચાને ઇલ્મ શીખાડવું તેમાં બધા કરતાં ઉત્તમ ફાયદો છે. જે બચ્ચા ઈસ્માઈલી મઝહબનું ઇલ્મ શીખશે, તેમને બરાબર ખબર પડશે અને ઈસ્માઈલી મઝહબ ઉપર મુસ્તકીમ થઈને ચાલશે.

બચ્ચાઓને દીન, ઇલ્મ, દુઆ, ગિનાન, ફરમાન, તવારીખ વગેરે કેળવણી આપવી અને તેઓને દીન ઉપર મજબુત કરવા.

રાજકોટ, ૨૦-૨-૧૯૧૦

શિક્ષણમાં નુરૂમ્મુબીન, મૌલાના રૂમની કિતાબ પડો, ઇમામોનો ઇતિહાસ શીખવો, તેનો અભ્યાસ કરાવો. ઇમામ તથા ઇસ્માઈલી મઝહબના મૂળ તત્ત્વો અને ઉસુલોનું ખરૂં રહસ્ય સમજાવવું જોઈએ.

મિશનરીઓ અને ધાર્મિક સ્કૂલના માસ્તરો ઉપર ફરજ છે કે ફક્ત ગિનાન અને ફરમાન શીખવવા તે પુરતું નથી, પણ તેની રૂહાની મતલબ પણ શીખવવી. **આપણો મઝહબ રૂહાનીયતનું તખ્ત છે.**

નાનપણમાં ધાર્મિક શિક્ષણની બહુજ જરૂર છે, અગર બચ્ચાઓને માબાપ તરફથી બરાબર શિક્ષણ મળે તો તેઓના ઇમાનમાં ફરક નહિ આવે.

જે કોઈ આપણા દીનમાંથી નીકળી જાય છે અને પોતાના ખ્યાલ બીજે ઠેકાણે દોડાવે છે તે બે ઇલ્મ છે. તેને દીન ઇલ્મની કાંઈ ખબર નથી. તેઓ માએના સમજતા નથી અને જે મેવો અમે આપીએ છીએ તે ખાતા નથી. તેઓ મેવાને ઓળખતા નથી કારણ કે એ મેવો કદી ખાધો નથી. તેમ તેઓના માબાપે તેઓને મેવો ચખાડયો નથી.

રાજકોટ, ૨૧-૧૦-૧૯૦૩

બચ્ચાના માબાપ એવું કામ ન કરે કે જેથી તેઓ એવા ગુનાહને લાયક થાય. તમે બચ્ચાઓને દીનથી વાકેફગાર નહિ કરો તો તેઓ ખરાબ થઈને બીજાના દીનમાં જશે. તેમાં બચ્ચાની તકસીર ગણાશે નહિ, પણ માબાપની તકસીર લેખાશે. વળી માબાપોની તકસીર ઉપરાંત, જે જમાતના મુખી કામડીઆએ એ ખબર નહિ લીધી હોય

તેની પણ તકસીર ગણાશે. એવા દીનથી નાવાકેફગાર લોકો દીનમાંથી નીકળી જાય તેના અડધા ગુનાહ માબાપો ઉપર છે અને અડધા ગુનાહ મુખી કામડીઆ, તથા જમાતના અમલદારો ઉપર છે. કારણ કે તેઓએ મહેનત લીધી નહિ.

રાજકોટ, ૨૧-૧૦-૧૯૦૩

◈

જો તમો તમારા બચ્ચાઓને નાનપણથી દીનની તાલીમ નહિ આપો તો પછી કયારે તેમને દીનની તાલીમ આપશો ઘડપણમાં આપશો ?

જો જવાનીમાં તમારૂં ઇમાન મજબુત રહી શકશે અને બંદગી તથા સારા કામ કરી શકશો તોજ બુઢાપામાં તમને ફાયદો હાંસલ થશે. જે બુઢ્ઢાઓ સુસ્ત જોવામાં આવે છે અને જેમના ઈમાન મજબુત નથી તેઓએ નાનપણમાં દીનની તાલીમ બરાબર લીધી નથી, માટે નાના બાળકોને ઉગતી જવાનીમાં ધર્મબોધ આપી સાચવવા દુરસ્ત છે. તેમને દુઆ વખતે તથા જાગરણમાં જમાતખાનામાં હાજર રહેતા શીખવો.

કચ્છ નાગલપુર, ૨૬-૧૧-૧૯૦૩

◈

શાળામાં શીખેલી ધર્મભાવના એક માણસના જીવન અને ચારીત્ર ઘડતરમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. યુવાન અને વૃદ્ધ બન્નેના રૂહાની જીવનનું મુલ્ય કદી એક સરખું આંકી શકાતું નથી.

◈

સર્વે જમાત અમારી ઔલાદ છે. પણ સ્કુલનાં બચ્ચાં તો અમારૂં લશ્કર છે. તેઓ અમને બહુ વ્હાલા લાગે છે.

જંગબાર, ૫–૯–૧૯૦૫

◆

સ્કુલમાં શીખનારા મારા વ્હાલા બચ્ચાં છે. તેઓની તમો સંભાળ રાખો અને તેમને ઇસ્માઇલી મઝહબનું શિક્ષણ આપો.

જંગબાર, ૨૨–૮–૧૯૦૫

◆

તમે પીર સરકારની ઘણી ખિદમત કરો છો. બચ્ચાઓને સિંધી અક્ષર, ગિનાન, દુઆ શિખવાડો છો, તેનો બદલો ખુદાવંદ તમને બન્ને દુનિયામાં આપશે.

◆

સ્કુલ ચાલુ રહેવામાં જે રાજી હશે તેના ઘર ખુદાવંદે કરીમ આબાદ કરશે. તેનો માલ તથા ઔલાદ આબાદ રહેશે.

જંગબાર, ૨૨–૮–૧૯૦૫

◆

માવિત્રો માટે એ ઘણું જ અગત્યનું છે કે પોતાના બચ્ચાઓને મઝહબી તાલીમ, નીતિ શિક્ષણ અને એવી સંસ્થાઓ કે જ્યાં આવી આવી દીની કેળવણી મળી શકે છે ત્યાં જવા માટે જેટલું બને તેટલું ઉત્તેજન આપે.

◆

શિક્ષકો, એસોસીએશન, અને તે લોકો કે જેઓ પોતાના વખત અને ફિકરનો ભોગ આપવા તૈયાર છે તેઓને

એ જોવાની ફરજ છે કે જે ઉચ્ચ મકસદ માટે તમો પોતાનો ખ્યાલ અને ધ્યાન આપી રહ્યા છો તેને છાજે એવું શિક્ષણ આપવામાં આવે છે અને એવા મિસાલો કાયમ કરવામાં આવે છે.

મુબારક સંદેશો ૧૨–૧૨–૧૯૫૩

તમો બધાને લાજમ છે કે જો તમારા બચ્ચાનું ભવિષ્ય સારૂં ઇચ્છતા હો તો અને તેઓનું ભવિષ્ય સારૂં જોઈતું હોય તો આપણી સ્કુલમાં ધાર્મિક શિક્ષણ આપો અને મઝહબની બાબતો શીખવો.

કરાંચી, ૨૨–૪–૧૯૨૦

આપણા દીન ધર્મની કિતાબો બચ્ચાંઓના હાથમાં આપો જેથી બચ્ચાંઓ વાંચે અને હોશીઆર થાય અને હયવાન માફક રહી નહી જાય...નાના બચ્ચાંઓને બહુ સારી રીતે સંભાળો.

સુરત, ૧૨–૧૦–૧૯૦૩

સૌથી પ્રથમ જે બચ્ચાંઓ છે તે અમારા પોતાના બચ્ચાઓ છે, તેઓ અમને ઘણા વ્હાલા અને પ્યારા છે. તેમને ખૂબ સંભાળજો. અને તેમને આપણા ઈસ્માઈલી મઝહબનું શિક્ષણ આપજો.

જંગબાર, ૨૨–૮–૧૯૦૫

તમારા બચ્ચાંઓને દુન્યવી ભાષા ઉપરાંત ગિનાનનો મુશાહેદો શીખવો. તમારા છોકરાઓને બેઈમાની માણસો પાસે બેસાડશો તો ઈમાનની નુકશાની થશે. તેમને નવરા નકામા બેસાડી રાખશો તો દુનિયાના ખ્યાલ તેઓના દિલમાં ઉત્પન્ન થશે તે માટે ગિનાન શીખવામાં તેઓને મશગુલ રાખો.

ભાગામોયા, ૨૧–૯–૧૮૯૯

માબાપને લાજમ છે કે પોતાના બચ્ચાઓને જમાતખાનામાં મોકલે અને પોતાના દીનની હકીકતથી વાકેફગાર બનાવે.

જામનગર, ૧૩–૭–૧૮૯૯

તમારા નાના બચ્ચાંઓને પણ નસીહત કરો કે તેઓ પણ હરરોજ જમાતખાનામાં આવે. બાળકોને તમારી સાથે જમાતખાનામાં લાવજો. તેમને ગિનાનની તાલીમ આપો અને મજલીસમાં લઈ આવો. તેમના પાસે જુદી મજલીસ પણ કરાવો. તમે જેમ સરકારી ખિદમત કરો છો તેમ બાળકોને પણ તેવી તાલીમ આપો.

કચ્છ કેરા, ૧–૧૨–૧૯૦૩

તમારી ઔલાદને તમારા દીન ઉપર ચલાવો. તેમને ખરાબ સંગત કરવા નહિ આપો. ખરાબ સોબત ખરાબ દીનમાં લઈ જશે. એમ નહિ થવા આપો.

જંગબાર, ૧૩–૯–૧૮૯૯

પોતાના બચ્ચાને નાનપણુથી સારા કામ કરવાની આદત પાડવી જોઈએ. તે એવી રીતે કે ઘોડેસ્વાર જ્યારે ઘોડા ઉપર સવાર થાય છે ત્યારે લગામ હાથમાં રાખે છે અને જે બાજુએ ઘોડાને ફેરવવા માંગતો હોય તે બાજુએ ફેરવે.

નૈરોબી, ૬–૧૦–૧૯૦૫

◈

તમારા ઔલાદની રૂબરૂ હમેશાં સારા કામ કરતા રહો કે જેથી તેઓ પણ તમારૂં સદવર્તન જોઈને સુધરે. જો ઔલાદની રૂબરૂમાં દુષ્ટ કામ કરશો તો તેઓ પણુ તેમજ શીખશે. તેના ગુનાહ માબાપ પર રહે છે.

રાજકોટ, ૨૦–૨–૧૯૧૦

◈

માલેવાજબાતની ખુબી અને જરૂરીઆત વિષે બચ્ચાઓને બચપણુથી જ જ્ઞાન આપવું જોઈએ કે જે જ્ઞાન તેઓની નસેનસમાં ઓતપ્રોત થઈ ગયું હોય; જેથી તેઓ જ્યારે મોટા થાય ત્યારે માલેવાજબાત આપવામાં બિલ્કુલ કાહેલી કરે નહિ.

દારેસ્લામ, ૨૭–૭–૧૯૪૫

◈

બચ્ચાઓને ફરમાવ્યું :

તમારા માવિત્રો જેવી સેવા બજાવે છે, તેવી જ રીતે તમે પણ સેવા બજાવતા રહેજો. એજ મઝહબનો પાયો છે. બચ્ચાઓ છો તો શીખીને દીન દુનિયાની સેવા કરી અને

તમારા બાપદાદાનું નામ છે તે કરતાં પણ તમારે વિશેષ નામના મેળવવી જોઈએ. તમારા બાપથી વિશેષ સેવા બજાવજો જેથી દુનિયામાં પણ ચડતી થશે, ખાનાવાદાન.

નૈરોબી ૨૦-૩-૧૯૨૬

◈

અમને આશા છે કે જે પ્રમાણે તમારા વડવાઓ મઝહબને સમજી શકયા હતા તેથી વધુ સારી રીતે તમે સમજી શકશો એવો વખત પણ આવશે કે જ્યારે તમો વિદ્યાર્થીઓ સમક્ષ અમુક કાબુ ન કરી શકાય તેવી લાલસા આવશે કે જેને માત્ર મઝહબને સંપૂર્ણ રીતે સમજવાથી દૂર કરી શકાય છે.

◈

તમે ખોજાઓને દીનની એવી કિતાબોની ખબર નથી. તમારામાંથી કેટલાકોએ દીનની એવી કિતાબો વાંચી નથી. એ કિતાબો વાંચશો ત્યારે તમને સમજ પડશે અને તમારામાં ખરાબી નહિ થાય. આ કિતાબો વાંચવાથી તમારી અક્કલ તમને સાક્ષી આપશે કે તમારો દીન સાચો છે અને તેની ખાત્રી થશે....દીવાને શમ્સ તબરીઝ તથા મસનવી મૌલાના રૂમીની કિતાબો પડશો તો તમને ખબર પડશે કે બીજા મુલ્કોમાં કેમ ચાલે છે? તમારો મઝહબ દરેક મુલ્કમાં છે.

પીર સદરદીને તમને તમારી ભાષામાં ઇલ્મ શીખવ્યું. એજ પ્રમાણે અમારા તરફથી દીન બતાવવા ગએલ માણસોએ જેમની જેવી જબાન હતી તે જબાનમાં બોધ

દીધો. નકામી વાતોમાં વખત બગાડવામાં કરતાં આવી કિતાબો પડો.

દીનનો અર્થ તમે બરાબર સમજો કે જેથી તમને ખબર પડશે કે દીનના મોટાઓ કેવા હતા અને તેઓ ખુદાની નજીક કેવી રીતે થયા? તમે ફિલ્સુફી પઢો તો ખુદાવંદ તઆલાની નજીક થઈ શકો; શમ્સ તબરીઝ, પીર સદરદીન તથા મૌલાના રૂમ ફિલ્સુફી ઘણી પડયા હતા તેમજ કુર્આન શરીફ માયાના સાથે પડયા હતા.

પીર શમ્સ, પીર સદરદીન, મૌલાના તેઓજ એવા થઈ શકયા એમ નહિ સમજતા. તમે પણ મહેનત કરી પડો તો એવા થઈ શકશો. તમારામાંથી કોઈ બરાબર પડે તો એવો થઈ શકે. તેઓના જેવો મરતબો મેળવવા માટે હિંમત જોઈએ.

કુર્આને શરીફ પણ હિકમત અને દાનાઈ સાથે પડો તો વાજબી છે....હિકમત સાથે પડશો તો ફાયદો થશે.

જંગબાર, ૧૪–૯–૧૮૯૯

અમારી તવારીખ વાંચો ને પુઠીઓ (ઇમામોનો ઇતિહાસ) પડો. સઘળી તવારીખો વાંચો. બની ફાતમી ઇસ્માઈલી ઇમામો જેઓ મિસરમાં બાદશાહો થઈ ગયા છે, તેઓની તવારીખો વાંચો. અમારા દાદાઓએ બસોથી ત્રણસો વર્ષ મિસરમાં બાદશાહી કરેલ. એ તવારીખ વાંચો.

જંગબાર, ૧૬–૯–૧૮૯૯

દીનની વાતો એકબીજા પાસેથી કાગળ મારફતે મંગાવજો જેમ વેપાર ધંધા વિષે એકબીજાને કાગળ લખો છો તેમ દીનની મજબુતી વિષે કાગળ લખી મંગાવજો.... એક બીજા સાથે આ પ્રકારનો દીની વહેવાર રાખો.

તમે ફુરસદ વખતે દુનિયાના ઇશ્કની વાતો તથા ચોપડીઓ નહિ વાંચો. ફુરસદ વેળા દીનની નસીહતોની કિતાબો વાંચો ગિનાન ઈલ્મ પડો જેમાં તમને ફાયદો થાય.

દારેસ્સલામ, ૨૭–૯–૧૮૯૯

◈

ઈલ્મની કિતાબો બરાબર વાંચી તે પ્રમાણે ચાલશો તો તમે મલાએક થશો.

◈

કયારેક કયારેક મઝહબી કિતાબો પડો, ફરમાન પડો તો રોશની થશે. દિવસના ધંધો કરો પણ રાતના કિતાબો પડો.

◈

અમારા ફરમાન ઉપર ખ્યાલ કરો તેની માયના કાઢો તથા માયના સમજો. એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાંખો તો શું ફાયદો થાય ?

દારેસ્સલામ, ૨૮–૯–૧૮૯૯

◈

## ઇસ્લામી ભાઇચારો :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

જો કે ઈસ્માઈલીઓ ઈમામતની પવિત્ર જાનશીની વિષેની તેમની પોતાની માન્યતાની સચ્ચાઈમાં મજબુતપણે માનવાવાળા છે તેમ છતાં તેઓ બીજા કેટલાક ફિરકાઓની જેમ, બીજા મુસ્લિમ બિરાદરો જેઓ પવિત્ર પયગમ્બર (સ.અ.વ.)ના દિવ્ય સંદેશનો બીજો અર્થ તારવે છે તેમને વગોવવા જેટલી અંતિમ હદે કદી ગયા નથી.

ઈસ્માઈલીઓ હંમેશ એમ માનતા આવ્યા છે અને દરેક જમાનામાં તેમને તેમના ઈમામ તરફથી એમ શીખવવામાં આવ્યું છે કે તેઓ પવિત્ર પયગમ્બર (સ.અ.વ.)ના ગાદીવારસ બાબત સાચી માન્યતા ધરાવે છે. પરંતુ તેથી બીજા મુસ્લીમો જેઓ જુદી માન્યતા ધરાવે છે તેમને પોતાના ઈસ્લામી ભાઈઓ તરીકે સ્વીકારવામાં ન આવે, તેમની તરફ મહોબ્બત રાખવામાં ન આવે અને તેમને માટે દુઆ કરવામાં ન આવે તથા તેમનો જાહેરમાં કે ખાનગીમાં તિરસ્કાર કરવામાં આવે અને તેમને માત્ર વગોવવામાં આવે, એવું કોઈ કારણ નથી.

આજના જમાનામાં બધી તરફના બહારના અને અંદરના ભયને લક્ષમાં લેતાં જ્યારે મુસ્લીમોએ એકત્ર રહેવાની જરૂરત છે ત્યારે અમો આશા રાખીએ છીએ, અમો માનીએ છીએ અને દુઆ કરીએ છીએ કે ઈસ્માઈલીઓ બધા ફિરકાના મુસ્લિમ પુરૂષો, સ્ત્રીઓ અને બાળકોની ભલાઈ અને સુખને માટે વિચાર દ્વારા અને દુઆઓમાં

સાચો ઈસ્લામિક ભ્રાતૃભાવ બતાવશે.

સંદેશો, કેરો, ૧૬-૨-૧૯૫૫

ઈસ્માઈલીઓનું એ ગૌરવ છે કે આપણે મક્કમતાથી એમ માનીએ છીએ કે ઈસ્લામની હસ્તીથી આજદીન સુધી ઈમામની સાથે રૂહાની પ્રકાશની દુનિયા એક સત્ય તરીકે રહેલી છે અને તેના એક જરૂરી પરિણામે પ્રથમ સર્વે ફિરકાઓના આપણા મુસ્લિમ ભાઈઓ અને બહેનો પ્રત્યે મમતા, દયા અને સદવર્તનની ભાવના રાખે છે અને તે બાદ એવા લોકો કે જેઓ સચ્ચાઈથી નિખાલસ દિલથી અને બીજાઓ સાથે ઈન્સાફથી વર્તન રાખે છે, તેવાઓ પ્રત્યે ભાવના રાખે છે.

અમારી ઈમામતના આ સિત્તોર વર્ષમાં ઈન્સાનની દુન્યવી હાલતો બિલકુલ બદલાઈ ગયેલ છે. ઈન્સાને કુદરત ઉપર અનહદ તાકાત મેળવી છે. પરંતુ ચોફેરના ઝગડા અને ફસાદ ઉપરથી આપણે જોઈએ છીએ કે રૂહાની કુવ્વતમાં વધારો થયો નથી.

અમને આશા છે કે અમારા રૂહાની બચ્ચાઓ-ઈસ્માઈલીઓ પોતાની ઉચ્ચ (રૂહાની) રોશની અને આપસમાં મદદરૂપ સહકારી ચળવળોના દ્રષ્ટાંત વડે દુનિયા સમક્ષ ઉમદા મહોબ્બત અને ભાઈચારાની મિસાલ કાયમ કરશે-માત્ર એજ મહોબ્બત અને ભાઈચારો ઈન્સાનને ધાસ્તીઓ તેમજ નીતીમય અને માનસિક મતભેદોના લીધેની એ

આફતોથી છુટકારો આપી શકે છે કે જે ઈન્સાન માટે હલાકી પેદા કરનાર છે.

પ્લેટીનમ જ્યુબિલી સુવેનીયર માટે, ૧૨–૧૨–૧૯૫૩

## પંજેભાઇઓ :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

પંજેભાઈઓનું દ્રષ્ટાંત શું છે? મિસાલ જાણે બધા ભાઈઓ છો! આ હાથ છે તે પંજો છે, તેમાં પાંચ આંગળીઓ છે તે ભાઈઓ છે; અગર આ પંજાને ભેગો કરવામાં આવે તો કેટલી કુવ્વત આવે? તેમ તમે પંજેભાઈઓ જો એક દિલથી રહેશો તો કુવ્વત ઘણી રહેશે.

જંગબાર, ૧–૭–૧૮૯૯

પંજેભાઇઓની મતલબ એ છે કે, પોતપોતામાં એકદિલ થઈને ચાલે, એકબીજાની ખબર અંતર પુછે, એકબીજાને મહોબ્બત સાથે મળે અને એક બીજાના દુઃખમાં ભાગ લ્યે : સગા ભાઈઓ માફક ચાલો.

તમે હમેશાં એકબીજા સાથે દીનની વાતો કરો, પોતાના દીનની મજબુતી કરો, તમે હમેશાં દુઆ પડો, જાગરણમાં આવજો.

તમે પંજેભાઈ થયા છો તો જાગરણ મિજલસમાં

હમેશાં આવજો અને તમારી મિજલસો સંભાળજો.

◈

તમે જ્યારે મિજલસમાં આવો છો ત્યારે તમે અમને રૂહાની મહેમાની કરો છો.

◈

જ્યાં જ્યાં મિજલસોના મેળાવડા થાય છે, ત્યાં લાભ લેવા જવું એ ઈમાનદારીની નીશાની છે.

◈

તમે પંજેભાઈઓ વાઘ અને શેર જેવા છો. તમે પોતાના દિલને ચોક્કસ કરીને સરકાર સાહેબની ખિદમત કરો. અને દિલાવર થાઓ.

પુના, ૮-૧-૧૯૧૧

◈

તમે પંજેભાઈ કમીટી હંમેશા સેવા કરતા આવ્યા છો તેજ પ્રમાણે સેવા કરતા રહેજો, જુવાન લોકોને ઉત્તેજન આપજો. દરેક પંજેભાઈએ પોતાને મિશનરી સમજવો. હમેશાં અહીં તહીં જવું. મઝહબની સચ્ચાઈ સમજાવવી. રસ્તો બતાવવો....તમે એમ નહિ સમજતા કે એ કામ મિશનરીઓનું છે. પણ દરેક પંજેભાઈ પોતે એક મિશનરી છે અને આ બાબતમાં મિશનરી જેટલી જ તેની ફરજ અને જવાબદારી છે.

મુંબઈ, ૨૦-૨-૧૯૩૪

◈

તમે પંજેભાઈઓ મૌલાનું લશ્કર છો. જ્યારે તમે

મૌલાના લશ્કર થયા ત્યારે તમારે સારા થવું જોઈએ. લશ્કરની ફરજ એ છે કે ઉપરીનો હુકમ થાય ત્યારે જાન-માલથી તૈયાર થઈ જાય.

જંગબાર, ૨૪-૮-૧૯૦૫

◈

અસલ મિસરના વખતમાં પંજેભાઈઓએ ખિદમત કરી છે; તેજ રસમ આજ દિવસ સુધી ચાલુ રાખવામાં આવી છે.

◈

જેમ લશ્કરમાં ઘોડેસ્વાર પલટન હોય છે, તેમ તમે પંજેભાઈઓ છો. ડીસીપ્લીનની જરૂર છે. દરેક પોતાના મતથી કામ કરશે તો મરી જશે. એક બીજાને લાગશે. તમે અમારા ઘોડેસ્વાર લશ્કર છો. ઘોડેસ્વાર લડાઈને વખતે દુર ઊભા રહી દુરથી દુશ્મનની ખબર લાવવી વિગેરે કામ કરે છે. જમાત લશ્કર છે. ઘોડેસ્વાર ખબર આપે છે કે અહીં ડર છે, ચેતો. જવાન હમેશા અમારી ઘોડેસ્વાર પલટન છે.

◈

અગાઉ મિસરમાં અમારા બાપદાદાના રાજમાં, દારૂલ હિકમત નામનું એક મોટું મકાન હતું. તેમાં દીન તથા દુનિયાની કેટલીક બાબતોનો અભ્યાસ કરાવવામાં આવતો હતો. છેવટે મુરીદો એવા નાહીંમત થયા કે, એક વખત પોતાના ઈમામને પણ છોડીને એક બાજુ બેસી રહ્યા. આ

કારણથી તે કામ ટકી શકયું નહિ. એવી જ રીતે જો તમે પણ નાહિંમત થશો તો નુકશાન થશે. દીનના કામમાં આંખમીંચ કરવી તેમાં ઘણું નુકશાન છે.

પુના, ૧૨–૧–૧૯૦૮

પંજેભાઈ છે તે મૌલાનું લશ્કર છે, તમે મૌલાનું લશ્કર થઈને સુસ્તી નહિ રાખો. તમે મૌલાની ખિદમત હમેશાં કરજો. ખિદમત કરવી તમારા ઉપર વાજબ છે.

જેઓ અમારી ખિદમત કરે છે, તેઓ સર્વે બાઈ ભાઈના ઇમાન, માલ તથા ઓલાદમાં અમે બરકત આપશું. અમારી ખિદમત કરનારાના હકમાં અમે દુઆ ફરમાવીએ છીએ કે આ દુનિયામાં તથા પેલી દુનિયામાં તેનો બદલો એક તરેહથી નહિ. પણ હજારો તરેહથી તમને મળે.

## ખિદમત :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું કે :

અત્યારનો ઝમાનો પ્રગતિનો છે. તેથી તમારે પણ જમાનાના દોર મુજબ પ્રગતિ સાધવી જોઈએ. યુવકો અને યુવતીઓએ કોમી સંસ્થાઓમાં તેમ જ જમાતી દરેક કામકાજમાં આગળ પડતો ભાગ લેવો જોઈએ. યુવકો અને યુવતીઓએ કોમી બધી પ્રવૃત્તિઓનો બોજો ફક્ત બુઢ્ઢાઓ

ઉપર મુકી આળસુ અને નચિંત બનવું ન જોઈએ. પણ ચાલુ જમાના પ્રમાણે કોમ અને ધર્મને છાજતા જરૂરી સુધારા વધારા સાથે દરેક કોમી પ્રવૃત્તિમાં ઉત્સાહ અને ખંતથી ભાગ લઈ ઈસ્માઈલી કોમને દુનિયામાં આગળ પડતી કોમ બનાવવી જોઈએ. આ ફરજ અને જવાબદારી કોમના યુવાન વર્ગની છે જે તેઓએ જરૂર અદા કરી પોતાના ઈમામ, ધર્મ અને કોમ પ્રત્યેની વફાદારી બતાવવી જોઈએ.

તમે પોતે પોતાને સંભાળજો અને પોતાના ઈસ્માઈલી દીનભાઇઓને કાળજીથી સંભાળતા રહેજો તમે દીનભાઇઓની ખિદમત કરો, તે ખરેખર અમારી ખિદમત છે, તે કરતાં પણ વધારે ફાયદો છે. તમે મોટા છો તે હમેશાં જમાતની ખિદમત કરજો....તમોને આખી રોટલી મળે તો અર્ધી રોટલી તમારા ગરીબ દીનભાઈ હોય તેને આપજો.

જમાતની તમે જે રોજ ખિદમત કરો છો તે રોજની મહેમાની કરો છો.

કાઉન્સીલના મેમ્બરો અથવા કોઈપણ ખાતાના મેમ્બરો હોય, તેઓની ફરજ છે કે બાબતમાં મહેનત કરે અને ઈસ્માઈલી કોમ અને ઝમાનાના ઈમામની સેવા કરે. અમે દરેક પાસે આવી ઉમેદ રાખીએ છીએ.

જે કામ અમે સોંપીએ તે હોંશિયારીથી પોતાની યથાશક્તિ પ્રમાણે જોખમદારી સમજી સેવા કરે. જોખમ-દારીભરી વધુ સેવા કરનાર અમારી વધુ નઝદીક છે.

ગરીબ હોય અગર ફકીર હોય પણ જમાતની અને

સરકારની બરાબર ખિદમત કરતો હોય તે અમારા મનથી મોટો છે. અમારો અઝીઝ છે.

અમલદારીઓને લાજમ છે કે તેઓએ ધર્મના કામમાં સુસ્ત ન થવું. હિંમતવાળા થઈને મજબુત રહેવું....તમે અમારી તથા અમારી જમાતની બરાબર ખિદમત કરો..... વાજબ છે કે એક દિલ થઈ સલાહથી ચાલવું અને પોતાના દિલમાં કિન્નો હસદ રાખવો નહિ. પોતપોતાની દુશ્મનીથી જમાત હલાક થતી હોય તો તમોને વાજબ છે કે તેની તપાસ કરો તો તેનો ભાર તમારા ઉપર છે, તમે અમલદાર છો. અમલદાર હમેશાં વાવટાને સંભાળે છે.

તમે પણ એવા કામ કરો કે પાછળથી ઈમામ તમારાં નામ યાદ કરે. ૫૦ વર્ષ પછી તમારાં નામ પણ લેવાય એવાં કામ કરો.

## વાઇઝીન :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

કોમના નવયુવાનોએ વાઈઝીન તરીકે ખિદમત આપવા ઉમેદવારી બતાવવી જોઇએ. અમને યુવાન વર્ગ ઉપર ઘણો જ ભરોસો છે, તેઓ શક્તિ વડે મદદ કરી શકે છે અને વાવટાને ફરકતો રાખી શકે છે.

તાલીકા મુબારક

વાએઝ-નસીહતનું કામ કરવું એ મઝહબનો પાયો છે.

મોમ્બાસા, ૨૧-૧-૧૯૩૭

◈

તમો સર્વેને લાઝમ છે કે દીનની વાતો એકબીજાને સંભળાવો. નહિ સંભળાવશો તો ગુનાહ થશે. તમે હકની વાત જાણતા હશો છતાં બીજાને નહિ કહો તો તમને ગુનાહ થશે.

જામનગર, ૪-૪-૧૯૦૦

◈

પોતાને વશ કરી શકે એવા તો ઘણા છે, પણ બીજાને વશ કરીને સીધા રસ્તા ઉપર લાવવો એ ઘણું જ સવાબનું કામ છે.

મંજેવડી, ૪-૧૧-૧૯૦૩

◈

પોતાના જીવને સંભાળવો એ કામ ઓરત પણ કરી શકે છે. મરદનું કામ શું છે? મરદનું કામ એ છે કે બીજાને નસીહત કરી દીનના રસ્તા ઉપર મજબુત બનાવવો અને બીજા માણસો દીન ઉપર મજબુત થાય તેમ કરવું.

મંજેવડી, ૫-૧૧-૧૯૦૩

◈

અમે દુઆ કરીએ છીએ કે સો વાએઝ કરનાર નીકળે; પણ એવો કોઈ નથી કે અમારી પાસે આવીને અરજ કરે. ત્યારે શું અમે કોઈ પાસે કાલાવાલા કરવા જઈએ? મુંબઈમાં પાંચસો છોકરાઓ અમે જોઈએ છીએ પણ

એવી હિંમત અમે કોઈમાં નથી જોતા કે તેની એવી ઇચ્છા હોય કે "હું મસ્નવી વિગેરે શીખીને વાઅઝ કરનાર થાઉં અને બીજાને બોધ આપું"....જે માણુસ પોતાના રૂહને સંભાળે છે તેણુ તો એક જ રૂહને સંભાળ્યો. જમાતની ખિદમત કરવામાં ઈબાદતથી વધારે ફાયદો છે અને તે ઘણા રૂહને સંભાળવા બરાબર છે. સામો ધણી જો ઇત્તેકાદ વગરનો હોય, તેને પણુ જો પાકું ઈમાનદાર માણુસ નસીહત કરે તો તેની નસીહત અસર કરે.

અમદાવાદ, ૧૩-૧૦-૧૯૦૩

કોઈ પૈસાવાળો ને વગવાળો હોય જે માએના કરી સંભળાવે તેવો કોઈ નથી.

જંગબાર, ૧૩-૭-૧૮૯૯

(એક વગદાર, પૈસાવાળા અને ઈમાની અમલદાર તરફ ઇશારો કરી માબાપે ફરમાવ્યું :—)

આવા માણુસો જો જમાત સમક્ષ વાઅઝ કરે તો ઘણી સારી અસર થાય.

મુંબઈ, ૧૯૫૦

વાઈઝીનને સંબોધતા ફરમાવ્યું :—

તમે ઓનરરી વાઈઝીન છો, તમે તમારી ઉંમર અમને આપી છે. આવા વાઈઝીનની ઘણી જરૂર છે. ક્રિશ્ચાંયન લોકોનો આ પાયો છે; એ પ્રમાણે હ. મૌલા મુર્તઝાઅલી

વાસ્તે કરવું ઘણું જરૂરનું છે.

મુંબઈ, ૨૭-૧-૧૯૩૫

જમાતને રાહે રાસ્ત પર લાવવાનો બોજો ઓનરરી વાઇઝીન પર રહેલો છે.

કરાંચી, ૭-૨-૧૯૫૧

ઓનરરી વાઇઝીન, છટાદાર ભાષણો કર્તા હોવા જોઈએ. તે લોકો માટે ઈલ્મની સખ્તાઈની જરૂર નથી; પણ તે લોકો ઈમાનદાર, અક્કલમંદ અને સારા બોલવાવાળા હોય, દિલી લાગણીવાળા હોય, જમાતના હૃદયને અસર કરી શકે; વાઅઝ નસીહત કરી મઝહબ ઉપર મુસ્તકીમ રહી શકે અને જમાતનું દિલ ખેંચી શકે.

ઓનરરી વાઇઝીન પાસે વક્તૃત્વશક્તિ હોવી જોઈએ. એ જરૂરનું નથી કે તેઓને મોટી મોટી કિતાબોનો અભ્યાસ હોવો જોઈએ. તેઓની વાએઝ પ્રેકટીકલ હોવી જોઈએ કે જેથી જમાતના દિલની અંદર તેઓ મઝહબને ઉતારી શકે. તેઓ એવા આકર્ષક વાઅઝ કરનાર હોવા જોઈએ કે જમાતને પોતાની સાથે લઈ જઈ શકે.

કરાંચી, ૭-૨-૧૯૫૧

કોમના હોશીયાર, ભણેલા અને ધાર્મિક જ્ઞાન ધરાવનારા યુવાનોએ આ પ્રમાણે ઓનરરી સેવા આપવાની

ખાસ ફરજ છે; આમ કરવાથી અમારી તેમજ કોમની ઘણી સારી સેવા બજાવેલ ગણાશે.

દારેસ્સલામ, ૨૧–૭–૧૯૪૫

હરેક માણસ પાસે જઇને તેને દીનમાં મજબુત કરવાનો બોજો વાઈઝીન ઉપર છે. ઈમાની માણસોની ફરજ છે કે પોતાના દોસ્તો તથા કુટુંબ–કબીલાને દીનનું શિક્ષણ આપતા રહે. જેઓને ઇલ્મની ખબર નથી તેઓને રૂહાંની બાબતમાં તમારા જેવા કરો.

રાજકોટ, ૨૦–૨–૧૯૧૦

ઈલ્મ તથા હિંમતથી વાઅઝ કરનાર એક શખ્સ હોય તો તેને જોઇને હિંમત કરવાથી હજારો વાએઝ કરનારા થઈ શકે છે. ગિનાન, કુર્આન, મસ્નવી વગેરેની માયના સરખાવીને સમજાવવામાં આવે તો ઘણી અસર થાય....બરાબર માયના કાઢનાર હોય તો આંધળાને પણ સમજાવી શકે.

અમદાવાદ, ૧૩–૧૦–૧૯૦૩

જેમ તમે ગિનાનની માયના કાઢો છો તેમ અમારાં ફરમાનની પણ માયના કાઢજો. તેમાં શું ભેદ અને ખુબીઓ સમાએલી છે તે સમજવી જોઇએ. અમારાં ફરમાનના એક એક શબ્દની માયના કાઢો તેમાં ઘણા ભેદ છે તે સમજવા જોઈએ.

દારેસ્સલામ, ૨૭–૯–૧૮૯૯

અમારા એક ફરમાનના ઘણા અર્થ નીકળે છે તેનો અર્થ કરી સમજાવવું એ તમારૂં કામ છે. વાજબ છે કે હરેક ફરમાનની તમારી અક્કલથી માયના કરો. એક માણસ એક અર્થ કરે ત્યારે બીજો બીજો અર્થ કરે અને વધુ માણસો વધુ અર્થ કરે.

મોમ્બાસા, ૨૧-૧-૧૯૩૭

વાઈઝીને અમારા ફરમાનો, પીરોના ગિનાનો અને ઈતિહાસ સિદ્ધ મઝહબના મુળતત્વો અને ઉસુલો ઉપર મુદ્દાસરની સચોટ અને અસરકારક વાઅઝ જમાતને સંભળાવવી જોઈએ.

દારેસ્સલામ, ૨૭-૭-૧૯૪૫

જમાતખાનામાં માયના કરનારે જે હકની વાત હોય તે વિષે નરમાશ તથા મીઠાશથી માયનાં કાઢવી જોઈએ. જબરદસ્તી વાપરવી નહીં. ગિનાન ઇલ્મની માયના મુશાહેદો કરતી વખતે હાઝર ઈમામની શનાખત દેખાડવામાં આવે.

જંગબાર, ૩૦-૮-૧૯૦૫

ખુદાવંદતઆલા તરફથી જ્યારે રહેમત ઉતરે છે ત્યારે અક્કલ અને જ્ઞાન આવે છે અને ત્યારેજ વાઅઝ કરી શકે છે.

અમદાવાદ, ૧-૨-૧૯૦૩

વાઇઝીન થનારાઓએ દુનિયા તથા ઈઝઝત (માન પાન)

ઉપરથી હાથ ઉપાડી લેવો જોઈએ.

રાજકોટ, ૨૦-૨-૧૯૧૦

લોકો વાઅઝ સાંભળે કે ન સાંભળે તો પણ વાઈઝ પોતાની ફરજ પ્રમાણે વાઅઝ કર્યે જાય. આવી રીતે વર્તનાર ખરા વાઈઝીન છે.

રાજકોટ, ૨૦-૨-૧૯૧૦

જો તમે તમારી હયાતીમાં તેનું ફળ જોવાની ઇચ્છા રાખશો તો કામ નહી થઈ શકશે. તમારે હઝાર વર્ષો આગળનો ખ્યાલ કરવો જોઈએ. પીર સદરદીન પોતાના વખતના ઇમામનો ખ્યાલ કરતે તો ઇમામ ઇરાનથી હિંદુસ્તાન નહીં આવી શકતે.

મુંબઈ, ૨૭-૧-૧૯૩૫

હવે એવો વખત છે કે જ્યારે તમે વાઅઝ કરો ત્યારે અર્ધો વખત રૂહાની બાબત પર અને અડધો વખત અમે જે નવા દુન્યવી ફરમાન કર્યા છે તે પર વાઅઝ કરજો.

ડાડોમા, ૧૧-૨-૧૯૩૭

(મેલેરીયા તાવ રોકવા માટે હાઝર ઈમામે ફરમાવ્યું).

વાઅઝમાં પણ વાઈઝ એવી બિમારીઓથી બચવા જરૂરી સંભાળ અને તેના ઇલાજ માટે ખુલાસો કરે અને સલાહ આપે. એવી વાતો માટે વાઈઝ પોતે શીખે અને બીજાને

શીખાડે.

કરાંચી, ૧૪-૨-૧૯૫૦

તમારા મઝહબનો એ પાયો છે કે જેમ વખત બદલાય છે તેમ ફરમાનો બદલાતા રહે છે. ઈસ્માઈલી મઝહબ એક સુપ ભીન્ન ભીન્ન રંગમાં છે. જમાના અનુસાર જુદા જુદા જમાનાને અનુકુળ ફરમાને છે. જેમ જેમ જરૂર છે પડે તેમ તેમ ફરમાનો બદલાતાં રહે છે. ઓનરરી વાઈઝ એવા હોવા જોઈએ કે તેઓ આ બાબત પોતે પહેલાં સમજે અને પછી પોતે જમાતને સમજાવે.

કરાંચી, ૭-૨-૧૯૫૧

## ખિદમતગારો ઉપર હાઝર ઇમામની નવાઝીશ :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ)એ ફરમાવ્યું,

ઈસ્માઈલી મઝહબ માટે વધુમાં વધુ કાર્ય તથા ખિદમત કરવાની શ્રેષ્ઠ ભાવના દરેકે કેળવવી જોઈએ.

અમો તેથી દરેક ઈસ્માઈલી પાસે, તેને સોંપાએલ કાર્ય પોતાની બધી શકયતાઓથી કરવું તે તેની ફરજ સમજે, એવી આશા રાખીએ છીએ. જેઓ અમારી વધુ ખિદમત કરે છે તેઓ અમને વધુ નજદીક થાય છે.

વારસ મામદ રેમુ વિષે ફરમાવ્યું :

વારસ મામદ રેમુએ અમારી ઘણીજ ખિદમત કરી છે. એ મિસાલ એહલે બૈતના મેમ્બરમાં છે, જેવી રીતે વઝીર બસરીયા, વઝીર રહીમ એહલે બૈત થયા છે

કરાંચી, ૨૬-૧-૧૯૩૮

મહુંમ સુંદરજી કુરજી સંબંધી ફરમાવ્યું :-

મહુંમ ઘણા સારા માણસ હતા. મઝહબનો પાયો હતા. મઝહબના ઝાડ જેવા હતા. ઘણી ખિદમત કરી છે. ઈસ્માઈલી મઝહબના એક રૂહ હતા. રોશનાઈ હતી. હવારી-યુન જેમ હતા.

વારસ હીરજી ઘણા નેક અને સારા મોમન હતા તેના જેવા આ દુનિયામાં ઘણા ઓછા હશે. તે ઘણા નેક મોમન હતા.

મંજેવડી, ૨-૧૧-૧૯૦૩

વારસ ઈસા માટે ફરમાવ્યું :-

વારસ ઈસા નુરનો વાવટો હતો. ઈસા વારસના વખતમાં ત્યાં ખાતે મઝહબનો ફેલાવો ઘણો નહિ હતો. વારસ તથા દાઉદ ખાનમહમદ તથા બીજા ચાર પાંચ જણાઓએ ધર્મનો સારો ફેલાવો કર્યો હતો.

મુંબઈ, ૩૧-૧૨-૧૯૩૩

વારસ બસરીયા, વારસ રહીમ અને વારસ રહીમની

માતાએ અમારી ઘણી ખિદમત કરી છે. વારસ રહીમે અમારી ખિદમત ઈશ્ક, મહોબત અને દિલોજાનથી કરેલ છે, તે માટે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. હંમેશા એ ત્રણે અમારા ખ્યાલમાં જીવતાં છે, અને અમે હંમેશા યાદ કરીએ છીએ. જો કે એ ત્રણે આ ફાની દુનિયા મુકી ગયા છે પણ તેઓ અમારા દિલમાં હયાત છે. ખાનાવાદાન.

મુંબઈ, ૧૫-૧૨-૧૯૨૭

મુખી મેગજી મુળજીને ફરમાવ્યું :-

તમને જ્યારથી મુખીપણું મળ્યું છે, ત્યારથી દિલોજાનથી નિમક હલાલીથી સેવા બજાવેલ છે. પોતાના જીગર અને જાનથી ઘણી નોકરી બજાવેલ છે.

મુંબઈ, ૨૫-૧-૧૯૨૮

મુખી મેગજી મુળજીના અવસાન પછી ફરમાવ્યું,

મર્હુમ વઝીરે અમારી ઘણી ખિદમત કરી છે. દિલોજાનથી પોતાની જીંદગી અમને અર્પણ કરી હતી.

મુંબઈ, ૧૫-૧-૧૯૩૪

વઝીર ડાહયાભાઈ સંબંધી ફરમાવ્યું :-

મોમીન ઈસ્માઈલીના છોકરાઓ, જે અમે અત્રે જોઈએ છીએ, તે એક જીવ એક કરોડ રૂપિયા કે બંગલા સમાન છે, અને તેથી અમને ઘણી કિંમત આપેલ છે એમ અમે

સમજીએ છીએ.

અહમદનગર, ૧૦-૧-૧૯૩૮

◈

પીર સબ્જાલી વિષે ફરમાવ્યું :-

ઇત્માદી સબ્જાલી ખુદાની રહેમતે પહોંચ્યા, તેના હકમાં અમે ઘણી દુઆ આશિષ ફરમાવીએ છીએ. તેમનું નામ તવારીખમાં કાયમ અને દાયમ રહેશે. અગાઉ જેઓ દાઈ થઈ ગયા છે તેની માફક હાલની જમાતમાં તે મોટા દાઈ હતા.

ઈત્માદી સબ્જાલી હકીકતી મોમનના અમલદાર હતા. દુનિયામાંથી એવણ રહેલત કરી ગયા છે તેથી દુનિયાને ઘણું નુકસાન થયું છે, પણ તેમની પોતાની રૂહાનીને ઘણો ફાયદો થયો છે. એવણ હકીકતી ખુશહાલીમાં ગયા છે.

ઇત્માદી સબ્જાલીએ અમારી એવી ખિદમત કરી છે, કે તેમને મરણ બાદ પીરનો દરજ્જો અમે આપ્યો છે. બીજા પણ એ મુજબની ખિદમત કરશે, તો તેમને પણ એવો દરજ્જો મળશે.

અમારી ૫૪ વર્ષની ઇમામતના વખત દરમ્યાન એકજ જણને અમે આવો દરજ્જો અર્પણ કર્યો છે.

તમે પણ એવા કામ કરો કે પાછળથી ઇમામ તમારા નામ યાદ કરે. ૫૦ વર્ષ પછી તમારાં નામ પણ લેવાય, એવા કામ કરો.

અમારી ખિદમત કરનારાના હકમાં અમે દુઆ ફરમાવીએ છીએ કે આ દુનિયામાં તથા પેલી દુનિયામાં તેનો બદલો

એક તરેહથી નહીં પણ હજારો તરેહથી તેમને મળે.

જેઓ અમારી ખિદમત કરે છે તેઓ સર્વે ભાઈ ભાઈના ઈમાન, માલ તથા ઔલાદમાં અમે બરકત આપશું, ખાનાવાદાન.

## પધરામણી મુબારક :

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદ શાહ (અ. સ.)એ ફરમાવ્યું,

અમારા પધારવાનું સાંભળી, તમે અત્રે હાઝર થયા છો તેનો બદલો આ દુનિયામાં એક વખત તથા બીજી દુનિયામાં હજાર દરજજે તમને મળે એવી દુઆ ફરમાવીએ છીએ.

મંજેવડી, ૩૧–૧૦–૧૯૦૩

તમે દુરથી ચાલીને ઘણી મહેનત લઈને અમારી સામે આવ્યા છો તેના કદમ કદમનો બદલો તમને રોજ કયામતમાં મળશે. અમે તમને દુઆ આશિષ ફરમાવીએ છીએ કે તમને બહેસ્ત નજીક થશે તમે જેમ અમને જોઈને ખુશી થાઓ છો તેમ અમે તમને જોઈને દશ હિસ્સા વધારે રાજી થઈએ છીએ.

રાજકોટ, ૨૩–૧૦–૧૯૦૩

અમે જેટલા દિવસ અહીંયા છીએ, તેટલા દિવસ હમેશાં આવશું અને દરરોજ તમને ફરમાન કરશું. જેટલા દિવસ અમે અહીંયાં છીએ તેટલા દિવસ હંમેશાં નુરનું

પાણી તમારા દિલમાં રેડશું અને તમારા દિલ નુરાની કરશું. તમે પણ હમેશાં સાંભળવા આવજો તો તમને ઘણો ફાયદો થશે.

જંગબાર, ૧૫-૮-૧૯૦૫

અમે જે મેવો તમારા માટે લાવ્યા છીએ તે ખાઇને તમે જજો જ્યારે તમે અહીંયા આવી મોટી મજલિસમાં આવ્યા અને એમને એમ પાછા ચાલ્યા જાઓ તો મફતમાં મહેનત લીધી એમ કહેવાય. તમારા ઈમાનને કુવ્વત આપીને જાઓ.

મંજેવડી, ૩૧-૧૦-૧૯૦૩

તમે જેટલા ઈમાન સાથે અમારી પાસે આવ્યા તેટલાજ ઇમાનથી પાછા જાઓ તેમાં શું ફાયદો ? ઈસ્માઇલી મઝહબ સતપંથનો મરમ સમજો. તમારૂં દિલ એટલે જીવ કેમ પાક થાય. તે સમજો.

વઢવાણ, ૧૯-૧૦-૧૯૦૩

અમે જે ફરમાન તમને ફરમાવીએ છીએ તે જવાહિર છે, જેઓ ઇન્સાન છે તેઓ જવાહિર ઉંચકી લેશે, જેઓ હેવાન છે તેઓની નજર ઘાસ ઉપર રહેશે.

વઢવાણ, ૧૯-૧૦-૧૯૦૩

અમારા ફરમાન ઉપર ચાલે છે તેજ ખરા મોમન છે.

◈

અમે જાહેરમાં અહીંથી સીધાવી જઇશું, પણ અમારૂં દિલ તમારી સાથેજ રહેશે. ઇશ્ક અને મહોબ્બત ઓછાં થવાનાં નથી. અમે સીધાવી જઈએ તો પણ અમારૂં દિલ જવાનું નથી.

◈

જાહેરમાં અમારૂં શરીર તમારી પાસેથી જાય છે, પણ અમારૂં દિલ તમારી પાસેથી જતું નથી. અમારૂં દિલ કદી પણ તમારાથી જુદું થતું નથી. તમારી સાથેની જાહેરી જુદાઇથી અમને ઘણું જ ભારે લાગે છે, પણ કેમ કરીએ! દિલને મજબુત રાખવું જોઇએ.

◈

અમે જાહેરમાં અહીંયાં આવ્યા છીએ અને તમે અમારા દીદાર કરો છો. જાહેરમાં અમે તમારી પાસે નહી પણ હોઇએ, એટલે અહીંયાથી ગેરહાજર હોઇએ તો પણ તમારાં દિલ એવા પાક અને સાફ રાખો કે જેથી તમારા દિલમાં અમને પ્રત્યક્ષ જુઓ.

તમારા ઈસ્માઈલી મઝહબની કિતાબો હંમેશાં પડજો અને યાદ રાખજો. જે કાંઈ બદકામ છે તે નહિ કરતા. હમણાં આ આંખોથી ઈમામના દીદાર કરીને તેજ આંખોથી બદનજર નહિ કરશો. મોલાના દીદાર કરીને બદકામ નહિ કરવું.

જંગબાર, ૧૫-૮-૧૯૦૫

◈

અમારા અહીંયા પધારવા છતાં તમે એવા ને એવા રહી જાઓ ત્યારે, અમે અત્રે પધાર્યા અને તમે પણ અત્રે આવ્યા તેનો શું ફાયદો ? તમે ઘણી મહેનત લઈ ને આવ્યા છો અને અમે જે મેવો આપીએ છીએ તે ખાધા વગર જેવાને તેવા ઘરે પાછા જાઓ ત્યારે મહેનત કરીને અહીં આવવાનું શું ફળ ? તમે અક્કલથી વિચાર કરો.

તમારે ગામ જઈ ને ઈબાદત વધારે કરજો, હિંમત વધારે રાખજો, વધારે એકદિલીથી ચાલજો, સરકાર સાહેબની ખિદમત વધારે કરજો. તમારા બચ્ચામાં ઈલ્મ દીનનો ફેલાવો કરજો.

રાજકોટ, ૨૧-૧૦-૧૯૦૩

તમે મૌલાનું લશ્કર છો, તમે મોમિન રૂહાની લશ્કર છો. તમે દિલમાં ચોકસાઈ કરો અને રોજબરોજ તમારા ઈમાન અને રૂહને કુવ્વત આપો.

રાજકોટ, ૨૩-૧૦-૧૯૦૩

# અનુક્રમણિકા

## ( દુન્યવી વિભાગ )


| વિષય | પાનું |
| --- | --- |
| ૧. આર્થિક ઉન્નતિ | ૧ |
| ૨. સંપ-ભાઇચારો | ૧૨ |
| ૩. સબુરી | ૧૮ |
| ૪. કેળવણી | ૨૨ |
| ૫. તંદુરસ્તી | ૨૮ |
| ૬. દારૂ-તમાકુ | ૩૯ |
| ૭. આપણી કેન્ટીનો | ૪૨ |
| ૮. લગ્નો | ૪૫ |
| ૯. કરકસર | ૪૯ |
| ૧૦. કાયદાઓનું પાલન | ૫૨ |
| ૧૧. વિમા | ૫૮ |
| ૧૨. કો-ઓપરેટીવ સોસાયટીઓ | ૬૧ |
| ૧૩. રાજ્ય પ્રત્યેની વફાદારી | ૬૭ |
| ૧૪. ૮૦મા જન્મ—દિનના શુભ સંદેશાઓ | ૬૯ |

# ફરમાન મુબારક

★★★

## આર્થિક ઉન્નતિ

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું કે,

ઈસ્માઈલી તવારીખ મુજબ અમારી લાંબામાં લાંબી ઈમામત દરમ્યાન પલટાતા સંજોગોમાં અમારા જે મુરીદોએ વફાદારી સાબીત કરી બતાવી તેઓએ દુનિયા અને આખેરતમાં ફાયદો પ્રાપ્ત કર્યો. એવીજ રીતે ચાલુ ફેરબદલીના જમાનામાં અમારા જે મુરીદો અગાઉના ઈતિહાસને લક્ષમાં રાખશે તો તેઓ ન ફક્ત પોતાને ફાયદો પહોંચાડશે પરંતુ પોતાની ભવિષ્યની ઓલાદ માટે પણ સુખ અને તરક્કીનો પાયો નાખશે.

◈

અમો હંમેશા તમારી યાદગીરીમાં રહીએ છીએ અને રાતદિવસ તમારી ઉન્નતિ માટે ફિકર કરીએ છીએ.

◈

તમે પોતામાં ભાઈચારો અને સંપ પેદા કરો અને

એકદિલ થઈ વેપાર હુન્નર કરો તો તમે પૈસાદાર થશો અને દુન્યામાં તમે રાજકર્તા થશો.

◈

જમાતના ભાઈઓએ એકબીજામાં સુલેહસંપ રાખી હળીમળીને મોટા પાયા ઉપર ધંધો કરવો જોઈએ જેથી આર્થિક ઉન્નતિ સાધી શકાશે. અમારી ઉમેદ છે કે અમારી હયાતિમાંજ અમો, તમે નુરૂમ મુબીનમાં વાંચો છો તેમ તમોને રાજ્ય કરતી કોમ જોઈને ઘણુાજ ખુશી થઈશું.

◈

તમે ખોજાઓ અક્કલવાળા છો, હોશિયાર છો પરંતુ તમારામાં એકદિલી નથી. હસદ અને અદેખાઈ બહુજ છે તેથી તમે પછાત રહી જાઓ છો.

◈

અમે તમને રસ્તો દેખાડીએ છીએ. રસ્તામાં પથ્થર પડેલા હોય તે ખેસવીને રસ્તો સાફ કરી આપીએ છીએ. હવે તે ઉપર ચાલવું કે ન ચાલવું તે તમારી ખુશી ઉપર આધાર રાખે છે.

◈ જંગબાર, ૧૬–૯–૧૮૯૯

હાલમાં વેપાર ધંધાનો વખત એવો છે કે પોકળ જમીન જણાતાં હાથી જેમ પોતાનો પગ પાછો ખેંચી લયે છે તેમ તમે વેપાર રોજગાર માટે હોશીયારીથી કદમ લંબાવજો. વેપારમાં આગળ વધવું છતાં હોશીયારી અને સાવચેતી રાખવી કારણકે આજે વેપાર માટે એવો કઠણ

વખત છે.

વેપાર એવો નહિ કરતા કે એક વરસમાં દસ વરસની પેદાશ ચાલી જાય. આપણા લોકો એવા છે કે એક વરસમાં પચીસ વરસની કમાઈ ગુમાવે છે.

જંગબાર, ૨૫-૧-૧૯૩૭

શરૂઆતમાં મોટો બીઝનેસ કરવો નહિ, એવું ન થાય કે શરૂઆતમાં મોટું કામ ઉપાડો અને પછી તે પડી ભાંગે, તેમ કરવું જોઈએ નહિ. જેમ કેટલાંક ઝાડ શરૂઆતમાં મોટાં થાય છે પરંતુ તેનાં મુળ મજબુત ન હોઈ તે પડી જાય છે, તેમ કરવું નહિં.

વેપાર છે તેમાં નફો નુકસાની આવે છે. પણ હદમાં રહીને એટલે મુડીના પ્રમાણમાં વેપાર કરવો કે જેથી ઉલ્ટા સંજોગોમાં વધારે નુકસાનીમાં ઉતરવું ન પડે. ખાનાવાદાન.

મોશી, ૨૮-૨-૧૯૨૬

જેઓ વેપાર કરે છે તેઓએ પાસે જે મુડી હોય તે તમામ વેપારમાં ન રોકવી. થોડી મુડી અલાહેદી રાખવી અને વેપારમાં રોકેલી રકમમાંથી ફાયદો કરવો. અલગ મુડી રાખવાથી અમારામાં મજબુતી અને હિંમત રહેશે.

કેટલાક શખ્સો પોતાની બધી મુડી વેપારમાં રોકે છે અને નુકસાન જતાં પાયમાલ થઈ જાય છે, તેમ થવું

ન જોઈએ.

રંગુન, ૧૩-૩-૧૯૩૪

એક માણસ પાસે પાંચસો રૂપિયા હોય અને હજાર રૂપિયાનો સટ્ટો કરે તો તે ત્રણ ચાર વરસે ખલાસ થઈ જાય. માટે સટ્ટો કરવો નહિ. સટ્ટો કરનાર આખરે ખલાસ થઈ જશે.

તમારા કામધંધાની તરક્કી કેમ થાય તેનો ખ્યાલ કરો. આવતા વર્ષોની વાત કરો. હવે શું થવાનું છે તેનો ખ્યાલ કરો. જમાનો કેવો સખ્ત છે, તેમાં વાજીબી રીતે ચાલો.

કોમના બે ચાર માણસો સાથે મળીને ભાગીદારીથી વેપાર ધંધો કરતા હોય ત્યારે તેમણે દરેકે પ્રમાણિકપણે અને ઈમાનદારીથી વર્તવું જોઈએ. કોઇએ પણ કોઈનો હક પચાવી પાડવા કોશિષ કરવી જોઈએ નહિ. કેટલાક એવા સામુદાયિક ધંધા છે જેમાં બે, ચાર અગર તો તેથી વધારે ભાગીદારોની જરૂર પડે છે. તેવા ધંધામાં એક બીજા ભાગીદાર ઉપર વિશ્વાસ રાખવો જ જોઈએ. જો એક પણ ભાગીદાર અનિતિ અથવા વિશ્વાસઘાત કરે તો તેથી વરસો-જૂની પેઢી અથવા વેપારને બહુજ ગંભીર નુકસાન પહોંચે અને તેમ થતાં બીજાઓ ભાગીદારીથી સામુદાયિક વેપાર-ધંધો કરવાની હિંમત ન જ કરી શકે, જે આખી કોમને

બહુજ હાનીકર્તા થાય. આમ વિશ્વાસઘાત કરી કાયદાની નજરે કદાચ તમે કોઈને છેતરી શકો, પરંતુ તે નિતિ અને પ્રમાણિકપણું નથી. ઈમાનદારી અને પ્રમાણિકપણું એ જુદી જ વસ્તુ છે; જે તમારે કેળવવી જોઈએ.

દારેસ્સલામ, ૧૭-૭-૧૯૪૫

◈

તમારે રાતદિવસ એવા ખ્યાલ કરવા જોઈએ કે એકબીજાને મદદ કરવી, નવા વેપારની શોધ કરવી, એક-બીજાને દેશાવર મોકલવા, કયાં કામ છે અને કયાં નથી તેની એકબીજાને ખબર આપવી, કયા ગામમાં વેપાર સારો છે અને કયાં નથી તે બધી ખબર લ્યો.

◈ મુંબઈ, ૩૦-૧૨-૧૯૩૭

અમે અમારા કોઈ પણ ઈસ્માઈલી મુરીદને ગરીબ જોવા ઇચ્છતા નથી. ઈસ્માઈલી કોમમાં ખુદાવંદતઆલાએ વેપારી જુસ્સો બક્ષેલ છે. જેવી રીતે મોમનાને ખેતીવાડીની બક્ષીત છે તેવી જ રીતે ઈસ્માઈલી ખોજાઓમાં વેપારી જુસ્સો છે.

નૈરોબી, ૧૮-૪-૧૯૪૫

◈

આપણા યુવાનોએ મોટા શહેરોમાં રહેવાનો, સારા સારા કપડા પહેરવાનો અને સિનેમા વગેરે મોજશોખ કરવાનો મોહ છોડી દેવો જોઈએ....નાના ગામડાઓમાં જઈ વેપાર ખેડી તકલીફ અને જહેમત ઉઠાવી નાણા કમાશો

તો ભવિષ્યમાં મોટા શહેરોમાં આવી મોટા વેપાર પણ ખેડી શકશો. તેમજ જવાનીમાં તકલીફ અને જહેમત ભોગવી નાણું એકઠું કર્યું હશે તો ખરાબ વખતમાં તેમજ મોટી ઉંમરે સુખ અને આનંદમાં રહી શકશો.

નૈરોબી, ૩૦–૫–૧૯૪૫

ઇસ્માઇલી કોમ છે તે એક વેપારી કોમ છે. જેથી વેપારમાં એકબીજાએ હળીમળીને સલાહથી આગળ વધવું જોઇએ. જો પંખીની માફક એક એક જુદા પડી જશો તો જોઈએ. જો પંખીની માફક એક એક જુદા પડી જશો તો જોઈએ તેવો લાભ મેળવી શકશો નહિ. વેપારમાં હંમેશા સલાહસંપથી સહકારી દ્રષ્ટિએ ભેગા મળીને કામ કરો કે જેથી તમને ઘણોજ ફાયદો થાય.

અમારા સર્વે રૂહાની બચ્ચાઓ વચ્ચે દુન્યવી બાબતોમાં પ્રમાણિક સહકાર હશે તો તમોને અપુર્વ તક સાંપડશે.

તમને બાપની માફક દુનિયા માટે ફરમાન કરીએ છીએ. તે ઉપર ધ્યાન રાખો. બે ચાર ભાઇઓ હો તો બધાજ એકજ ધંધા માટે રોકાય તે ઠીક કહેવાય નહિ, પણ અલગ અલગ જગ્યાએ જઇ બીજો ધંધો કરવો.

બધાએ એકજ વેપાર પાછળ જવું એ બરાબર નથી, પણ જુદી જુદી જાતના વેપાર ધંધા કરતાં શીખવું જોઈએ.

અને તેમ કરશો તોજ વધુ લાભ મેળવી શકશો.

વેપારમાં ઠીક ન હોય તો એક જગ્યાએથી બીજી જગ્યાએ જાઓ. તમારા કાન અને આંખો ખુલ્લી રાખતા જાઓ. જ્યાં સાંભળો અથવા જુઓ ત્યાં અથવા બીજે ક્યાં સારૂં છે તે જોઈને ત્યાં વેપાર ખોલો. જેમ બાઝ પક્ષી આસમાનમાં ઘણે ઊંચે ઉડે છે પણ પોતાની નજર નીચે રાખે છે અને જ્યાં પણ શિકાર જુએ છે ત્યાં ઝડપ મારે છે અને વગર ઢીલે શિકાર હાથ કરે છે. તેવીજ રીતે તમે તમારી આંખો ખુલ્લી રાખો અને જ્યાં લાભ જણાય ત્યાં વેપારના મથકો ખોલો.

જથ્થાબંધ અને મોટા વેપારીઓએ નાના વેપારીઓએ સહકાર આપી વેપારમાં મદદ કરવી જોઈએ અને સમજવું જોઈએ કે નાના વેપારીઓ થકીજ મોટાઓ ટકી શકે છે. તેમજ નાના વેપારીઓની પણ ફરજ છે કે તેઓએ પોતાની કોમના મોટા વેપારીઓ પાસેથીજ માલ ખરીદવો જોઈએ. અંદર અંદર હસદ અને હરિફાઇને બદલે સંપ અને અને સહકાર. એક બીજાએ આગળ વધવું જોઇએ.

દારેસ્સલામ, ૧૭-૭-૧૯૪૫

તમે એક બીજામાં સંપ કરો અને પંજો લ્યો. ભાવ એવા રાખો કે બીજા તેનો લાભ ન લઈ જાય. હરિફાઈ

એ જાતની છે. ભાવ એકદમ ઊંચા લઈ જાઓ નહિ.

◈

હલાલથી કામ કરશો તો ઘણો ફાયદો થશે. હિસાબ સાફ રાખજો, વધારે નફા સામે નહિ જુઓ. ગરીબનું ભલું થાય અને તેનો હક બરાબર મલે તેમ કરજો.

◈

જે કોઈ નાના છે તેને ઇલ્મની તાલીમ આપો. ત્યારબાદ વેપારની તાલીમ આપો અને પછી તેને વેપારમાં જોડો. આ વખતમાં વેપારની તાલીમ માટે ઇલ્મની તાલીમની જરૂર છે. માટે પહેલાં ઇલ્મની તાલીમ આપો પછી વેપારની તાલીમ આપો.

◈

ધંધો પરબારો કરવાથી નુકશાન જવાનો સંભવ છે. માટે પહેલાં નોકરી કરો, અનુભવ મેળવો અને પછી ધંધો શરૂ કરો, એ અમારું ફરમાન છે.

◈

સ્કુલમાંથી છોકરાઓ નીકળે તે ભલે નોકરી કરે, પણ તેઓનો ઉદ્દેશ વેપાર કરવાનો હોવો જોઈએ. તમારે યાદ રાખવું જોઈએ કે તમારા બાપદાદા વેપારી હતા અને હવે જો તમે વેપાર છોડી દેશો તો બધું ગુમાવી બેસશો અને વેપાર હાથમાંથી ચાલ્યો જશે.

દારેસલામ, ૩–૨–૧૯૩૭

◈

બી. એ. થઈને પછી નોકરી કરવાનોજ હેતુ હોય

અને તમે લોકો ભણીને નોકરીના જ ખ્યાલમાં હો તો પછી પૈસાદાર કેમ થશો ? માત્ર ભણવાથી પૈસાદાર થવાતું નથી. વેપાર કરીને માણસ પૈસાદાર થાય છે. હિંમતથી વેપાર કરો. મોટો નહિં તો નાનો પણ વેપાર કરો. કમીશનનું કામ કરો.

◈

ધંધા વેપારમાં એક બીજાને મદદ કરવી જોઈએ. પોતાના માણસોને મદદ કરી ધંધે લગાડો.

મુંબઈ, ૧૮-૧૨-૧૯૩૩

◈

લોકોને મદદ તરીકે રોકડ રકમ આપવાનું હજારો વરસથી થતું રહેલ છે પણ તેથી ગરીબાઈ ઘટી નથી, બલ્કે વધી છે.

ઇંગ્લાંડમાં એવા માણસોને વર્કશોપમાં મોકલવામાં આવે છે. પરિણામે તેઓ ઘણા પૈસાદાર થઈ ગયા છે. જ્યારે મુસલમાન મુલ્કોમાં રોકડ મદદ આપવામાં આવે છે એટલેજ તેઓ ગરીબ રહે છે. મદદ એવી કરો કે જેથી તેઓ પોતાની રોટલી કમાઈ શકે.

મુંબઈ, ૮-૩-૧૯૪૦

◈

મોટી વાત એ છે કે બેકારોને કામે લગાડો. તમારો દુશ્મન છે તે બેકારી છે. માટે બેકારોને કામે લગાડો. કોઈ બુઢી વિધવાને મદદ કરો તો ઘણું સારૂં છે. પણ જુવાન મરદને મદદ કરશો તો તે આળસુ થઈ જશે. બની શકે

તેટલું તેવાઓને નોકરીએ લગાડો, કામે ચડાવો.

નૈરોબી, ૯-૩-૧૯૩૭

◈

તેઓને ખાવાને રોટલી મળશે તો તેઓ દગાબાજી નહિ કરે અને ખોટું નહિ બોલે. તેઓ માલે વાજબાત બરાબર આપશે તેઓનું ઇમાન સલામત રહેશે. તેઓ ઇબાદત કરશે તેમા તમોને પણ ફાયદો મળશે.

નૈરોબી, ૬-૧૦-૧૯૦૫

◈

દરેક સમાજમાં એક નાનો વર્ગ હોય છે, જે બીમારી અથવા કામકાજ પ્રત્યે કુદરતી અણગમો ધરાવવાને કારણે બેકાર હોય છે. પરંતુ કમનસીબે એવા બીજા ઘણા હોય છે કે જેઓ કામધંધો મેળવવા માટે પ્રયાસો કરતા હોય છે છતાં કોમમાં ઇન્ડસ્ટ્રીઝની અછતના લીધે કામ મેળવી શકતા નથી અથવા તો પોતાની પાસે જે કાંઈ નાની મુડી હોય છે તેનાથી ધંધો કરવામાં કામયાબ થતા નથી અને એ કારણોસર રોજીના સાધનો પામી શકતા નથી. તમે આફ્રિકા તરફ નજર કરશો તો જાણી શકશો કે ખાસ કરીને કોંગો અને માડાગાસ્કરમાં વેલ્ફેર એસોસીએશનો ઊભી કરવામાં આવી છે કે જે આપબળ અને સહકારની ભાવનાથી આવી કફોડી સ્થિતિમાંથી બચાવી લ્યે છે. જેઓએ પ્લેટીનમ જ્યુબીલીની ઉજવણી કરી સેન્ટ્રલ ફાઇનાન્શીયલ બોડીની સ્થાપના કરી તેઓએ આ ગોઠવણનો અભ્યાસ કરી પાકિસ્તાનના ઇસ્માઈલીઓ માટે સલામતિ અને બચવાનું કાયમી સાધન પૂરું

પાડવું જોઈએ..

કરાંચી, ૩-૨-૧૯૫૪

◈

જેટલી બની શકે તેટલી મદદ કરી દીન ભાઈઓને રસ્તે ચડાવો. તમે ઇસ્માઈલીઓને રસ્તે ચડાવવાનું કામ કરો છો તે કામથી અમે ઘણા ખુશી થયા છીએ. બહુજ હિંમત કરો. તમે જે જહેમત લીધી છે તેના બદલો હાઝર ઇમામ દીન અને દુનિયામાં આપશે.

નૈરાબી, ૨૨-૩-૧૯૨૬

◈

તમે આપણા ભાઈઓને મદદ કરીને ખેતીવાડી કરવા જમીન ભાગમાં આપી છે તે સારૂં કામ કર્યું છે, પણ કોઈને નોકરી બતાવવી તે પણ ઘણું સારૂં અને ફાયદાકારક છે.

મુંબઈ, ૩-૧-૧૯૩૪

◈

જમાત પોતાનું કામકાજ ઈસ્માઈલીઓને શા માટે નથી આપતી ? ઈસ્માઈલીનું કામ ઈસ્માઈલીને આપવું જોઈએ.

◈

મુખી કામડીયાની ફરજ છે કે જમાતને આગળ વધારે અને કામધંધા પર લગાડે. જમાતને લાજમ છે કે મુખી કામડીયાને મદદ કરે અને પૈસાવાળાની ફરજ છે કે જમાતને સલાહ આપે. પૈસાવાળા ફંડફાળામાં મદદ નહિ કરે તો તેઓથી શું થઈ શકશે ? ખાનાવાદાન.

પુના, ૯-૧-૧૯૩૮

◈

જમાતના લીડરોને વાજબ છે કે જમાતને ધંધે લગાડવા મહેનત કરે.

જંગબાર, ૧૭-૨-૧૯૨૫

◆

અમે દુઆ કરીએ છીએ. અમારી રહેમ છે પરંતુ દવા પણ લ્યો.

◆

તમે વેપાર ધંધાની બાબત પુછી તેથી અમે ખુશી થયા છીએ. દરેક ઈસ્માઈલી અમને પુછે છે. અમે સલાહ આપીએ છીએ. અને ઈસ્માઈલીઓનો એ હક છે, અમે ખુશીથી તેઓને હંમેશા સલાહ આપીએ છીએ. આફ્રિકા-વાળા પણ અમારી સલાહથી કેટલા આબાદ થયા.

◆

અમે જે કાંઈ ફરમાન કરીએ છીએ તે આ કાનથી સાંભળી બીજે કાને કાઢી નહિ નાખતા, અમારા બોલ ઘણાજ કિંમતી છે, અમુલ્ય હીરા માણેક છે.

કરાંચી, ૨૩-૪-૧૯૨૦

◆

# સંપ-ભાઈચારો

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

આપણા શરીરમાં દુન્યાના માવતરનું લોહી અને ગોસ્ત

છે, જેથી દુન્યવી બાબતમાં એક માવતરના બે બચ્ચાઓમાં અંદરોઅંદર ઝઘડો થાય તો બહુ જ નુકશાન થાય છે. માવીતરને ઘણુંજ દુઃખ થાય છે. તેવીજ રીતે અમારા રૂહાની બચ્ચાંઓ અંદરોઅંદર ઝઘડો કરે અને ટંટોફિસાદ કરે તો રૂહાની પિતાને કેટલું દુઃખ થાય?

તમે મૌલાના હાઝર ઇમામને ફક્ત જીભથી રૂહાની પિતા કહો તેથી કાંઈ ફાયદો નથી. જેમ દુનિયાના માવતરનું લોહી અને ગોશ્ત ઇન્સાનના બદનમાં છે, તેવી જ રીતે રૂહાની પિતાનું તમારા રૂહમાં છે. જેથી તમારે સમજવું જોઈએ કે તમે રૂહાની પિતાના રૂહાની બચ્ચાઓ છો.

નૈરોબી, ૩૦-૩-૧૯૪૫

તમે અમારૂં અંગ છો. તેથી તમારામાં અદાવત હોય તો અમારા અંગમાં ઇજા થાય છે. જેમ અમારૂં માથું દુઃખે અથવા અમારા અંગમાં બીજે કયાંય દુઃખે તેમ વસમું લાગે છે.

જમાત અમારૂં બદન છે. તેમાં કાંઈ દુઃખે તો અમને વસમું લાગે છે.

તમે પોતપોતામાં સંપ સલાહ રાખજો. ઝગડા નહિ કરતા. કદાચ શેતાનની હરકતથી પોતપોતામાં નાણાં વાસ્તે અથવા બીજી કોઈ બાબતસર લડયા હો તો પાછા પોતપોતામાં સલાહ કરી સમજણ કરી લેજો. પોતામાં એકદિલી

ફરી લેજો.

સગા ભાઇઓ જેવા થઇને ચાલો તો અમે ખુશી થઇએ.

એક જીસ્માની માવિત્ર પણ પોતાના ફરજંદોમાં કુસંપ થાય તો નાખુશ થાય છે તો અમે તમારા રૂહાની માવિત્ર છીએ. કોઇના માટે તમારા દિલમાં હસદ લાવવી નહિ જોઇએ. હસદ કરનારને એક જાતની બીમારી લાગુ પડે છે. રક્તપિતની બીમારી જ્યારે માણસના શરીરને લાગુ પડે છે. તો તે બીમારી શરીરની બહાર દેખાય છે. પણ હસદ રાખનાર માણસને તેના દિલમાં તેના રૂહને તે બીમારી લાગુ પડે છે.

અલહમ્દુલિલ્લાહ, તમે મોમન છો. તમોને વાજબ છે કે કોઈ સાથે દુશ્મની રાખવી નહિ. દુશ્મની એ કોઢનું દરદ છે. પહેલા તે દરદ થોડું હોય છે, પણ છેવટે આખા શરીરમાં ફેલાઈ જાય છે. દુશ્મની એવી જાતનો કોઢ છે. પહેલાં થોડી દુશ્મની થાય છે. પછી તે દુશ્મની જમાતમાં આવશે અને આખર દુશ્મનીથી ઈમાન જતું રહેશે.

જંગબાર, ૧૭-૯-૧૯૦૫

અમોને સાંભળીને દિલગીરી થાય છે કે તમે અંદર અંદર એકબીજાથી હસદ અને દુશ્મની કરો છો, તેથી અમારા શરીરમાં ઇજા થાય છે. અમે તમારા રૂહાની પિતા છીએ. તમે અમારા રૂહાની બચ્ચાઓ કુસંપ અને કજીયા ફિસાદ

કરો છો તેથી અમોને ઘણો જ રંજ અને દુઃખ થાય છે. માટે તમારે સંપ સલાહ અને મહોબ્બતથી એકબીજા વચ્ચે ભાઈચારો પેદા કરી સહકારથી રહેવું.

તમે બધા ભાઈઓ છો. એક બાપના દીકરા પેઠે એકબીજાને સમજો. ખોજા, ગુપ્તી, મોમના તે તમારા ભાઈઓ છે તેમ સમજવું, અમારો મુરીદ હોય તે અહીં હોય કે બીજે હોય તે તમામ એક જ બાપના દીકરા છે તેમ સમજવું, કાબુલી હોય, ઇરાની હોય, ગુપ્તી હોય તે તમામ મુરીદો ભાઈઓ છે સર્વે મુરીદો સરખા છે.

જેવી રીતે અમારા ઉપર મહોબ્બત રાખો છો તેવી રીતે તમારા દીન ભાઈઓ પ્રત્યે મહોબત રાખો. જાણે કે એકજ માબાપના ફરઝંદ હો. પહેલી મહોબ્બત દીનભાઈઓ સાથે કરો. ત્યારબાદ અમારી સાથે મહોબ્બત કરો.

જંગબાર, ૧૫-૭-૧૯૧૪

જુઓ યહુદી લોકો પોતામાં ઘણાજ જોરાવર છે તેનું કારણ એ છે કે તેઓ એક સંપીથી રહે છે. જો તમારામાં એકસંપી હશે તો તમારૂં જોર ઘણું જ વધશે.

જંગબાર, ૨૫-૭-૧૯૧૪

જો તમે આપસ આપસમાં સંપસલાહ નહિ કરશો તો તમારી તંદુરસ્તી તેમ જ માલમાં બરકત થશે નહિ.

જો તમે સંપ સલાહ કરશો તો તમારા જાન અને માલમાં બરકત થશે. અગર જો તમે એકદિલ નહિ રહેશો તો અમે ગમે તેટલી દુઆ કરીએ તો પણ તમને ફાયદો થશે નહિ કારણ કે અમારી દુઆ પણ અર્ધા દિલની હશે.

◆

છુટી લાકડી સહેલાઈથી ભાંગી શકાય છે, પણ પાંચ કે દસ લાકડીઓ ભેગી કરી ભાંગવા જતાં તે ભાંગી નહિ શકાય. જેથી હંમેશા સહકારથી સંગઠિત થઈ એક દિલથી એકઠા મળીને કામ કરશો તો બહુ જ આગળ વધશો અને ફાયદો મેળવશો. ખાનાવાદાન.

કમ્પાલા, ૧૯-૮-૧૯૪૬

◆

તમે એકબીજાને મદદ કરો, જો એકદિલી નહિ હશો તો જમાત તુટી જશે, એક માણુસ વેપારમાં નબળો પડે તો તેને મદદ આપો અને ટેકો આપો તેનો બદલો તમને આસ્તે આસ્તે મળી જશે.

◆

તમે હંમેશા એકબીજાની નેકી કરતા રહેજો. કયારે પણ કોઈની દુશ્મની નહિ કરજો. કોઈની પણ ખરાબી નહિ કરજો.

◆

ઘણી બાબતો તમારા ઉપર લાજમ છે. એક મુખ્ય બાબત એ છે કે તમારા દીનભાઈઓમાં એકદિલથી ચાલો. પણ અહીંઆ તો એકબીજાની ગીબત કરવામાં આવે છે. ગીબતમાં ઝના કરતાં વધારે ગુનાહ છે. દીનભાઈઓમાં

એકબીજામાં ફિતના નાખી લડાઈઓ જગાવવી તે કતલ કરતાં વધારે ગુનાહિત છે.

જંગબાર, ૩૧-૮-૧૮૯૯

◆

અમો જમાતમાં એકદિલી જોવા ઇચ્છીએ છીએ જુઓ આપણા મઝહબમાં લોકો અમારી અને જમાતની બહુ જ ખિદમત કરે છે. પરંતુ જ્યાં સુધી પોતામાં એકદિલ થશો નહિ, ત્યાં સુધી કોઈ પણ ફાયદો થશે નહિ.

◆

કોઈ ઇસ્માઇલી એવો ખ્યાલ ન કરે કે આ મુહાજિર છે. આ અન્સાર છે. આ બહારથી આવ્યો છે. આ સીંધી છે. આ મુંબઈનો છે કે આ કાઠિયાવાડી છે. આ નવા છે. આ જૂના છે. એવા ખ્યાલ કરશો તો કેમ આબાદ થશો? આવા ખ્યાલો નહિ કરવા એમ કરશો તો બેઉ તરફથી મરો થશે. એક બાપ અને એક માના ફરઝંદો સમજીને એકબીજાને મદદ કરવી.

કરાંચી, ૪-૨-૧૯૫૧

◆

આપણા મઝહબમાં એવું છે કે આગલી વાત હોય તેને ભુલી જવી જોઈએ તે આપણો મઝહબ છે. એકબીજાએ દિલમાંથી દુશ્મની કાઢી નાખવી જોઈએ. તોજ મઝહબનો ફાયદો થાય. દુન્યવી બાબતો મઝહબમાં લાવો છો, તે ઠીક નથી.

◆

કુરલા, ૧૯-૨-૧૯૩૫

તમે એકદિલ થશો તો સેવા કરી શકશો, તેથી હાઝર ઇમામ પણ દુનિયામાં મદદ કરશે, નહિ તો બીજાઓ તમારૂં ગળુ કાપશે.

નૈરોબી, ૨૨-૩-૧૯૨૬

તમે અત્યાર સુધી અમારી સલાહ મુજબ બરાબર ચાલ્યા નથી, છતાં આટલી સિદ્ધિઓ મેળવી છે. તે કરતાં જો અમારી સલાહ મુજબ અરસપરસ સંપ સલાહથી ચાલ્યા હોત તો આના કરતાં પણ વધુ સિદ્ધિઓ મેળવી હોત, પરંતુ અફસોસ છે કે તમારામાં હસદ અને અદેખાઈ બહુ જ છે. તમારામાં હિંમત છે. તમારામાં કામ કરવાની આવડત છે જેને લીધે તમોએ આ સિદ્ધિઓ મેળવી છે. પણ જો તમો અમારી સલાહ મુજબ હસદ અને દુશ્મની કાઢી નાખો તો આખી દુનિયાનો કાબુ તમારા હાથમાં હોય. હજી પણ બહુ મોડું થયું નથી. અને એ મુજબ તમારે કામ કરવાનું છે.

પેરીસ, ૩૦-૬-૧૯૫૨

# સબુરી

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું કે:

જમાતને લાઝમ છે કે સબર કરે, તમારી ઝબાનને ખાલીપીલી ખરાબ નહીં કરો. નાહક કોઈના ઉપર ગલ્લો ન કરવો, ખાલીપીલી ખોટું ન બોલવું, તમે સબર કરો. નાહક ફીતનો નહિ કરો, ફીતનામાં ફાયદો નથી, તમે સબર કરો. જેમ અમો ચાલીએ છીએ તે પ્રમાણે તમારે ચાલવું જોઈએ. જેનું જેવું દિલ હોય તેવી રીતે તે ચાલે છે.

◈

તમે મોમન એવા થઈને ચાલો કે એકબીજાને નુકશાન ન પહોંચે, કોઈ લાકડી લઈને મારે તો પણ તેને કાંઈ કહેવું નહિં, સબર અખત્યાર કરવી. તમે એવા થઈને ચાલો, તેમાં ઘણું સારૂં છે.

◈

ખરાબને ખરાબ નહીં કહેતા તેને ખુદા ઉપર છોડી દીયો. જેઓ અમારા માટે હલકું બોલશે તેવું તેઓ ભોગવશે. તમે કોઈનું બુરૂં નહીં બોલશો. આ નેકીની નીશાનીઓ છે તે યાદ રાખજો.

◈

અમે સબર કરવાવાળા છીએ, સબર અમારી મીરાસ છે. આલે રસુલને ખરાબ બોલવાવાળા પોતાના ફેઝ ઉપર પહોંચે છે. અમો કોઈને ખરાબ કહેતા નથી.

◈

ઇન્સાન ઝાલીમ થાય તેના કરતાં મઝલુમ થવું સારૂં છે.

◈

મુર્તઝાઅલીએ તલવાર ખાધી તો શું, તેઓમાં દુશ્મનને

મારવાની તાકાત નહીં હતી? પહોંચી શકતા હતા; પણ સબર અખત્યાર કરી. ઇમામ હુસેન પહોંચી શકતા નહિ હતા?

શાહ ખલિલુલ્લાહનો જે કાતિલ હતો, તેને પકડીને ફતેહઅલી બાદશાહ પાસે લઈ જવામાં આવ્યો. ફતેહઅલી બાદશાહે કહ્યું કે આ ખુનીને શાહ હસનઅલી પાસે લઈ જાઓ. એવણ મરજી પડે તે પ્રમાણે કરે, એ ખુનીને આકા શાહ હસનઅલી પાસે લઈ ગયા, ત્યારે તે ખુનીને થોડી લાકડીઓ મારીને તેવણે કાઢી મુકયો.

જુઓ! અમારી મોટાઈ આવી રીતની છે. અને તે સબરમાં છે. દીનના કામમાં આ પ્રમાણે ચાલવું જોઈએ.

ઇન્સાન ઉપર જે દુઃખ પડે છે, તે મોમનને સુખરૂપ લાગે છે. ઇન્સાન ઉપર બિમારી, કોઢિયાપણું, રક્તપિત વિગેરે દરદ આવે છે, પણ મોમન તેનો અંદેશો રાખતો નથી અને નાખુશ બનતો નથી. મોમનને અગર રક્તપિતનું દરદ હોય, તો પણ તેનું દિલ નુરાની અને દરિયાના પાણી જેવું સફેદ હોય છે. તેના ઉપર ગમે તેટલા દુઃખ આવી પડે, તો પણ તેમને તે દિલ ઉપર લાવતો નથી.

ઇમામ, ઇન્સાન ઉપર આવતા કિસ્મતી અને કુદરતી દુઃખો ટાળવા કોશીષ ન જ કરે. જો ઇમામ તેમ કરે, તો પછી બીજી દુન્યા અહીં જ હોય, યાને દુનિયા અને

આકબત કે આખરત જેવું કાંઈ રહે નહિ. ઇન્સાનને આ દુનિયામાં જે દુઃખ પડે છે, તેથી નારાજ થવું જોઈએ નહીં. પણ તેના માટે ઇન્સાનને ખુશી થવું જોઈએ, કારણ કે આવા કુદરતી દુઃખોથી ઇન્સાનના પાપો ધોવાય છે અને આત્માને પાપમાંથી મુક્તિ મળે છે.

ઇન્સાનના ગુજરી જવા માટે મોમનને અફસોસ ન હોય. દુન્યામાં એવું બન્યા કરે છે કે આવે અને જાય. સબર કરો, મોમનને અફસોસ કે ગમ નહિ કરવો જોઈએ.

ઇન્સાનના મરણ પછી રડવાથી શું ફાયદો થશે ? હવે રડવાથી પાછો આવશે નહિ. સબર કરો, દિલગીર નહિ થાઓ.

મુંબઈ, ૧૧-૧-૧૯૩૪

મોમન રાત દિવસ અમારી હુઝુરમાં છે. મોમન હંમેશા બગીચામાં છે. મોમનનું રડવું પણ ખુશીનું હોવું જોઈએ. દુખ આવે તો પણ પરવા કરવી નહીં. અમો તમારા ઉપર બહુ ખુશી છીએ. ખાનાવાદાન.

**મુશ્કેલી અથવા જોખમથી ડરવું નહીં અને મક્કમતાથી ઊભા રહેવું અને પરિણામ ખુદાના હાથમાં સોંપી દઈ દિવસે દિવસે બનતું બધું કરી છૂટવું.**

# કેળવણી

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

નાની ઉંમરમાં ઇલ્મ શીખવો જોઈએ અને ત્યારબાદ બીજાને શીખવવો. પહેલાં પોતે બરાબર સમજવું અને પછી બીજાને સમજાવવું તો બહુજ ફાયદો થશે. જવાનીમાં જેટલો ઇલ્મ હાંસલ કરવો હોય તેટલો થઈ શકે છે અને ઇલ્મ નસીહત કરી શકાય છે. માટે જવાનીમાંજ ઇલ્મ શીખીને મુસ્તકીમ થવું જોઈએ. ઇલ્મ વડે પહાડ જેવી મુશ્કીલ બાબતો આસાન કરી દેવાય છે. તમે જવાન છો ત્યારે, એવી રીતે મહેનત કરીને ઇલ્મ શીખો અને હિંમત રાખો.

◆

છોકરીઓના માબાપને હુકમ ફરમાવીએ છીએ કે પોતાની છોકરીઓને આ સ્કુલમાં જરૂર મોકલાવે. જેથી અમે તેઓના ઉપર ફરજ નાખીએ છીએ; કારણ કે છોકરીઓ આ સ્કુલમાં આવશે અને ભરત, ગુંથણ તથા લખતાં વાંચતાં વિગેરે શીખશે તો ભવિષ્યમાં પોતાનું ગુજરાન ચલાવવાને શક્તિમાન થશે અને જો કદાચ કેળવણી નહિ લ્યે અને આ સ્કુલમાં નહિ આવે ને આવા હુન્નર નહિ શીખે તો લોકોના વાસણ માંજવા અને કપડાં વિગેરે ધોવામાં પોતાના દિવસો ગુજારવા પડશે જેમાં તેમને ચારથી છ પૈસા મળશે, જેના ઉપર આધાર રાખવો પડશે. માટે કેળવણી લઈ ને છોકરીઓ

હુશીયાર થાય અને કોઇની મહોતાજ નહિ રહે. માટે સ્કુલમાં મોકલી કેળવણી આપવાની જરૂર છે.

## કેળવાયેલ માતા બચ્ચાનું રક્ષણ કરી શકે છે.

બાળાઓ પર માતા તરીકેની ફરજો હોવાથી, તેઓના પર વિશેષ ધ્યાન આપવું. માતા જો કેળવાયેલી નહીં હશે તો બચ્ચાને તકલીફ થશે, આ લોકો પર કેળવણી ફરજીયાત છે. કેળવણી વગર કંઈ થઈ શકતું નથી.

## જેટલું પણ ઇલ્મ દુનિયામાં છે તેટલું બધું છોકરીઓને શિખવાને માટે ખુલ્લું રહેવું જોઈએ.

ગુંથણ, સીવણ અને રાંધણકળા છોકરીઓને શીખવવામાં આવે છે, એ જાણી અમે ઘણાં ખુશી થયા છીએ. વ્યવસ્થા કરનારી બોર્ડને અમે ભાર દઈ ભલામણ કરીએ છીએ કે તેઓને એવા પ્રકારની કેળવણી આપ્રવી જેથી બાળાઓ આર્થીક રીતે સ્વતંત્ર બની શકે.

હાથના હુન્નરની કેળવણીની ઘણી જરૂર છે. મગજની કેળવણી એકલી પુરતી નથી. અમે બહુ જ રાજી છીએ કે, નાનપણથી હુન્નરકળા શીખવવામાં આવે છે. નાનપણથી જ હુન્નરકળા શીખવવી જોઈએ. શાબાશ.

તમે તમારા નાના બચ્ચાઓને બરાબર ઈલ્મ શીખાડો.

◈

જે માબાપ પોતાના બચ્ચાને સ્કુલમાં મોકલતા નથી તેઓ અમારા ગુનેહગાર છે.

◈

જેટલી રકમમાં એક વિદ્યાર્થી બી.એ. સુધી ભણી શકે તેટલી જ રકમમાં ત્રણ કે પાંચ જો મેટ્રિક પસાર કરી શકતા હોય તો તે શા માટે ન બનાવવા ? એ તો એવું થયું કે, એક માણસને દોલતમંદ બનાવવો અને દશને ભૂખ્યા રાખવા, એનો અર્થ શું ?

◈

શાળામાં અભ્યાસ કરતી બાળાઓને પણ ઘરો કેવી રીતે સ્વચ્છ રાખવા તે બાબતનું શિક્ષણ આપવું જોઈએ, તેમજ રાંધણકળા શીખવવાની પણ ઘણી જ જરૂર છે અને તેમાં પણ માદક અને મસાલાવાળા પદાર્થો કે જે તંદુરસ્તીને નુકશાનકર્તા છે તેવા પદાર્થો જેમ બને તેમ ઓછા પ્રમાણમાં વાપરતા શીખવું જોઈએ.

◈

અલહમ્દુલિલ્લાહ ઘણું સારૂં છે કે આપણી જમાત કેળવણીનો સારો લાભ લે છે, પણ એ પુરતું નથી. કેળવણી એ કુસ્તી નહિ કસરત છે, જ્યારે હયાતી છે તે કુસ્તી છે, માટે હયાતી સુધી કેળવણી લેવી જોઈએ. કેળવણી તે છે કે, જેનાથી હયાતીમાં બીજા સાથે હરીફાઈ કરી શકાય છે.

◈

શાળામાં અભ્યાસ કરતા બાળકોએ પોતાના શિક્ષક અને શિક્ષિકાઓનું તેમજ મોટેરાઓનું માન જાળવતા શિખવું જોઈએ તેમજ **જમાતના આગેવાનો અને મોટેરાઓએ પણ શિક્ષક અને શિક્ષિકાઓની કદર કરવી જોઈએ** કે જેથી બચ્ચાઓ તેનું અનુકરણ કરતાં શીખે. બાળકો અદબ અને હલીમી જેવા ગુણો શાળામાંથી જ શીખી શકે છે.

પુરુષો અને સ્ત્રીઓએ કેળવણી અવશ્ય લેવી જોઈએ. કેળવણીનો વિષય એટલો બધો ગંભીર અને જરૂરનો છે કે કોઈપણ કામ અગર તો જમાતના જીવનમરણનો તે સવાલ છે.

અમારો કહેવાનો મતલબ એ નથી કે ફક્ત મોટા મોટા પુસ્તકો વાંચવા અને ડીગ્રીઓ મેળવવા પણ વ્યવહારૂ કેળવણીની મુખ્ય જરૂર છે અને તે એ છે કે, તમે જે દેશમાં રહેતા હો તે દેશની ભાષા શીખી, સામાન્ય જ્ઞાન મેળવી આર્થિક અને સામાજીક લાભો હાંસલ કરવા જોઈએ.

જો કદાચ તમારી સ્કુલમાં પુરતો બંદોબસ્ત ન હોય તો બીજી સ્કુલોમાં મોકલો. અમે નથી ચાહતા કે ઇસ્માઈલીઓ કેળવણીમાં પાછળ રહે. તેઓ બીજાથી આગળ વધે.

અમલદારો ઉપર ફરજ છે કે તેઓએ જમાતખાનામાં હંમેશા અવારનવાર બાળાઓની કેળવણી બાબતમાં ભાષણો આપવા અને તે માટે પુરેપુરી કોશિષો કરવી.

સ્કુલનાં બચ્ચાંઓને ફરમાવ્યું કે,

સ્કુલમાં હાજરી આપવામાં તમે ઘણાં જ નિયમિત રહેજો, અમારા દિદાર માટે જમાતખાને આવવા કરતાં નિયમસર સ્કુલે જાઓ, એ અમને વધારે પસંદ છે. દિદાર રજાના દિવસોમાં કરી શકો છો.

◈

સ્કુલની બાળાઓને ફરમાવ્યું કે,

અમે તમને જોઈને ઘણા ખુશી થયા છીએ, તમે કેળવણી લેવાની ઉમેદ બહુ ઊંચી રાખો. તમારે છોકરાઓ કરતાં કોઈપણ રીતે ઓછી કેળવણી લેવાની નથી.

◈

છોકરાઓને ફરમાવ્યું કે,

તમે અમારા રૂહાની બચ્ચાંઓ છો. નોકરી કરતાં સાહસ કરવું વાજબી છે. કેળવણી લીધા પછી હિંમત કરવી જરૂરી છે....અમારે જરૂર કહેવું પડશે કે, ભવિષ્ય માટે અમુક અંશે ચિંતાનું કારણ જણાય છે અને અમને ધાસ્તી છે કે, આ નિશાળમાંથી શીખીને બહાર પડતા છોકરાઓનો મોટો ભાગ કલાર્કની અને એવી બીજી ખાત્રીપુર્ણકની ફક્ત ગુજરાન પુરતી લાઈનો લેવા તરફ દોરાય છે, જ્યારે સાહસનો જુસ્સો તેઓમાં હોતો નથી.

◈

ઈસ્માઈલી પ્રજાની અત્યારની હાલત તેઓના સાહસીકપણાને જ આભારી છે. એ જુસ્સો હાલ માત્ર અભણ અને અજ્ઞાનોમાં જ દેખાય છે. આફ્રિકાભરના ઈસ્માઈથીઓને પુછતાં તેઓએ જણાવ્યું કે, જ્યારે તેઓએ કાઠિયાવાડ મુકયું ત્યારે તેઓ પાસે જે મુડી હતી તેના કરતાં આજે દશ ગણી વધારે છે; એ તેઓનો તે વખતનો જુસ્સો હતો.

આજે કેળવણીનો ખરો હેતુ ગણત્રીના આંકડાઓ અને હકીકતોના જ્ઞાનને નહિ પણ ઈન્સાનના તેના ખરા જુસ્સાને સુધારવાનો અને વધારવાનો છે. એ જુસ્સાને દાબી કે રૂંધી દેવામાં નજ આવવો જોઈએ, તેમજ દૂરના મોટા દેશોમાં જઈ સંપૂર્ણ સુખી થવાની પ્રેરણાને જરૂર ઉત્તેજન આપવું જોઈએ.

જો આ સ્કુલના શિક્ષણનું પરિણામ માત્ર સાહસિકતાના જુસ્સાને દૂર કરવાનો હોય, જે જુસ્સો મુશ્કેલીઓ સહન કરવા, ભવિષ્યમાં ફત્તેહથી મળતા મોટા બદલા માટે શરૂઆતમાં થોડી અગવડો વેઠી લેવાનું શીખવતો હોય, તેને મારી નાખવામાં અને માત્ર કલાર્કશીપ તરફ ઘસડી જવાનું હોય, તો અમારી શાળાએ ફાયદા કરતાં નુકશાન વધારે કર્યું છે.

અમારા આ શબ્દો ઘણા ભારપુર્વકના છે અને અમે ખાસ કરીને શિક્ષક વર્ગને કહીએ છીએ કે, તેઓ બાળકોને

સમજાવે કે, લડાઈમાં નહિ પણ શહેરી અને સુધરેલા જીવન માટે લડવું અને મરવું તે, ચાલુ જીંદગી જીવવા કરતાં વધુ માનભર્યું છે.

◈

ઊઠો, જાગો, આફ્રિકા ખંડનો વિચાર કરો. મહાન જીત અથવા તો સંપૂર્ણ હાર જેની સ્વપ્ને પણ ખ્યાલમાં ન આવે તેવી દરેક શકયતાઓ છે અને તે તમને પરિણામના મોટા બદલા તરફ દોરી જવા માટે પુરતી છે. જો કદાચ તેમ કરતાં તમે હારો અને મોતને ભેટો તો તે મોત પણ માનભર્યું હશે.

◈

...સચ્ચાઈ, પ્રેમ અને કંઇપણ સંકોચ વિના તમે આ દેશને પોતાના વતન તરીકે માન્ય રાખશો, નહિ તો તમને તમારો દેશ બદલો આપશે નહિ. કારણ કે એક દેશ તે શખસનેજ નવાજે છે, જે પોતાનું વતન તેને બનાવે છે.

◈

# તંદુરસ્તી

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

યાદ રાખો કે આપણા ઇસ્માઈલી મઝહબ અનુસાર

માનવ શરીર ખુદાવંદતઆલાનું ઘર છે કારણ કે તેમાં આત્મા છે કે જે નુરાની જ્યોત મેળવે છે. આથી કરીને બદનની ઘણી માવજત તેની તંદુરસ્તી અને તેનું આરોગ્ય તમારી પાછળની જિંદગીને માર્ગદર્શન આપશે. તમારા બાહ્ય અને અંદરના આરોગ્ય માટે મોં, આંખ; કાન અને કોઈ ચેપની પહેલીજ નીશાની નજરમાં આવે કે તુરત તેને દૂર કરવામાં કાળજી રાખો. તમારી જિંદગીમાં આગળ જતાં રમતગમત માટે મુશ્કેલ થઈ પડશે પરંતુ તમારા વ્યાપાર, ખરીદી વિગેરે માટે બદનને ટટ્ટાર રાખી પગે ચાલશો તો (તંદુરસ્તી માટે) તમે ઘણું કરી શકશો. દુઆ-બંદગીનો વખત બિલ્કુલ ચુકવો ન જોઈએ. જ્યાં સુધી બની શકે ત્યાં સુધી જમાતખાને જાઓ જ. જો ન બની શકે તો ગમે ત્યાં હો ત્યાં દુઆની તસ્બી કાઢી લો. એમ કરી સ્વચ્છ શરીરમાં સ્વચ્છ આત્મા રાખો.

મુબારક સંદેશો.

અમારા રૂહાની બચ્ચાઓની એ પ્રાથમિક મઝહબી ફરજ છે કે તે ગર્ભની શરૂઆતથી પરિપકવતાના સમય સુધી બાળકની સંપૂર્ણ સંભાળ રાખવાનું શીખે. કમોતનું પ્રમાણ ચોક્કસ ઓછું થવું જ જોઈએ. આમાં માત્ર જિંદગી જ નહિ પરંતુ આત્માનું રક્ષણ રહેલું છે. આવી રીતે બચાવી લીધેલ બાળક એક દિવસ ખુદાવંદતઆલા, પયગમ્બર, હઝરત અલી અને તેની આલ પ્રત્યેના "પ્રેમ

અને શ્રદ્ધા"નું શિક્ષણ આપનાર એક મિશનરી બની શકશે.

કરાંચી, ૧૯૨૪.

સઘળા બાળકોને હરરોજ ઓછામાં ઓછા બે કલાક સુધી તાજી હવામાં કસરત કરવા માટે ઉત્તેજન આપવું જોઈએ. આ માટે શરીરને તંદુરસ્ત રાખવાનો બીજો કોઈ માર્ગ નથી કે જે કાર્યશીલ મન માટે અતિશય જરૂરતનું છે.

મોટી ઉંમર થતાં રમતગમત અને કસરત બંધ કરવી નહિ. અલબત્ત વેપારમાં જોડાવાથી વખત મળતો ન હોય તે છતાં પણ બને ત્યાં સુધી પગે ચાલવું જોઈએ. જેઓ પાસે મોટર હોય અને પોતે જુવાન હોય તો તેઓએ અઠવાડિયે બેથી ત્રણ વખત પોતાની મોટર ગેરેજમાં રાખી પગે ચાલવાની આદત પાડવી જોઈએ. આમ કરવાથી પેટ્રોલ અને ટાયરનો બચાવ થશે તેમજ જોરથી ચાલવાની પણ ફરજ પડશે અને કસરત પણ થશે. બુઢ્ઢા માણસોએ પણ બને ત્યાં સુધી પગે ચાલવાની કોશિષ કરવાથી ફાયદો ફાયદો થશે, ખાનાવાદાન.

કીસુમુ, ૧૧-૫-૪૫.

બચ્ચાઓ તો શાળામાં કસરત કરતા હોય છે પણ યુવાનો અને મોટી ઉંમરનાઓને પણ કસરત કરવાની ઘણી જ જરૂર છે. આપણી કોમમાં ભાઈઓ તેમજ બાઈઓમાં મીઠા પેશાબની બિમારી બહુજ જોવામાં આવે છે તે પણ

જોઈતા પ્રમાણમાં કસરત ન કરવાથી થાય છે. ખાસ કરીને પૈસાદાર વર્ગના માણસો કે જેઓ મોટરમાં વધુ ફરતા હોય છે અને પગે ચાલવાનું પસંદ નથી કરતા તેઓને મીઠા પેશાબની બિમારી વધુ પ્રમાણમાં છે. ખુદાવંદતઆલાએ ઇન્સાનને પગ આપ્યા છે. છતાં પગે નહિ ચાલતા, વાહનોનો ઉપયોગ કરી બિમારી પેદા કરો છો.

**શરીરની અંદર અડધી બિમારી તો ઇન્સાન પોતાની કસુરથી પેદા કરે છે. તેમાં ખુદાવંદતઆલાની કંઈ પણ કસુર નથી.**

અલબત્ત અડધી બિમારી કુદરતી આવે છે અને તે માટે તમોને ખોરાક અને કસરત સંબંધી ફરમાનો કર્યા છે. મોટરને બદલે સાયકલનો ઉપયોગ કરવાથી શરીરને કસરત મળે છે.

નૈરોબી, ૩૦–૫–૧૯૪૫

અમે જોયું છે ઘણા મોટા પ્રમાણમાં અપકવ અવસ્થામાં મરણ પામે છે. તેઓ ભરજુવાન અવસ્થામાં હૃદયરોગ અને બ્લડપ્રેશરથી મરણ પામે છે જ્યારે અમુક ૬૫ વર્ષની ઉંમરમાં તો વૃદ્ધાવસ્થાએ પહોંચી જાય છે, ગરમ ઋતુમાં તમારે વધુ પડતું નમક, વધુ પડતાં મરચા અને વધુ પડતું ઘી ન ખાવું જોઈએ. લગભગ આજ કારણને લીધે થતા

બ્લડપ્રેશરથી પણ ખોટી રીતે અકાળે મોત નીપજે છે.

કરાંચી સીટી કાઉન્સીલ પરના તા. ૧૫-૧૧-૫૩ના સંદેશામાંથી.

તમારે યાદ રાખવું જોઈએ કે પ્રજામાં મોટા પ્રમાણમાં કમનસીબીઓ અને દુઃખો ખરાબ આરોગ્ય અને બિમારીને લીધે ઉત્પન્ન થાય છે. પરંતુ બિમારી અને ખરાબ આરોગ્યનો સામનો કરવા માટેનો ઉત્તમ માર્ગ યોગ્ય સાવચેતી છે. ખાસ કરીને બાળવયમાં અને જિંદગીના શરૂઆતના વર્ષોમાં કે જયારે મજબુત બાંધાનું ઘડતર કરી શકાય છે ત્યારે બિમારીનો શારીરિક સામનો તમોને પાછલા વર્ષોમાં મોટા પ્રમાણની કમનસીબીઓ અને ખરાબ આરોગ્યમાંથી બચાવી લેશે.

કરાંચી, ૧૧-૨-૧૯૫૪

આ શરીરનું સંભાળથી જતન કરવું જોઈએ. કેટલીક બિમારીઓ અને રોગો તદ્દન કુદરતી છે, અને કસોટીઓ જેવા છે જેમાંથી આપણે સઘળાઓએ પસાર થવું પડે છે પણ કમનસીબે અમે જોઈએ છીએ કે આપણી વચ્ચે આવી એકાદ કુદરતી બિમારી જોવામાં આવે છે પણ નાદુરસ્ત તબીયતવાળા પાંચ અથવા દસ કેસો તો ખામીભર્યા પોષણથી અને તંદુરસ્તીના નિયમોથી વિરૂદ્ધ જવાને લીધે જ થતાં હોય છે.

અમારી પાસે જે લોકો ફરિયાદ લઈને આવે છે એમાં એંસી ટકા પોતાના હાથે બિમાર પડેલ હોય છે, જેઓ

ખાવાપીવાનું ધ્યાન નથી રાખતા તેમજ મા–બાપો પણ પણ પોતાના બચ્ચાઓના ખોરાકનું ધ્યાન રાખતા નથી, તેમાં પછી અઝરાઈલનો શો વાંક?

◆

જ્યાં સુધી ખાવા પીવાની રીત નહિ બદલાવો ત્યાં સુધી બિમારી નહિ મટે. તમે જ્યાં સુધી મરચા અને એવો ગરમ ખોરાક નહિ છોડો ત્યાં સુધી બિમારી રહ્યા કરશે.

◆

મરચી મસાલા જેમ બને તેમ ઓછા પ્રમાણમાં ખાઓ. રાતા મરચા ઝેર મિસાલ છે તે ખાવાથી પેટમાં ફોડા અને પરુ પેદા થાય છે.

◆

ખોરાકની અંદર ઘી, તેલ માખણ જેમ બને તેમ ઓછાં પ્રમાણમાં વાપરવું કેમ કે તેનાથી ફાયદો થતો નથી. ઘી અને તેલમાં તળેલી ચીજો જેમ બને તેમ ઓછા પ્રમાણમાં ખાવી જોઈએ. કોઈક વખતે જ ફક્ત સ્વાદ માટે ખુશી અને આનંદ મનાવવા તેવી તળેલી ચીજો ખાવામાં કંઈ વાંધો નથી.

◆

તમારામાંના ઘણા લોકો નિમક વધુ પ્રમાણમાં ખાય છે જે સારૂં નથી. નિમક ખાવાથી ખાસ કોઈ ગુણ નથી. ફક્ત સ્વાદની ખાતર ખાવામાં આવે છે. તો જેમ બને તેમ ઓછું નિમક ખાવું. બ્લડપ્રેશરવાળાએ તો બિલ્કુલ

નિમક ખાવું નહિ.

◈

તમારે ગોશ્ત બહુ ઓછું ખાવું, તેની જગ્યાએ ભાજી, બકાલું-તરકારી વિગેરે ખાવું જેમાં તાકાત છે. ગોશ્ત વધારે ખાવાથી બદનને નુકશાન થાય છે. મોટી ઉંમરમાં તેથી વાયસુર, સંધીવા વગેરે બીમારીઓ થાય છે.

◈

ઘરની અંદર ખોરાક પકાવવો એ બાઈઓનું કામ છે. બાઈઓએ શીખવું જોઈએ કે કેવા પ્રકારનો ખોરાક પકાવી પોતાના પતિ અને બચ્ચાંઓને ખવડાવવો કે જેથી શરીરમાં લોહી અને તાકાત વધે અને બીમારી થાય નહિ....મારી બેગમ પણ રાંધવા પકાવવાનું કામકાજ જાતે જ કરે છે. આ સર્વે કાર્યો કરવામાં કાંઈ શરમ નથી પણ કુદરત તરફથી નિર્માણ થયેલ સ્રીઓની ફરજો છે.

◈

નોકરો ઉપર રાંધવા પકાવવાનાં કામો મુકવાથી આપણને સારો ખોરાક અને તંદુરસ્તી મળવી મુશ્કેલ છે.

◈

નવી ઢબે રાંધતાં શીખવું જોઈએ. "નવી રૂઢી" સાચી છે અને આપણી ચાલુ "જુની રૂઢી" ખોટી અને ખરાબ છે જેને પકડી રાખવાથી પરીણામ ખરાબ આવે છે.

◈

**(આંખ)** સવારે પાણીમાં ચાના પાંદડા અગર તો મુકી નાખીને પાણી ચાની માફક ઉકાળી કડક બનાવ્યા

બાદ નીચે ઉતારી ઠંડું પડવા દેવું અને ત્યારબાદ તેમાં રૂ બોળી તે રૂથી આંખને સાફ કરો. એક આંખ ધોએલુ રૂ બીજી આંખ ધોવામાં વાપરશો નહિ. જો તેમ કરશો તો આંખને નુકશાન થશે, માટે જુદા જુદા રૂથી જુદી જુદી આંખ ધોવી. આમ કરવાથી તમારી આંખોને ઘણોજ ફાયદો થશે.

તાનાનારીવ, ૧૩-૬-૧૯૪૬

જ્યારે પણ નાના બાળકો અને મોટેરાઓને આંખમાં કોઈપણ કારણસર ચળ આવે અથવા આંખો બળવા લાગે તે વખતે (દૂધ અને ખાંડ વગર ખાલી પાણીમાં ઉકાળેલી) ચાનો ઉપચાર કરવાથી ઘણો જ ફાયદો થશે અને ઘણી તકલીફથી બચી જવાશે.

ગુલાબજળ કરતાં ચાનું પાણી બહેતર છે, વળી ચા સસ્તી પણ છે.

કરાંચી, ૨૭-૧-૧૯૫૨

**(દાંત)** દાંત સવારના ઊઠીને અને રાત્રે સુતી વખતે એમ બે વખત સાફ કરવા જોઈએ.

દારેસ્સલામ, ૧૩-૭-૧૯૪૫

દાતણ કરવામાં વિલાયતી દંતમંજન અને પાવડર વાપરો છો, તેના કરતાં નિમકથી દાતણ કરવું વધારે સારૂં છે. નિમક વાપરવાથી દાંતો મજબુત થશે અને ઘણો

ફાયદો થશે.

તાનાનારીવ, ૧૩-૬-૧૯૪૬

◆

બચ્ચાંઓને ખાટા લીંબુના રસનું શરબત દાંત માટે ફાયદાકારક થશે.

અહમદનગર, ૧૦-૧-૧૯૩૮

◆

**(જુલાબ)** તમારે મહિનામાં એક વખત એરંડીયા તેલનો જુલાબ લેવો જોઈએ, કે જેથી કબજીયાત અને પેટની સાધારણ બીમારીઓ દૂર થઇ તંદુરસ્તી મળે.

તાનાનારીવ, ૧૩-૬-૧૯૪૬

◆

**(સુન્નત)** કેટલાક માવિત્રો પોતાના બાળકોને હજામની પાસે સુન્નત બેસાડે છે પણ તેથી બાળકને ઇજા થવા પામે છે અને કોઈ વખતે બાળકને જિંદગી સુધીની તકલીફ કે ખોડ રહી જાય છે. જેથી માવિત્રોએ હોશિયાર અને અનુભવીં ડોકટર પાસે બાળકોને સુન્નત બેસાડવા જોઇએ.

બાળકને બચપણથી જ સુન્નત બેસાડી દેવું ઘણું સારૂં છે અને તેથી બચ્ચાની તંદુરસ્તીને ઘણો ફાયદો થાય છે.

દારેસ્સલામ, ૨૭-૭-૧૯૪૫

◆

**(ગધેડીનું દૂધ)** બચ્ચાઓ તથા મોટા માણસોએ ગધેડીનું દૂધ પીવું જોઈએ; કારણ કે તે દસ ઘણું વધારે પુષ્ટિકારક હોય છે. જો ગધેડીનું દૂધ મળતું ન હોય તો

બકરી અથવા ગાયનું દૂધ પીવું જોઈએ તેમાં પણ ગાય કરતાં બકરીનું દૂધ સારૂં છે.

તાનાનારીવ, ૧૩-૬-૧૯૪૬

કોઈની છાતીમાં નબળાઈ હોય, અગર દુઃખાવો થતો હોય, તેમ જ દમ હોય તો ચાલીસ દહાડા સુધી ગધેડીનું દૂધ પીવું અને દરરોજ એક કલાક હવાખોરી માટે ફરવા જવું તો આરામ થઈ જશે.

મોશી, ૨૮-૨-૧૯૨૬

**(સોપારી)** સોપારી ખાવી ઘણી જ ખરાબ છે. સોપારી ઝેર છે. લોહી ખરાબ કરે છે. લોહીનું પાણી કરે છે, અગર ખાઓ તો ઘણી જ થોડી ખાઓ.

મુંબઈ, ૧૩-૨-૧૯૨૮

**(રસી)** બિમારી લાગુ ન પડે એ બાબતની રસી સરકાર મંગાવે અને નાખે તો તમારાં બાળબચ્ચાં, ઘરવાળીઓ, સર્વેને સાથે તેડી જઈને રસી નખાવજો. તેમાં કાંઈપણ નુકસાન નથી.

જંગબાર, ૪-૯-૧૯૦૫

જ્યારે બિમારી આવે ત્યારે તરત રસી મુકાવવાની ગોઠવણ કરજો. હંમેશાં ધ્યાન રાખશો તો વધારે નુકશાન નહિ થાય.

કરાંચી, ૨૬-૧-૧૯૩૮

માતા યાને શીળીને માટે બચાવ કરવા રસી નાખવા માટે ઉત્તેજન આપવું જોઈએ, એ ઘણું જરૂરનું છે. જ્યારે માતા નીકળવાની હવા ફેલાય ત્યારે શીળી કઢાવવાની ઘણી જરૂર છે. તેમ જ દર સાત વર્ષે એક વખત સાધારણ રીતે શીળી કઢાવવી જોઈએ. પણ અમે તો એવી ભલામણ કરીએ છીએ કે આ દેશમાં દર પાંચ વર્ષે કઢાવવી જોઈએ.

કરાંચી, ૭-૨-૧૯૫૧

હરેક બચ્ચાને માતા કઢાવવી જ જોઈએ. જે મા-બાપો પોતાના બચ્ચાંઓને વેક્સિનેશન માતા યાને કઢાવતા નથી તે ઘણું ખરાબ છે. એવા બચ્ચાંઓ શીતળાનો ભોગ બને છે, એ ગુનાહ એમના મા-બાપો ઉપર ચઢે છે માટે વેક્સિનેશન યાને માતા જરૂર કઢાવો.

જામનગર, ૮-૨-૧૯૩૯

**તમો, અમારા બચ્ચાંઓને તમારી તંદુરસ્તી, ભલાઈ અને દુન્યવી બહેતરી માટે ફરમાવીએ છીએ, અમે અમારા મુરીદોને દુનિયામાં સુખી અને આબાદ જોવા ચાહીએ છીએ.**

નૈરોબી, ૫-૭-૧૯૪૬

# દારૂ–તમાકુ

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

આ દુનિયામાં એક નાદાન માણસ હોય અને તે દર મહિને પાંચ રૂપિયાની નોટ બાળી નાખે તો જોનારા લોકો તેને શું કહેશે? કહેશે કે તે મુર્ખો છે પણ બાળનાર કહેશે કે મેં આ નોટ બાળી છે પણ બીડી, તમાકુ અને દારૂ વાપરનારા મહિનામાં પાંચ દશ રૂપિયાની નોટ બાળે છે અને સાથેસાથે પોતાની જાન અને આત્મા પણ બાળે છે. જે લોકો શરાબ, દારૂ, સીગારેટ અને તમાકુ વાપરે છે, તેઓ પોતાની જાન અને આત્માને બાળે છે.

કરાંચી, ૧૧–૨–૧૯૫૦

તમાકુ અને દારૂ બન્ને ઝેર છે. જે દમ જેવી ગંભીર બિમારી ઉત્પન્ન કરે છે. જો આ ચીજો તમે થોડા પ્રમાણમાં લેશો તો તેથી થોડું ઝેર થશે. અને જો વધુ પ્રમાણમાં લેશો તો હળાહળ ઝેર થશે. ઝેર પીવું તો સારૂં છે કે જેથી ઇન્સાન તરત જ મરી જાય છે. પણ આ દારૂ અને તમાકુ લેવાથી ઇન્સાન રીબાઈ રીબાઈને મરે છે.

દારેસલામ, ૧૩–૭–૧૯૪૫

તમાકુ પીવામાં ફાયદો નથી. હાઝર ઇમામ કાંઈ તમાકુના દુશ્મન નથી. પણ તેનાં વપરાશથી ઘણા ગેરફાયદા

છે. તેનાથી ગળામાં બિમારી થાય છે. પૈસા જાય છે.

જુઓ અમો એક દાખલો આપીએ છીએ. અમો દારેસ્સલામથી એક ડોકટરને બોલાવેલ હતો. તેણે અમારૂં શરીર તપાસ્યું. તેણે કહ્યું કે, તમે બિલ્કુલ તમાકુ વાપરી જ નથી. ત્યારે અમે સવાલ કર્યો કે, "તમે શા ઉપરથી કહો છો?" તેણે કહ્યું કે તમારા ગળા તથા શરીરમાંથી શ્વાસ બહાર આવે છે તે ઘણો સારો છે. તમાકુ પીવાવાળાનો શ્વાસ સારો હોતો નથી.

◈

જે લોકો વ્યસની છે તેઓ માટે જીંદગીની હરિફાઈમાં મોટી અડચણ છે. આ દેશમાં તમે સીગારેટ, દારૂ અને તમાકુ પીશો તો પાકિસ્તાનમાં બીજી કોમો કે જે સીગારેટ, દારૂ અને તમાકુ બિલ્કુલ વાપરતી નથી તેમની સાથે કેમ રહી શકશો?

◈

દારૂ અને તમાકુ તમારા દુશ્મન છે તેમાં શક નથી. વિમા કંપનીઓ પાસે પણ જેઓ દારૂ અને તમાકુનું સેવન કરતા નથી તેઓની જીંદગી લાંબી ગણાય છે. દારૂ એ ધીમું ઝેર છે અને દસ પંદર કે વીસ વર્ષે અંતમાં માણસને મારી નાખે છે દરેક મનુષ્યની જીંદગી નક્કી કરવામાં આવી છે સીત્તેર કે એંસી વરસ પરંતુ જો તેઓ દારૂ વાપરે તો તકદીરમાં લખેલ જીંદગી દસ, પંદર કે વીસ વરસ ઓછી થઈ જાય છે.

◈ મોમ્બાસા, ૧૫–૮–૧૯૪૮

દારૂ અને તમાકુ વગેરે વ્યસની પદાર્થોનો ઉપયોગ કરવાથી ઇન્સાનને લિજ્જત અને આનંદ આવે છે પણ જ્યારે નશો ઉતરી જાય છે ત્યારે તે માણસને કમજોર અને સુસ્ત બનાવી મુકે છે અને શરીરની અંદર ઝેર બની જાત-જાતના દર્દો ઉત્પન્ન કરે છે. દારૂ, તમાકુ જેવી કેફી અને શરીર તથા તંદુરસ્તીને નુકશાન પહોંચાડતી વસ્તુઓનું જેઓ સેવન કરે છે તેઓ ઉપર મને ગુસ્સો નથી આવતો પણ દિલગીરી થાય છે બલ્કે આંખમાં આંસુ આવી જાય છે અને દુઃખની લાગણી પયદા થાય છે.

જેમ અમારા બચ્ચાંઓને અમો તેઓની તંદુરસ્તી અને બહેતરી માટે નસીહતો કરતા હોઈએ તેમ તમો અમારા રૂહાની બચ્ચાંઓને તમારી તંદુરસ્તી ભલાઈ અને દુન્યવી બહેતરી માટે ફરમાવીએ છીએ. અમો અમારા મુરીદોને દુનિયામાં સુખી અને આબાદ જોવા માંગીએ છીએ.

નૈરોબી, ૫-૭-૧૯૪૬

જ્યારે શયતાન બાજી આપે, શરાબ, તમાકુ યાદ આવે, શયતાન જોર કરે કે પીઓ તો અમને યાદ કરો. અમારો ખ્યાલ કરશો તો સર્વે ઓછું થઈ જશે-દુઆ આશિષ ખાનાવાદાન.

કરાંચી, ૫-૨-૧૯૫૧

# આપણી કેન્ટીનો

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું :

કેન્ટીન જમાતખાનામાં હોવી ઘણી જરૂરી છે........ તમારા માટે એ ઘણું જ અગત્યનું છે કે તમે મુંબઈની કેન્ટીન પ્રમાણે કામ કરો.

કેન્ટીનો જમાતખાનામાં (કમ્પાઉન્ડમાં) હોવી જોઈએ. કેમ કે ત્યાં ઘણી તાજી હવા હોય છે. કેન્ટીન એવી જગ્યાએ ન હોવી જોઈએ કે જ્યાં હવા ઉજાસ ન હોય. જો હવા નહિ હોય તો માખીઓ, વાંચણો અને કીડીઓ ખોરાક ખરાબ કરશે.

આ કેન્ટીનને ચાલુ કરવામાં બે હેતુઓ સમાએલા છે. પહેલો તો એ છે કે જમાતોને વગર નફે યાને મુદ્દલ ભાવે સારો ખોરાક મળે અને બીજો ખાસ અગત્યનો હેતુ એ છે કે કેન્ટીનમાં તાકાત અને તત્ત્વવાળો પુષ્ટિકારક મળે કે જેમાંથી વીટામીનો નાશ ન પામ્યા હોય અને કેન્ટીનનો ખોરાક સદા કીડી, માખી અને બીજા હવામાં ઉડતા જંતુઓથી મહેફુઝ રાખવામાં આવે. આપણા ડોકટરો પણ અવારનવાર આ કેન્ટીનોની મુલાકાત લીએ અને સલાહ સુચનાઓ આપે કે ખોરાકને વૈજ્ઞાનિક રીતે કેવી રીતે પકાવવો કે જેથી ખોરાકના અગત્યના બધા જ તત્ત્વો (વીટામીનો) તેમાં સલામત રહે અને નાશ ન પામે. દાખલા તરીકે એક

સારી રીતે ધોએલો ગાજરનો કટકો માંસના કટકાની ગરજ સારે છે, બલ્કે ગાજરના કટકાનો ફાયદો માંસ કરતાં વધારે છે. વિજ્ઞાની ઢબે પકાવેલો ખોરાક તંદુરસ્તી અને તાકાત માટે ઘણો જ જરૂરી છે અને ઉપયોગી છે. ઉપરાંત કેન્ટીન ગરીબ અને લાયક બાઈઓને કામકાજ પુરૂં પાડશે.

મુંબઈ પેઠે વૈજ્ઞાનિક રીતે ખોરાક પકાવવાના વર્ગો આ સંસ્થાઓ તરફથી શરૂ કરવા જોઈએ અને બગીચા તથા ખાણાઘરમાં આવી પરિક્ષાઓમાં પાસ થનારાઓને સર્ટીફિકેટ આપવી જોઈએ.

બાઈઓને ફરમાવ્યું, પૈસા દેવા કરતાં એ વધુ જરૂરી છે કે એ કાર્યની અંદર પોતાના દિલોજાનથી ખિદમત કરવી જોઈએ અને નવી ઢબે રાંધતાં શીખવું જોઈએ. 'નવી રૂઢી' સાચી છે અને આપણી ચાલુ 'જુની રૂઢી' ખોટી અને ખરાબ છે જેને પકડી રાખવાથી પરિણામ ખરાબ આવે છે અને ગમે તેટલો પઈસો હોય તો પણ નાકામ્યાબી મળે છે. દાખલા તરીકે ગાજર બરાબર ખાવામાં ગોશ્ત કરતાં વધારે તાકાત હાંસલ થાય છે, પરંતુ એને રાંધી રાંધીને તેમાં રહેલા વિટામીનો બાળી નાખવામાં આવે તો ફાયદો નથી. તેજ પ્રમાણે મુળાને રાંધવાથી એનું તત્ત્વ બરબાદ થઈ જાય છે અને નકામાં બની જાય છે. ટમેટા પણ બરાબર ધોઈને ખાવામાં લેવા જોઈએ. એ પણ શીખવું જરૂરી છે ટમેટાને કેમ ધોવા અને કેમ ખાવા.

મોટા ફાળાઓ નોંધાવનાર અમલદારો ઉપર મોટી

ફરજ છે કે તેઓ અવારનવાર ધ્યાન રાખે કે કેન્ટીનમાં શું શું કાર્ય ચાલે છે અને કેવી રીતે પ્રગતિ થઈ છે. નાના ફાળા આપનાર ઉપર ફરજ છે કે તેઓ અવારનવાર ધ્યાન રાખે કે કેન્ટીનમાં શું શું કાર્ય ચાલે છે અને કેવી રીતે પ્રગતિ થઈ છે. નાના ફાળા ઉપર ફરજ છે કે તેઓ અવારનવાર કેન્ટીનનો ખોરાક તપાસે અને તેનો અનુભવ કરે. દરેક કેન્ટીનનો ખોરાક જાતે ખાવો જોઈએ. તમે જાતે નહિ ખાશો તો કોણ આવીને ખાશે ? અને કેમ ખબર પડશે ? અલહમ્દુલિલ્લાહ આપણે ત્યાં ઘણા ઈસ્માઈલી ડોકટરો છે, તેઓ અવારનવાર આ કેન્ટીનમાં આવી ખોરાક તપાસશે અને તેને ચાખી ખાત્રી કરશે.

ખારાધર બગીચા વગેરે જમાતોની એ ફરજ છે કે તેઓ પોતાની વસ્તુઓ બનાવવાનો ઓર્ડર ઇન્ડસ્ટ્રીયલ હોમ અને કેન્ટીનને આપે અને તેમ કરી તેઓએ આવી સંસ્થાને ઉત્તેજન આપવું જોઈએ. કેન્ટીનમાં ખોરાક મુદ્દલ ભાવે એટલે કોઈપણ જાતના નફા લીધા વગર વેચવામાં આવશે. કેન્ટીનો માટે એ ઘણું જ અગત્યનું છે કે તેઓ ખોરાકના વેચાણમાં બિલકુલ નફો ન લીએ. તેઓ મુદ્દલ ભાવેથી ખોરાક વેચે. આ કેન્ટીનો રેસ્ટોરન્ટ નથી.

બહેનો માટે એ ઘણું જરૂરી છે કે તેઓ કેન્ટીનમાં જઈ ખોરાક કેમ બનાવવો તે જુએ અને પછી ઘેર આવીને પોતાના કુટુંબીજનોને આવો ઉત્તમ પુષ્ટિકારક ખોરાક ખવડાવે. અગર તેમ ન કરશો તો તમને ખબર પડશે કે

વિજ્ઞાનિક રીતે ખોરાક કેમ પકાવાય છે અને જમાતને તેનો ફાયદો કેમ પહોંચાડી શકશો ? અગર કેન્ટીનમાં શીખી ઘરમાં વિજ્ઞાનીક રીતે ખોરાક પકાવશો તો બાળકોની તંદુરસ્તી ઉત્તમ થશે અને તેઓ કદી બિમાર નહિ પડશે. ખાનાવાદાન.

કદાચી ફેબ્રુઆરી, ૧૯૫૨

# લગ્નો

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું કે,

લગ્ન એ ઇન્સાનની જિંદગીનો સોદો છે, જેથી યુવાન અને સમજુ બચ્ચાઓને તેઓની ઇચ્છા મુજબ લગ્ન કરવા દેવા જોઈએ. ધર્મ, ગંભીર બીમારી અથવા તો તેવા જ બીજા સંગીન કારણો સિવાય માવિત્રોએ બચ્ચાને તેઓની ઇચ્છા વિરુદ્ધ દબાણ કરવું જોઈએ નહિ. મહોબ્બત અને ખરા પ્રેમથી પરણેલ દંપતી આખી જિંદગી સુખ અને આનંદમાં ગાળી શકે છે.

શાદી કર્યા પહેલાં છોકરો અને છોકરી પોતાના માવિત્રોને ત્યાં જમે છે તે કરતાં લગ્ન કરી બન્ને સાથે જમવાથી ઘણો જ ફાયદો થશે. તેમજ ખુદાવંદતઆલા તેઓની રોજીમાં બરકત આપશે અને નેક જિંદગી ગુજારી શકશે તેમજ ઔલાદ પણ થશે. જેથી

વધારે ફાયદો થશે.

ટાંગા, ૨૩–૬–૧૯૪૫

આજે જે શાહુકાર છે તે આવતી કાલે ગરીબ થઈ જાય અને આજે ગરીબ છે તે આવતીકાલે શાહુકાર થઈ જાય, તે ખુદાના હાથમાં છે. **ઈન્સાનને તંદુરસ્ત, ઈમાનદાર અને સારી ચાલચલણવાળા છોકરા–છોકરી જોઈને લગ્નો જલ્દીથી કરવા જોઈએ.**

કમ્પાલા, ૨૨–૫–૧૯૪૫

શાદી વખતે છોકરા અને છોકરીની તંદુરસ્તી તપાસવી જોઈએ. **અગર જો છોકરા અને છોકરીની તંદુરસ્તી અથવા ધર્મ પ્રત્યેની વફાદારી નહિ જોતા નાણાં અને મોટાઈ જોઈ સગપણ કરશો તો બરકત નહિ થાય.**

તમે નજીક નજીકના સગા કે ઓળખાણ–પિછાણવાળાઓ પોતાના દીકરા–દીકરીઓના લગ્નો અરસપરસ કરો તે કરતાં દૂરદૂરના અજાણ્યા મુરીદો પોતાના છોકરા–છોકરીઓના લગ્નો કરી સગપણ જોડે તો વધારે ઈચ્છવા યોગ્ય છે. આમ કરવાથી દૂરદૂરના ઈસમાઈલી મુરીદો વચ્ચે સગપણ સંબંધ જોડાશે. ભાઈચારો અને મહોબ્બત વધશે તેમ જ દુન્યવી અને આર્થિક લાભો થશે.

દારેસ્સલામ, ૩૦–૭–૧૯૪૬

વિધવાઓ અને છૂટાછેડા થયેલી સ્ત્રીઓની પણ ફરીથી શાદી કરવાની ખાસ જરૂર છે. આવી રીતે પુનર્લગ્ન કરવા એ ઘણું જ સારૂં છે અને તેનાથી ઘણો જ ફાયદો થશે. તલાક **અપાએલ સ્ત્રી સાથે ફરીથી લગ્ન ન કરવા એ ઇસ્લામના સિદ્ધાંતની વિરૂદ્ધ છે.** અમે જે ફરમાનો કરીએ છીએ તે પ્રમાણે લગ્નો જલ્દીથી કરવા જ જોઈએ. પણ તમો નથી કરતાં તે ઘણું ખરાબ છે. ફરી પણ ભલામણ કરીએ છીએ કે કુંવારી કન્યાઓની મોટા પ્રમાણમાં શાદીઓ થવી જ જોઈએ આવા અગત્યના ફરમાનો પ્રમાણે અમલ નહિ કરો તો તમોને ફાયદો ક્યાંથી થશે.

જંગબાર, ૮–૭–૧૯૪૫

જુવાન બાઈઓએ લગ્ન કર્યા વગર બેસી રહેવું બહુ જ ખરાબ છે. **આ દુન્યા છે. ઇન્સાનના વિચારો હંમેશા એકસરખા નથી રહી શકતા તેમજ જુસ્સો પણ પાક નથી રહી શકતો. આ બાબત આગેવાનોની ફરજ છે કે આવી બાઇઓને સમજાવી તેઓના લગ્નો કરાવી આપે.**

દારેસ્સલામ, ૩૦–૭–૧૯૪૬

શાદીમાં ફુઝુલ ખર્ચ થાય છે. તે જેટલો બની શકે તેટલો ઓછો થવો જોઈએ. આ વિષે અમોએ આફ્રિકામાં ઘણા ફરમાનો કર્યા છે તે વાંચી તેના ઉપર અમલ કરવો

જોઈએ. અમો કોમના પૈસાદાર વર્ગને ખાસ કરીને અપીલ કરીએ છીએ કે તેઓ શાદી પ્રસંગે ખર્ચો ઓછો કરી કોમના ગરીબ વર્ગો માટે દાખલો બેસાડે, કે તેથી પૈસાદારોને જોઈ ગરીબ માણસોના મનમાં લાગી ન આવે. આથી કોમને બહુ લાભ થશે.

કરાંચી. ૧૮-૨-૧૯૫૦

લગ્ન વખતે દહેજ-કરીઆવરમાં ઘણા કપડા, દાગીના આપવામાં વધુ પડતો ફુઝુલ ખર્ચો કરવા કરતાં તેના બદલે ધી ડાયમન્ડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ અથવા તો કો-ઓપરેટીવ કે કોર્પોરેશનના શેરો ખરીદી આપવા ઘણા સારા છે; અથવા તો જ્યુબીલી ઇન્સ્યુરન્સ કંપનીમાં વિમો ઉતરાવી આપવો એ ઇચ્છવા યોગ્ય છે. આમ કરવાથી ભવિષ્યમાં ખરાબ વખતમાં આવા શેરો તેઓને આશીર્વાદરૂપ થઈ પડશે.

દારેસ્સલામ, ૨૭-૭-૧૯૪૫

રૂહાની પિતા તરીકે અમે ઇચ્છીએ છીએ કે, અમારા ભલા રૂહાની બચ્ચાંઓ હકીકતમાં ઘણાં જ સારા કાયદાઓને વળગી રહેશે અને તે પ્રમાણે કરકસર કરશે....જેઓ લગ્ન અને તેવા પ્રસંગોએ ઘણા સારા કાયદાઓ પ્રમાણે વર્તવાનુ ચાલુ રાખશે, તેઓ આ દુનિયામાં ખુશનસીબી પ્રાપ્ત કરશે અને બીજી દુનિયામાં આશીર્વાદો મેળવશે.

છોકરી સાસરીયાને ઘેરથી રિસાઈને માવતરને ઘેર આવે તે દિકરીને ઘેર બેસાડી રાખવી માવતરને લાજમ નથી. તેઓની ફરજ છે કે દિકરીને સમજાવીને તેને ઘેર તરત રવાના કરી આપે. તેમને પોતાને ઘેર બેસાડી રાખવામાં અઝીમ ગુનાહ છે.

જ્યારે કયામતનો દિવસ થશે ત્યારે જે શખ્સે પોતાની દીકરી અથવા બહેનને ઘેર બેસાડી રાખી હશે તેનું પુછાણુ તેના માવતર અથવા ભાઈ પાસેથી લેવામાં આવશે.

અમારા ફરમાન દિલમાં રાખીને હમેશાં ધ્યાનમાં લેજો. ખાનાવાદાન.

◈

## કરકસર

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ (બાઈઓને) ફરમાવ્યું કે :

તમે લુગડા ઉપર વધારે ખર્ચ કરો નહિ.

કરાંચી, ૧-૫-૧૯૨૦

◈

કેટલીક બાઈઓએ એવા કિંમતી કપડા પહેર્યા છે. જરીના ભારી કપડા ઉપર બેફાયદે ખર્ચ કર્યું છે, તે જોઈ અમે ખુશી નથી થતા. કિંમતી જરીના કપડા પહેરવા

બાબત અમે હંમેશા મનાઈ કરીએ છીએ. એવા કપડા પહેરો કે જેને આસાનીથી ધોઈ શકાય, અને સાફ થઈ શકે, યાને સાદા સાફ ને પાક કપડા પહેરો. કિંમતી કપડાં પહેરવાથી તમારૂં મન તેમાં ગુંથાયેલું રહેશે અને ઈબાદતમાં એકમન નહિ થઈ શકે. પૈસાવાળાની બાઈઓને સારા કપડા પહેરેલા જોઈ ગરીબ બાઈઓને પણ કિંમતી કપડાં ને જરીના પહેરવાનો હસદ પેદા થશે; તેમાં તેઓના ધણી અથવા માવિતરો કરજ કરી કિંમતી કપડાં તેઓ માટે ખરીદ કરશે તેમાં અમો ઘણા નારાજ છીએ.

કરાંચી, ૧-૫-૧૯૨૦

◈

હમણાં જોશો તો ઈસમાઈલી, વ્હોરા, મેમણ વિગેરેમાં તો ત્રણ પેઢીઓ સુધી પૈસો સરખો ટકતો નથી. યુરોપીયનમાં ૩૦૦, ૪૦૦, ૫૦૦ વર્ષો સુધી પૈસો ટકે છે. કારણ કે તેઓ શેઠાઈમાં રહેતા નથી.

જંગબાર, ૧૭-૨-૧૯૨૫

◈

પેન્સની સંભાળ લીયો, પાઉંડ પોતાની સંભાળ પોતે જ લેશે.

વેવે, ૨૭-૭-૧૯૪૩

◈

**એક બાઈએ બરકતનું તાવીજ આપવા અરજ ગુજારતા ઈમામે ફરમાવ્યું –:** બરકતનું તાવીજ

હોઈ શકે નહિ, પણ તમે કરકસર કરી નવા કપડાં લતા, બુટ વિગેરેમાં ઓછું ખર્ચ કરો, તેમ જ સીનેમા અને મોજશોખના ખર્ચ બંધ કરો, તમારી આવક કરતાં ખર્ચ ઓછું રાખો તો મૌલા તમને જરૂર બરકત આપશે, આનાવાદાન.

કમ્પાલા, ૨૩-૫-૧૯૪૫

કેટલાક માણસો ઘરમાં પડેલા જુના પણ સારા અને સાચા સોનાના ઘરેણાં ફેશન અને શોખને ખાતર વખતો-વખત નવી નવી ડીઝાઈનો બનાવવા ફેરબદલીમાં વાપરે છે, જેથી પોતાનું સોનું ગુમાવી હલકું ભેળસેળવાળું સોનું મેળવવા પામે છે. આવા ફેશન અને મોજશોખ ખાતર બનાવવામાં આવતાં ઘરેણાં પાછળ કોમનું ઘણું નાણું વેઠફાઈ બરબાદ જાય છે.

દારેસલામ,, ૨૭-૭-૧૯૪૫

**શાદીઓમાં ખર્ચ બાબત ફરમાવ્યું** :-દાગીના બનાવવામાં કાંઈ હરકત નથી. માલ છે. બાકીની બીજી ધામધૂમ જેવી કે વાજા રોશની વિગેરેમાં પૈસો બાળી નાખવો નહિં. એ પૈસો વ્યર્થ જાય છે.

હસનાબાદ, ૫-૧-૧૯૫૦

જેઓ શાહુકાર છે તેઓ શાદી વખતે ખર્ચા કરે છે

તેથી ગરીબ લોકોના દિલ તુટી જાય છે. આવા કારણથી ઘણીએ જુવાન છોકરીઓ તથા છોકરાઓની શાદી અટકી જાય છે જેથી અઝીમ ગુનાહ થાય છે. આથી તવંગર વર્ગને ઘટારત છે, તેઓ પોતાના લગ્ન સમયે બિલ્કુલ કરકસર કરે અને ઓછો ખર્ચ કરી ગરીબ વર્ગ ઉપર દાખલો બેસાડે, ખાનાવાદાન.

કરાંચી, ૨૭-૧-૧૯૫૨

# કાયદાઓનું પાલન

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

અમે જાહેરીમાં અહીંથી સિધાવતી વખતે તમારા વાસ્તે બે ચીજો અહીં મુકી જઈશું. તેમાં એક અમારા ફરમાન, બીજા કાયદા કાનુન.

જે કોઈ ઇસમાઈલી મઝહબ ઉપર ઇમાન રાખે છે તેઓને માટે બંધાએલા કાયદાને દિલની ખુશાલી માફક ખુશીથી કબુલ કરશે અને બરાબર તે પ્રમાણે ચાલશે.

કાઉન્સીલનો કાયદો છે, તે અમારૂં પોતાનું ફરમાન છે. કાઉન્સીલના કાયદાને માન દીધું તો એમ સમજવું હાજર ઈમામના ફરમાનને માન દીધા બરાબર છે.

કાયદા બનાવ્યા એ ઘણી સારી ચીજ છે. કાયદા માફક કામ કરજો. જિસ્મમાં હાડકા અને ગોશ્ત છે તે કાયદાથી ભેળા છે. નહિ તો ટુકડા થઈ જાય.

જ્યારે કોઈ ચીઝ લખેલ નથી, કાનુન નથી; ત્યારે બધા મરજી માફક વર્તે છે. જો કાનુન ન હોય અને કાનુન પર ન ચાલે તો જમાત આખી ટળી જાય છે, ઈમાન ખરાબ થઈ જાય છે; તેની દુનિયા પણ ખરાબ થઈ જાય છે.

હવે કાયદા કાનુન તૈયાર થઈ ગયા છે, માટે કોઈપણ જમાતનો પંજેભાઈ, ગરીબ અથવા પૈસાદાર, કોઈની તાકાત નથી કે કાઉન્સીલના સામે થાય અને કાયદા વિરૂદ્ધ ઊભો રહે.

તમારા ભલા માટે કાયદા કાનુનો, લોકલ કાઉન્સિલ અને સુપ્રિમ કાઉન્સિલના બંધારણોની અમે મંજુરી આપી છે.

તમારી તરક્કી કેમ થાય તે માટે વિચાર કરો; અને તમે આગળ કેમ વધી શકો તેનો હમેશાં ખ્યાલ કરો. લોકલ કાઉન્સિલ અને સુપ્રિમ કાઉન્સિલનું પણ કામ છે કે, જમાત પ્રગતિ કેમ કરે તેનો વિચાર કરે.

પ્રોવીન્શીયલ કાઉન્સિલો ફક્ત લગ્નો કે છૂટાછેડાના નિવેડા કરે એટલું જ પુરતું નથી પણ નવા બંધારણો મુજબ કોમની આર્થિક અને સામાજિક પ્રગતિ કેમ થાય, હાજતમંદ દીનદારોને કામે લગાડવા, વિધવાઓના પુનર્લગ્નો કરાવવા....વિગેરે દરેક કામો તેમણે કરવાના છે. કોમની આર્થિક, સામાજિક અને બીજી દરેક જાતની ઉન્નતિ અને

સુધારાવધારા પવિત્ર બંધારણની હદમાં રહીને કરવાની હરેક પ્રોવીન્શીયલ કાઉન્સિલ ઉપર ખાસ ફરજ અને જવાબદારી છે, જે તેઓ જરૂર અદા કરશે.

કાઉન્સિલ ઉપર ફરજ છે કે, નવા કાયદા સમજાવવાની વાત કરે, ભાષણો કરે.

નાતના જે કાનૂન તમોને બાંધી આપવામાં આવ્યા છે, તે મુજબ તમારે વર્તવું. કોઇપણ તે કાયદાને તોડશે તેણે અમારૂં દિલ તોડી નાંખ્યું એમ ગણાશે. જે કાયદા તમોને આપવામાં આવ્યા છે, તેમાં અઝીમ ફાયદો છે....

સરકારી કામકાજમાં સરકારને પોતાને નુકશાની થતી હોય તો પણ તે પોતાના કાયદા તોડતી નથી. તમોને પણ વાજબ છે કે સરકારને નુકશાની ખમવી પડે તો પણ કાયદો તોડવો નહિ, અગર કોઈ હસદ કરીને કાયદો તોડે તો કાઉન્સીલની ફરજ છે કે શા માટે કાયદો તોડે છે તેનો બંદોબસ્ત કરો.

આ કાયદા બાંધતી વખતે અમે હાજર હતા અને તેઓને રસ્તો દેખાડતા હતા. જેમ લોકો પોતાના ફરજંદોને શીખવે, તેમ મહેનત લઇને અમે તેઓને શીખવતા હતા.

અમોએ ઘણી મહેનતે કાયદા તૈયાર કરાવ્યા છે, હવે જો તમે એ કાયદા ઉપર અમલ નહિ કરો તો, અમે એમ સમજીશું કે તમોએ અમારી સાથે લડાઈ કરી.

જે કાયદાકાનૂન અમોએ તમને બાંધી આપ્યા છે, તે

અમારી યાદગીરીની નિશાની છે, તે પ્રમાણે તમે ચાલશો તો તમોને અઝીમ ફાયદો છે. આ કાયદાકાનૂન તે અમારી જબાન તમારી પાસે મૂકી જઈએ છીએ તે પ્રમાણે તમે ચાલજો. કાયદા તોડશો તો જાણે કે અમારી જબાન તમોએ કાપી એવું કામ થશે.

અમો તો સમજીએ છીએ કે તમે અમારી ઓલાદ છો, એમ સમજીને દર પળે તમને યાદ દેવરાવીએ છીએ. બચ્ચાં અગર હકીકતી તથા ઉત્તમ હોય તો તે પ્રમાણે વર્તે. જે બચ્ચાં બદ હોય, જેમના આમાલ શયતાની ભરેલા હોય તેમની મિસાલ એ છે કે, માવિત્ર તેમને સ્કૂલમાં ભણાવે છે પણ તેઓ જે કાંઈ શીખે છે તે બે દિવસમાં ભૂલી જાય છે. તમે એ પ્રમાણે કરશો તો ખરાબ થઈ જશો.

અમે અમારા અંતઃકરણથી દુઆ ફરમાવીએ છીએ કે તમે સચ્ચાઈને રસ્તે ચાલો, ખાનાવાદાન.

કાઉન્સિલના અમલદારો સલાહથી રહે, તેઓએ કાનૂન માફક કામ ચલાવવું. કોઈ અમલદાર કાયદાકાનૂન તોડશે તો બીજી જમાત તમારો હુકમ નહિ ઉપાડે અને પોતાની ફરિયાદ હુઝુરમાં લાવશે, વાસ્તે કાયદાકાનૂનનો ભંગ ન થાય એમ અમલદારીઓએ કાઉન્સિલનું કામ ચલાવવું.

બધી કાઉન્સિલોને અમે હુકમ ફરમાવીએ છીએ કે જમાતને બચ્ચાંની માફક સંભાળે. કાઉન્સિલોએ ફક્ત

ઇન્સાફ કરવો એટલું જ નહિ પણ કોઈને કાંઈ દુઃખ ન થાય તેનું ધ્યાન રાખે અને બધી બાબતોમાં હરેક રીતે મદદ કરે. દુનિયાના કામમાં પણ રસ્તે ચડાવે. બીજી કોઈ પણ બાબતો હોય તો મદદ કરે. કોઈ ઠેકાણે કોઈ વાંધો ઉઠે તો મિશ્નરી (વાઈઝને) તેડાવી ત્યાં મોકલાવી સમજાવી સમાધાન કરે.

કાઉન્સિલના મેમ્બરો મોટા ભાઈઓ છે અને જમાત નાના ભાઈઓ છે. તેમને નાનાભાઈઓ એટલે જમાત સોંપી દઈએ છીએ.

કેસનો નિવેડો જલ્દી આવવો જોઈએ. એવો ઇન્સાફ થવો જોઈએ કે સીવીલ કેસ પણ કોર્ટમાં જવા નહિ જોઈએ. ફક્ત ઓરત-મરદના કેસનો નિવેડો નહિ પણ બધા કેસનો ફેંસલો થવો જોઈએ. એવો ઇન્સાફ થાય અને જમાતને ભરોસો રહે.

જ્યારે કાઉન્સિલમાં જાઓ ત્યારે કોઈની પણ તરફદારી નહિ કરજો અને સરકારની અને જમાતની ખિદમત કરજો. હક ઇન્સાફથી ચાલજો, ત્યાં જે કાંઈ ઇન્સાફ દેવો તે ખુદાની રાહમાં ઇમાનદારીથી દેવો. કોઇની પણ તરફદારી નહિ કરવી.

કાઉન્સિલના મેમ્બરો જો સાફ યકીનથી કાયદા અમલમાં લાવશે ને જો નિષ્પક્ષપાતથી ઇન્સાફ આપશે તો અમે તેઓને ફિરસ્તા જેવા ગણીશું અને અમે ઘણા ખુશી થઈશું. અગાઉના જમાનામાં ઇરાનમાં નાસર ખુસરૂ, હસન બિન

સબ્બાહ, પીર સદરદીન વિગેરે જે દીનના મોટા સિંહ થઈ ગયા છે, તેના જેવા અમે તેઓને સમજીશું.

અમલદારીઓ જો જમાતને બરાબર નહિ સંભાળે બરાબર હક ઈન્સાફ નહિ આપે તો આ દુનિયામાં અને બોલી દુનિયામાં તેમનું કાળું મોઢું થશે.

કાઉન્સિલમાં કુદરતી રીતે મતફેર થતા આવે છે અને મતફેર સિવાય કાંઈ સુધારોવધારો થતો નથી. કાઉન્સિલમાં જ્યારે વધુ મતથી કોઈપણ ઠરાવ કરે તો તે ઠરાવ બધા મેમ્બરોએ કબુલ રાખવો અને મિજાજ ઠંડો રાખવો કાઉન્સિલના કામમાં ઘણી નિરાંત અને ઠંડા મિજાજથી ચાલજો.

તમારી તરક્કી કેમ થાય તે માટે તમે વિચાર કરો અને તમે આગળ વધી શકો તેનો હંમેશા ખ્યાલ કરો. કાઉન્સિલ અને સુપ્રિય કાઉન્સિલનું કામ છે કે, જમાત પ્રગતિ કેમ કરે તેનો વિચાર કરે.

કાઉન્સિલનાં જે મેમ્બરો છે, તેઓ મિસાલ સરદાર તરીકે છે. જંગલમાંથી સરદાર નાસી જાય તો પછી લશ્કરથી શું બને ?

આગેવાનોએ છેવટે પોતાની જાતને મિટાવી દેવા શીખવું જોઈએ.

(ગ્રાન્ટના નાણા) અમારા તરફથી જે જે સંસ્થાઓને ગ્રાન્ટ આપવામાં આવે છે, તેના કાર્યકર્તાઓએ સમજવું

જોઈએ કે આવી ગ્રાન્ટના નાણાંનો ઈમાનદારીથી ઉપયોગ કરવો જોઈએ. અમારા તરફથી આપવામાં આવતા નાણામાંથી તમારે એક શીલીંગ ખર્ચી તમારે દોઢ શીલીંગ જેટલો ફાયદો ઉઠાવવો જોઈએ. અમે ગ્રાન્ટની રકમ સહેલાઈથી આપીએ છીએ, પણ તે ખુદાઈ પૈસો છે અને તેનો ઉપયોગ બહુ જ સંભાળપૂર્વક કરવો જોઈએ. ગ્રાન્ટનો દુરઉપયોગ કરનારાઓને બન્ને જહાનમાં સહન કરવું પડશે. ઈમામના નાણાની ગ્રાન્ટનો દુરઉપયોગ કે ગેરવ્યવસ્થા કરવી એ બહુજ ગંભીર અને ભયંકર ગુનાહ છે.

કોઈ મુરશીદ પોતાની ભેટમાંથી પાછું નથી આપતો, તેમ જ બીજા કોઈ ધર્મગુરુ પણ આપતા નથી. આ ઈમામના પૈસા છે, ગવર્નમેન્ટના પૈસા નથી. શીલીંગના સોળ આના લાભ મળવો જોઈએ.

ગ્રાન્ટના નાણા બહુ જ કરકસરથી ખર્ચવા જોઈએ ગ્રાન્ટના નાણા બેદરકારીથી વેડફી નાખનાર સંસ્થા, મંડળી અગર તો વ્યક્તિ હરેક ખુદાના ગુનેહગાર છે....તેઓ પાસેથી બીજી દુનિયામાં જવાબ માંગવામાં આવશે.

# વીમો

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) એ ફરમાવ્યું કે :

તમોને સારી રીતે રોશન છે કે ૧૯૩૬ની જ્યુબીલી પછી અમોએ સ્થાપેલી જ્યુબીલી ઇન્શ્યુરન્સ કંપનીમાં આફ્રિકાની જમાતોએ ઘણીજ ફતેહ મેળવી છે. અમોને ખાત્રી છે કે જો હિંદુસ્તાન અને પાકિસ્તાનના ઇસ્માઈલીઓ આ બાબત ઉપર ધ્યાન આપે તો તેઓને એમ જણાશે કે તેઓ માટે આવી સંસ્થાઓ બનાવવી શકય થશે કે જેથી આ બન્ને દેશોમાં દુન્યવી આબાદી માટે ઘણું જ કરી શકશે. તમે સારી રીતે જાણો છો કે આપણા ધાર્મિક સિદ્ધાંત પ્રમાણે આપણા મઝહબની મોટામાં મોટી ખિદમતોમાં એક ખિદમત એ છે કે આપણા દુન્યવી કામકાજોમાં ફતેહ મેળવવી. માટે અમને ઉમેદ છે કે આ બાબત ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે. બની શકે તેટલા પ્રમાણમાં આર્થિક રીતે સફળતા મેળવો અને તે કાર્યમાં ખંત અને હોશિયારીથી ઝંપલાવવું.

(સુપ્રિમ કાઉન્સિલ ઉપર તાલીકો, ૧૦–૩–૫૨)

આ બન્ને બાબતો—કોઓપરેટીવ સોસાયટી અને ઇન્શ્યુરન્સ કંપની—વિષે તમને નસીહત ફરમાવેલ છે, તે ઉપર તમે અમલ કરશો તો દશ વર્ષમાં તમારી હાલત ઘણી સુધરી જશે. અમારા ફરમાન આંબાના ઝાડ મિસાલ છે.

આફ્રિકામાં વર્ષમાં છ લાખ શીલીંગનો વીમો ઇસ્માઈલીઓ બીજી કંપનીઓમાં આપે છે તે છ લાખમાંથી તમને બે લાખનો પણ ફાયદો થતો નથી; ચાર લાખ બહાર

જાય છે, તે તમારા પાકીટમાં રહે તો સારૂં છે.

જ્યુબીલી ઇન્શ્યુરન્સ કંપની એ આપણી ઇસ્માઈલી પ્રજાની જ કંપની છે જેથી દરેક ઇસ્માઈલીની ફરજ છે કે પોતાના વીમા તેમ જ વેપાર અંગેના દરેક જાતના વીમાનું કામકાજ આ આપણી પોતાની જ કંપનીને આપવું જોઈએ.... જો કદાચ બીજી કંપનીઓ કરતાં આપણી કંપનીનું પ્રીમીયમ વધારે હોય તો પણ દરેક ઇસમાઈલીની ફરજ છે કે આ આપણી પોતાની જ કંપનીને દરેક જાતનું કામકાજ આપીને ઉત્તેજન આપવું જોઈ એ.

જ્યુબીલી ઇન્શ્યુરન્સ કંપની જે મોટામાં મોટી સેવા બજાવી રહી છે તે જિંદગીના વિમામાં રોકાણ કરવાની બચત કરવાની ટેવ કેળવવાની છે.

લગ્ન વખતે દહેજ-કરીઆવરમાં ઘણા કપડા, દાગીના આપવામાં વધુ પડતો ફુઝુલ ખર્ચો કરવા કરતાં તેના બદલે ધી ડાયમન્ડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ લીમીટેડ અથવા તો કો-ઓપરેટીવ કે કોર્પોરેશનના શેરો ખરીદી આપવા ઘણા સારા છે; અથવા તો જ્યુબીલી ઇન્શ્યુરન્સ કું.માં વીમો ઉતરાવી આપવો એ ઇચ્છવા યોગ્ય છે. આ કરવાથી ભવિષ્યમાં ખરાબ વખતમાં આવા શેરો આશીર્વાદરૂપ થઈ પડશે.

આગથી બળી ગયેલા ઘરો માટે, અગર તે લોકોએ પુરતો વિમો ઉતારેલ નથી તો અમને તેઓ માટે હમદર્દી

નથી અને અગર તે લોકોએ જોઈતો વિમો ઉતરાવેલ નથી તો તેઓ પોતાની સામાન્ય અક્કલથી વિરૂદ્ધ ગયા છે જેથી આ સજા ભોગવવી પડી છે.

વિમો, એ જેમ ઘણા લોકોની માન્યતા છે તેમ જુગારનો પ્રકાર નથી. તે રાત્રીના સમયે લોખંડી તીજોરીને તેમાં રહેલી વસ્તુઓની હિફાઝત કરવા માટે તેને તાળું લગાડવા કરતા વિશેષ જુગાર તો નથી જ.

આ પ્રકારના કાર્યો એ લોકોને કેટલી જાતના ફાયદાઓ બક્ષ્યા છે, તે બાબતથી મુસ્લિમો કદાચ પુરતા વાકેફગાર નથી અને તે માટે એ જરૂરનું છે કે તે લોકોમાં વિમાનો પ્રચાર કરવા વધારે પ્રયાસો કરવા જોઈએ. વિમાના સિદ્ધાંતો ઈસ્લામના શિક્ષણથી કોઈપણ રીતે વિરૂદ્ધ જતા નથી તેથી મુસ્લિમોએ જિંદગી, આગ, માલ વગેરેના વિમા ઉતરાવવામાં જરા પણ અચકાવું નહીં. અમે પોતે અમારી જિંદગીનો વિમો ઉતરાવેલ છે અને આ અમારી વિમામાં રહેલી શ્રદ્ધાનો એક પુરાવો છે.

(ઇન્શ્યુરન્સ ન્યુઝ, નવેમ્બર, ૧૯૫૨).

## કો—ઓપરેટીવ સોસાયટી

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ.સ.)એ ફરમાવ્યું કે :

જ્યાં જ્યાં વધુ પ્રમાણમાં ઇસમાઈલીઓ હોય, ત્યાં ત્યાં કો-ઓપરેટીવ સોસાયટીઓ અને કોર્પોરેશનો બનાવી પ્રમાણિકપણે અને સત્યતાથી આગળ વધવું જોઈએ. જ્યાં થોડા માણસો હોય ત્યાં પણ પ્રાઈવેટ કંપનીઓ અથવા સીન્ડીકેટો ઊભી કરી, સંગઠીત રીતે ભેગા મળી કામ કરવું જોઈએ. આમ સંયુક્ત થઈ કામ કરશો તો જ તમે બીજાઓ સામે ટકી શકશો અને આ દેશમાં તમારી હસ્તી જાળવી શકશો. કોર્પોરેશનો અને કો-ઓપરેટીવ સોસાયટીઓ અમારા હુકમ અનુસાર સ્થાપન થવી જોઈએ અને તેના કાર્યકર્તાઓએ પ્રમાણિકપણે વફાદારીથી અને કોમ પ્રત્યેની ખરી ખંત અને ધગશ રાખી આવી સંસ્થાઓને આગળ વધારવી જોઈએ. જેઓ આવી સંસ્થાઓને વફાદારીથી સેવા અર્પશે, તેઓ અમને પણ વફાદાર છે, અને જેઓ તે પ્રત્યે બેવફા બનશે, તેઓ અમને પણ બેવફા થયા એમ અમે સમજીશું.

....કંપની કે સોસાયટીની કેપીટલ ગમે તેટલી મોટી હશે, તો પણ જો ડાયરેકટરો બિનવફાદાર નિવડશે અને નાણાનો ગેરઉપયોગ કરશે, તો કોમને ફાયદો થવાને બદલે ઘણુંજ નુકશાન સહન કરવું પડશે, જેથી આવી સોસાયટીના કાર્યકરો વફાદાર અને ઇમાનદાર નીમવાની ખાસ જરૂર છે. ખાનાવાદાન.

◈

દીનદારના નાણાં પોતાના પૈસા માફક સંભાળે, જાન માફક સંભાળવાની જરૂર છે.

◈

કો-ઓપરેટીવ સોસાયટીનો લાભ દરેકને સરખી રીતે મળવો જોઈએ. એવું ન થવું જોઈએ તે, એક મોટો થાય અને પોતાના સગાંવહાલાંઓને જ લાભ આપે. પક્ષાપક્ષીથી ફક્ત દોસ્ત - બિરાદરોને લાભ મળે એવું નહિ કરતા.

કોર્પોરેશન અને કો-ઓપરેટીવ સોસાયટીઓ સ્થાપવામાં મુખ્ય એ ઉદ્દેશ સમાયેલ છે કે, તેમાંથી આપણા દીનદારો બહુજ ઓછા વ્યાજે નાણા મેળવી શકે. નાણાં લેનારાઓએ તેનો પુરતો લાભ ઉઠાવવો જોઈએ, કે જેથી સોસાયટીઓને તેમજ લેનારાઓ બન્નેને લાભ હાંસલ થાય. નાણા લેનારાઓએ પોતાની ખાસ ફરજ સમજી સાવચેતીપૂર્વક નિયમિત રીતે હપ્તાઓ ભરવા જોઈએ. આમ થવાથી નાણાની ઘણાજ વધુ પ્રમાણમાં વારફેર અને ધીરધાર થઈ શકશે અને હાજતમંદો વિના વિલંબે નાણાં મેળવી શકશે, જેથી નાણા લેનારાઓએ પોતે ઉપાડેલ નાણાના હપ્તાઓ ભરવામાં કોઈ જાતની બેદરકારી બતાવી સંસ્થા અને બીજા હાજતમંદોને નુકશાન પહોંચે તેમ કરવું જોઈએ નહિ.

....સોસાયટીઓના શેરો લેવા એ કંઈ સખાવત નથી પણ વેપાર છે. નાણાવાળા માણસોને કદાચ આવી સોસાયટીઓની જરૂર ન હોય. પણ નાના વેપારીઓ માટે આવી સંસ્થા ઘણીજ જરૂરી અને ઉપયોગી ગણાય. પૈસાદાર માણસો પોતાનાં નાણાં આવી સોસાયટીઓમાં રોકશે, તો તેઓ

૩ થી ૪ ટકાનું વ્યાજ કદાચ મેળવી શકશે, પણ ભવિષ્યમાં તેઓની ઔલાદને તે નાણા અગર તો શેરો ઘણાજ ઉપયોગી થઇ પડશે.

....આવી સોસાયટીઓ જમાતોનો આત્મા છે. આવી કોર્પોરેશન અને કો-ઓપરેટીવે આફ્રિકામાં ઈસમાઈલીઓની જિંદગી બચાવી છે.

તમે ઘોડાને પાણીની નજીક લઇ જાઓ, અગર તો તેને નદી કે સરોવરની વચ્ચે લઇ જઇ પાણીમાં ડુબાડી પણ દીઓ, છતાં તે રાજીખુશીથી પાણી ન પીએ તો તમે તેને શું કરી શકો? તેથી કાંઇ પણ ફાયદો નથી. મતલબ કે તમે અરસપરસ ખંત, હિંમત, વિશ્વાસ અને પ્રમાણિકપણે એકબીજાનો લાભ લઈ જમાતને અને પોતાને ફાયદો નહિ પહોંચાડો તો, આ ઘોડાની માફક બધું નકામુ છે અને અમારી રાત-દિવસની જહેમત અને ચિંતા બરબાદ જશે, માટે આવી સંસ્થાઓનો નિતિ અને ઈમાનદારીથી પ્રમાણિકપણે પુરેપુરો લાભ ઉઠાવજો. જેમ કે એક કાગળનો ટુકડો હોય તો તે ટુકડાને સહેલાઈથી અને જલ્દીથી ફાડી શકાય છે. પણ જો તેવા એકસો કાગળ સાથે હોય તો તેને ગમે તેવો જોરાવર માણુસ ફાડી શકશે નહિ; તેવી જ રીતે એક માણુસ બીજા માણુસને નુકશાન પહોંચાડી શકે, પણ જો ઘણા માણુસો સાથે હોય તો કોઈની તાકાત નથી કે તેઓને નુકશાન પહોંચાડી શકે. ખાનાવાદાન.

તમારા વાસ્તે એ ઘણું જરૂરી છે કે, તમે કો-ઓપરેટીવ સોસાયટીઓ બનાવો, આવી સોસાયટીઓ એકબીજામાં મળીને બનાવો અને તેમાં ખારાઘર, બગીચા રણછોડલાઈન, લાસી, મલીર, કલરી વગેરે જમાતોનો ભેદ-ભાવ ન રાખવો જોઇએ; બલ્કે અમારો ખ્યાલ એ છે કે, તમો જ્યાં પણ હો ત્યાં પોતામાં સંપસલાહ કરી, મળીને કામ કરો. ઉપરના સ્થળોએ વસતા દરેક ભાઈઓ પોતાના ધંધાની બુનિયાદ પ્રમાણે આપસમાં મળી કો-ઓપરેટીવ સોસાયટીઓ બનાવી શકે છે. આ બાબત ઉપર ભારપુર્વક ફરમાન કરીએ છીએ કારણ કે એમાંથી તમોને ઘણોજ ફાયદો થશે.

◈

આજકાલના જમાનામાં આવી બાબતમાં વિલંબ કરવો એ અક્કલમંદીની વસ્તુ નથી. આવા કામમાં બે વરસનો વિલંબ કરવાની શું જરૂર છે? આવા કામથી તમારી દુન્યવી હાલત સુધરવાની ઉમેદ છે અને ઈન્સાઅલ્લાહ અમે દુઆ કરીએ છીએ કે તમારી માલી હાલત આ વસ્તુથી ઘણી જ સુધરશે.

◈

તમે મોટા દિલથી પ્લેટીનમ જ્યુબિલીમાં ફાળો નોંધાવ્યો છે. બે વરસ પછી તેના ઉપર અમલ કરવાનું તમે કહો છો તેનું શું કારણ છે? અમે તો એમ કહીએ કે પ્લેટીનમ જ્યુબિલી આજેજ છે. જમાતના ફાયદા વાસ્તે

એક એક પળ જ્યુબિલી છે. જમાતની ખિદમતનો તમારો ખ્યાલ છે તો અત્યારે પણ તમો આ કામ શરૂ કરી શકો છો.

કરાંચી, ૨-૨-૧૯૫૨

◈

પ્લેટીનમ જ્યુબિલીમાં ધામધુમ માટે ખર્ચ કરવા બાબત અમે બહુજ નારાજ છીએ. ખર્ચ કરવાની મર્યાદા અમે ચાર ટકા રાખી છે. માત્ર અમને વજન કરવામાં શું ફાયદો? અમને એ ખબર છે કે ઘણા ઈસમાઈલીઓ છે જેઓના પૈસા બેંકમાં હરામ પડેલા છે, તેનો ફાયદો તેઓને મળતો નથી, પરંતુ બીજાઓ તે ખાય છે અને તે વાતનો તમે ખ્યાલ પણ કરતા નથી તો શું ફાયદો? પ્લેટીનમ જ્યુબિલી તો ફક્ત નામજ છે પરંતુ તેમાં કામ -ઉન્નતિ-તમારું પોતાનું જ છે. દુનિયાને દેખાડવાની અમને કાંઈ જરૂર નથી પણ તે તમારા ફાયદા માટે કરીએ છીએ.

જે લોકોએ ફાળો લખાવ્યો હોય તે લોકો પાસેથી તાત્કાલિક નાણા વસુલ કરો અને તેઓને કહો કે અત્યારે નાણાની જરૂર છે. બે વરસ રોકવાથી શું ફાયદો?

અમને દુનિયાને દેખાડવાની શું જરૂરત છે, આ બધું તમારા ફાયદા માટે છે.

આફ્રિકાવાળાઓએ ડાયમંડ જ્યુબિલીના ભંડોળમાંથી

ટ્રસ્ટ બનાવ્યું તો તેઓ અત્યારે કેટલો જબરદસ્ત ફાયદો ઉઠાવી રહ્યા છે. આ કાર્ય ઘણું જલ્દી થવું જોઈએ.

ઢાકા, ૧૭-૨-૧૯૫૨

## રાજ્ય પ્રત્યે વફાદારી

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું :

તમો ઈસ્માઈલીઓ ઘણી જ સારી રીતે જાણો છો કે તમારા મઝહબના એ પાયાનો નિયમ છે કે તમો જ્યાં પણ હો અને જે પણ દેશમાં તમારી જિંદગી અને આબરૂનું રક્ષણ થતું હોય તે દેશને તમારી સંપૂર્ણ વફાદારી આપવી જોઈએ અને તેની આબાદી માટેના સેવા કાર્યમાં ખંતપૂર્વક લાગી જવું જોઈએ.

તમોને કે જેને પાકિસ્તાનના વતની હોવાનું સાન મળ્યું છે, અમો આ સલાહ આપીએ છીએ કે : તમારા શહેરીપણાનો અર્થ નિષ્ક્રીયતાના રૂપમાં નહિ તારવતા, પરંતુ દેશભક્તિ અને વફાદારી ક્રિયાશીલ તેમજ સર્જનાત્મક હોવી જોઈએ. અમારૂં સંપુર્ણપણે માનવું છે કે વસ્તીની ગંજાવર બહુમતીને પોતાના ભરણ-પોષણ માટેના ખર્ચના સાધનોની તલાશમાં અને પોતાના બાળકોના ઉછેરના કાર્ય પાછળ

રહેવું પડે છે. પરંતુ ખૂબ જહેમતપુર્વક જો કાર્ય બજાવવામાં આવે તો તે અલ્લાહુતઆલાની અને પિતૃભુમિની સેવા છે.

તમારો રોજિંદો શ્રમ ગમે તેવો મુશ્કેલ અને સખત હોય છતાં તેને મહોબ્બતનો શ્રમ બનાવો. યાદ રાખો કે લોકશાહી તંત્રમાં મતદાન અને શહેરી હક્કો ગમે તેવા નમ્ર હોય છતાં સંભાળ અને ધ્યાનપુર્વક અને ગંભીરપણે વિચારીને તેનો ઉપયોગ કરવો જોઈએ અને તમારી શક્તિ મુજબ એવું સમજીને કે તેની પાછળ તમારા કોઈ અંગત, વર્ગવાદી કે પ્રાંતવાદી હિતો સમાયેલા નથી બલ્કે તેથી સમગ્ર રીતે આખી પ્રજાનું હિત અને દેશની સલામતી સચવાય. જો કોઈ એક રાષ્ટ્રના લોકો સંગઠીત અને આપભોગની ભાવના ધરાવનારા હોય તો ગમે તેવી જબરી મુશ્કેલીઓ અને મોટી કમનસીબીઓ ઉપર તેઓ ફતેહ મેળવી શકે છે. આપણે જોયું છે કે એકસો વરસની મુસીબતો અને આફતો વેઠયા પછી પણ તુર્કી કેવી રીતે હંમેશ કરતાં વધારે બળવાન બનીને બહાર આવેલ છે. બીજા પણ બે દેશોનો દાખલો લેવા જેવો છે અને મુશ્કેલીઓનો સામનો કરવામાં કોઈને પણ નિરૂત્સાહી ન બનવું જોઈએ જર્મની અને જાપાને ઇતિહાસમાં જાણીતી થયેલી સૌથી જબરી હાર ખાધા પછી પણ સખત કાર્ય અને ખંતથી સભ્ય રાષ્ટ્રોમાં પોતાને બળવાન, ધનવંત તેમજ પ્રતિષ્ઠિત સભ્યો તરીકે

સ્થાપિત કરેલ છે.

પાકિસ્તાનમાં વસતો દરેક ઈસમાઈલી કે જેનો ફાળો ગમે તેટલો નમ્ર હોય છતાં તેનો પોતાના શહેરીપણાનો અર્થ હિમ્મત અને ખંતના જુસ્સાથી કરે તો બેશક અમોને એ જાણીને ખુશી થશે કે ઘણા વર્ષોના સર્જિકલ ઓપરેશનો અને બિમારીઓ ભોગવ્યા પછી પણ અમો તમોને આ પિતાતુલ્ય સલાહ આપવા હજી સુધી હયાત છીએ.

મઝહબી દ્રષ્ટિબિંદુ પ્રમાણે જો કે તમારે તમારા ધાર્મિક સિદ્ધાંતોને મક્કમપણે વળગી મુસ્લિમ દુઆઓમાં આ એક દુઆ હંમેશાં સૌથી વધારે સુંદર જણાઈ છે અને તે એ છે કે:

સર્વશક્તિમાન અલ્લાહ પોતાની અનંત કૃપા વડે સઘળા મુસ્લિમોના ગુનાહ માફ કરે.

કરાંચી, ૩-૨-૧૯૫૪

પ્લેટીનમ જયુબિલ ઈરશાદમાંથી ઉતારો)

## ૮૦માં જન્મદિનના શુભ સંદેશાઓ

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.)એ ફરમાવ્યું:

(૧) જુદે જુદે સમયે નવી નવી મુશ્કેલીઓ પેદા થાય છે, અને અમોએ તમો અમારા વ્હાલા રૂહાની બચ્ચાઓ માટે લાંબુ જીવન અર્પણ કર્યા પછી અમારી ૮૦મી સાલગ્રેહના અવસરે અમો તમોને યાદ અપાવીએ છીએ કે જિંદગી એક હંમેશ માટેની લડત છે અને તેથી તમારામાં સઘળા કોયડાઓનો સામનો કરવા માટેની શક્તિ હોવી જ જોઇએ.

આમ છતાં તમારે કદીયે એ ભુલવું ન જોઇએ કે અગર દુન્યવી હાલત બદલાય છે તો પણ રૂહાની હાલત માત્ર આ જિંદગી પુરતી મર્યાદિત નથી. અને તેથી રૂહાની પ્રગતિમાં સરસાઈ પ્રાપ્ત કરવાનું વધારે જરૂરી છે. અંતે તમોને જણાશે કે એ આખેરત માટેનું તમારૂં કાર્ય જ છે કે જે તમારા દુન્યવી કાર્યોમાં તમોને મદદરૂપ થશે.

૧૮–૧૦–૧૯૫૬

(૨) અમો પરવરદિગારના શુક્રાના અદા કરીએ છીએ કે જેણે અમારી ૮૦મી સાલગ્રેહના અવસરે અમોને તમારી સાથે હોવા જેટલું લાંબુ આયુષ્ય ભોગવવાની શક્તિ આપી છે. જો કે દુન્યવી દ્રષ્ટિએ તમો અમારાથી ઘણા દૂર છો પરંતુ રૂહાની રીતે અને મહોબ્બત થકી તમો ખાસ કરીને આજના અવસરે અમારા વિચારો અને દિલની ઘણા જ નજીક છો. જેઓએ પોતાના ઈમામની ખિદમત કરી છે અને જમાત સાટે પોતાના સમયનો ભોગ આપેલ છે તે

સઘળાઓને ટાઇટલોની નવાજીશ કરતાં અમોને આનંદ થાય છે અને કોઈપણ સાચા રૂહાની ફરઝંદને એવું ન લાગવું જોઈએ કે તેને પડતો મુકવામાં આવ્યો છે. તેઓને અમો અતિશય પ્યારભર્યા ઉત્તમ દુઆ આશિષોની નવાજીશ કરીએ છીએ અને એજ સાચા રૂહાની ટાઈટલો છે કે જેના માટે તેઓએ ખરેખર ઝંખના રાખવી જોઇએ.

અમોએ અમારી આખી જિંદગી તમારા માટે અર્પણ કરેલ છે અને અમોએ ઘણીવાર તમોને કહેલું છે તે આ અવસરે ફરીથી કહીએ છીએ કે સઘળાઓની ઉન્નતિ અને ભલાઈ માટે ભાઇચારાથી સંગઠીત રીતે તમોને કાર્ય કરતાં જોઇને અમોને એટલોબધો આનંદ થાય છે કે તેટલો આનંદ અમોને બીજી કોઈપણ વસ્તુ આપી શકતી નથી. આ ઉપરાંત બીજી સઘળી કોમો સાથે પણ અંતઃકરણપૂર્વકનો સહકાર કરો અને ઇસ્લામના રૂહાની સંગઠન દ્વારા એક બીજાની મુશ્કેલીઓની સારી રીતે જાણવાની કોશીશ કરો.

◆

ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના સિદ્ધાંતોને અમલમાં મુકો અને અમોને આશા છે કે ૧૯૬૦ની આખરી સુધીમાં તમારા પ્રયાસોના પરિણામો જોઇને અમોને ઘણો આનંદ થશે. જ્યારે તમારી પાસે લાંબી અથવા ટુંકી મુદ્દત સારૂ બેંકોમાં રાખવા માટેના નાણા હોય તો પ્રથમ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટમાં જાઓ અને તમો બેંકો પાસેથી ફિકસ ડીપોઝીટો દ્વારા જે સગવડ

મેળવી શકશો. તેના કરતાં તેઓ તમોને ઘણું કરીને વધારે સહેલી શરતો કરી આપશે.

૨૦-૧૦-૧૯૫૬

(૩) અમારા અતિશય હેતવંતા પ્યારા રૂહાની બચ્ચાઓ કે જેઓ અમારી આઠ વર્ષની વયથી લઇને દુષ્ટ ખ્યાલોની સઘળી લલચામણીઓનો સામનો કરીને, પોતાના રૂહાની પિતા અને માતાની પડખે વફાદારીપુર્વક ઊભા રહ્યા છે તેઓ સઘળાઓને, અમો અમારી ૮૦મી સાલગ્રેહના અવસરે, અમારા માતા પિતા તરીકેના અતિશય પ્યારભર્યાં દુઆ-આશિષોની નવાજીશ કરવા ઇચ્છીએ છીએ. અમારૂં અંતઃકરણ અને આત્મા તમો સઘળાઓની સાથે છે અને તમારા મા-બાપો અને વડવાઓની પણ સાથે જોડાયા છે પરંતુ આટલા લાંબા વરસો સુધી અમારી સહાય અને ખિદમતમાં રહ્યા હતા.

પેરીસ, ૧-૧૧-૧૯૫૬

**સમાપ્ત**

ફકત ઈમામી ઈસમાઈલીઓ માટે

સર્વ હક્ક સ્વાધીન
આવૃતિ પહેલી
પ્રત ૭૦૦૦

★

વિષયવાર તારવણી કરનાર :
અલવાઈઝ રાઈ- કાસમઅલી
મુહમ્મદ જાફર

સહાયક :
હુ. મુ. અબ્દુલમુહમ્મદ અબ્દુલ્લાહ
ગીલાણી

★

પ્રકાશક :
ઇસમાઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડીયા
વતી ઓન. સેક્રેટરી
આ. અબ્દુલમહમદ જે. મસ્કતવાલા
કરીમઆબાદ, ઇમામવાડા રોડ,
મુંબઇ ૪૦૦ ૦૦૯.

★

મુદ્રક :
ઈસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસ,
રાયદા માર્ગ,
મુંબઇ ૪૦૦ ૦૦૯.

હદિયો ૨-૦૦ પૈસા